અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ નવેમ્બર ૨૦૨૩, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ દશમ | અંક : ૧૦૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### દેશના અનેક રાજ્યોમાં પ્રદૂષણના સ્તરમાં ભારે વધારો

# ફટાકડા પરનો પ્રતિબંધ દિલ્હી પુરતો મર્યાદિત નથી, સમગ્ર દેશ માટે પણ છે : સુપ્રીમ કોર્ટ

**રાજ્યોમાં પ્રદૂષણ છે, તેનો સ્થાનિક સ્તરે નિકાલનું આયોજન કરવા રાજ્ય સરકારોને જરુરી પગલા ભરવા સુપ્રીમ કોર્ટનો આદેશ**

। નવી દિલ્હી,તા.૭ ।

રાજધાની દિલ્હી સહિતના રાજ્યોમાં પ્રદૂષણમાં સતત વધારો થઈ રહ્યો છે. દિલ્હીમાં પ્રદૂષણ ને ડામવા સરકાર પણ નીત-નવા નિયમોનો અમલ કરાવી રહી છે. ઉપરાંત દેશમાં દિવાળી ટાણે ફટાકડાનું ધમધોકાર વેચાણ થઈ રહ્યું છે અને તેના કારણે પ્રદૂષણમાં પણ વધારો થવાનો છે, ત્યારે ફટાકડા મામલે સુપ્રીમ કોર્ટે પણ કડક વલણ અપનાવ્યું છે. ફટાકડા પર પ્રતિબંધ લાદવાના કેસમાં સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમે અગાઉ આપેલો આદેશ માત્ર દિલ્હી પૂરતો નથી. અમારો આદેશ આખા દેશમાં ફટાકડા પર પ્રતિબંધ લાદવાનો હતો. તેમણે કહ્યું કે, અમે અમારા જુના આદેશમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધનો મામલો સ્થાનિક સરકારો પર છોડ્યો હતો, પરંતુ હોસ્પિટલ જેવી આરોગ્ય સેવાઓ, સંવેદનશીલ સ્થળો પર ફટાકડા ન ફોડવા તેમજ ફટાકડા ફોડવા માટેનો સમય મર્યાદા નક્કી કરવા માટે કહ્યું હતું. એનસીઆરમાં આવતા રાજસ્થાનના વિસ્તારોમાં દિલ્હી-એનસીઆરના નિયમો લાગુ થશે, એટલે કે ફટાકડા પર પ્રતિબંધ રહેશે. સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆર સહિત દેશભરના અન્ય શહેરોમાં વધતા પ્રદૂષણ કેસની સુનાવણી કરી રહ્યા હતા, ત્યારે ઉપરોક્ત ટિપ્પણી કરી હતી. પંજાબમાં પરાળ સળગાવવા તેમજ દેશના અન્ય રાજ્યોમાં અન્ય કારણોસર વધતા પ્રદૂષણને ધ્યાને રાખી કોર્ટે કહ્યું કે, પ્રદૂષણ રોકવાનું કામ માત્ર કોર્ટનું નથી, આ તમામની જવાબદારી છે, ખાસ કરીને સરકારની સૌથી મોટી જવાબદારી છે.



### એનસીઆરમાં આવતા રાજસ્થાનના વિસ્તારોમાં દિલ્હી-એનસીઆરના નિયમો લાગુ થશે

**સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં વધતા પ્રદૂષણને ધ્યાને રાખી કહ્યું કે, સરકાર પરાળી સળગાવવાની ઘટનાઓને રોકે, તેઓ કેવી રીતે રોકે છે, તે અમે જાણતા નથી, પરંતુ પંજાબ સરકાર પરાળી સળગાવતા રોકે. કોર્ટે વધુમાં કહ્યું કે, તમે હંમેશા રાજકીય લડાઈ લડતા રહો, તેવું દર વખતે ન હોઈ શકે. સુપ્રીમ કોર્ટે રાજસ્થાન અને અન્ય રાજ્ય સરકારોને પણ અગાઉના આદેશનો અમલ કરવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમારો આદેશ માત્ર એક રાજ્ય અથવા દિલ્હી-એનસીઆર પુરતો સિમીત નથી, આ દેશભરમાં લાગુ છે. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારોની પણ આકરી ઝાટકણી કાઢતા કહ્યું કે, જે રાજ્યોમાં પ્રદૂષણ છે, તેનો સ્થાનિક સ્તરે નિકાલનું આયોજન કરવા રાજ્ય સરકારોને જરુરી પગલા ભરે. પ્રદૂષણનો નિકાલ કરવાનો માત્ર રાજ્ય સરકારોની જવાબદારી નથી.**

## ન્યૂઝ બ્રિફ



### આઈસીસીએ ઓક્ટોબર પ્લેયર ઓફ ધ મન્થ માટે બુમરાહને નોમિનેટ કર્યો

। દુબઈ,તા.૭ ।

ભારતીય ક્રિકેટ ટીમનું વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં વર્ચસ્વ જોવા મળ્યું છે. ભારતે અત્યાર સુધી તેની તમામ ૮ મેચ જીતી છે અને તે પોઈન્ટ્સ ટેબલ પર પ્રથમ સ્થાને છે. આ સાથે જ ભારત સેમિફાઈનલ માટે ક્વાલિફાઈ કરી ગયું છે. આ દરમિયાન ભારતીય ખેલાડીઓને આઈસીસીએ એક સારા સમાચાર આપ્યા છે. ભારતીય ટીમના એક ખેલાડીને વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં તેના સારા પ્રદર્શન માટે ઈનામ આપવામાં આવશે. આઈસીસીએ ઓક્ટોબર માટે પ્લેયર ઓફ ધ મન્થ માટે ત્રણ ખેલાડીઓના નામ નોમિનેટ કર્યા છે.

### ભારતના ઈન્ટરનેશનલ સોલર એલાયન્સમાં હવે ચિલી પણ જોડાઈ ગયું

। નવી દિલ્હી, તા.૭ ।

ભારતના ઈન્ટરનેશનલ સોલર એલાયન્સમાં હવે ચિલી પણ જોડાઈ ગયું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ સોશ્યલ મીડિયા પર આ વાતની જાણકારી આપી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ એક્સ (અગાઉનું ટ્વિટર) પર જણાવ્યું હતું કે આજે તેમણે ચિલીના રાજદૂત જુઆન એંગ્યુલો અને વિદેશ મંત્રાલયના સંયુક્ત સચિવ અભિષેક સિંહ સાથે મુલાકાત કરી હતી.

### દિલ્હી-એનસીઆરમાં ૫.૬નીતીવ્રતાના આંચકાથી લોકોમાં ભારે ગભરાટ

। નવી દિલ્હી, તા.૭ ।

દિલ્હી અને એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ભૂકંપના આંચકા આવ્યા છે. દિલ્હી-એનસીઆરમાં તેની તીવ્રતા ૫.૬ની માપવામાં આવી હતી. આ ઉપરાંત હરિયાણા, પંજાબ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ અને બિહારમાં પણ ભૂકંપના આંચકા લાગ્યા હતા. દિલ્હી, એનસીઆર સહિત ઉત્તર ભારતના મોટાભાગમાં ત્રણ દિવસમાં બીજીવાર ભૂકંપના આંચકા લાગ્યા હતા.

**બિહારમાં જાતિ-જન-ગણના પર હજુ પણ રાજકારણ**

## બિહારમાં જાતિ-જન-ગણનામાં ભારે ગરબડ થઈ : અમિત શાહ

**બિહારના ઉપ મુખ્યમંત્રી અને લાલુપ્રસાદ યાદવના પુત્ર તેજસ્વી યાદવ અમિત શાહના નિવેદન પર ભડકી ઉઠયા**

। મુઝફ્ફરનગર,તા.૭ ।

બિહારમાં જાતિ-જન-ગણના પર હજીએ રાજકારણ ખેલાઈ રહ્યું છે. રવિવારે સાંજે મુઝફ્ફરનગર જિલ્લામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જાતિ-જન-ગણનામાં ભારે ગડબડ થઈ હોવાની વાત કરી, અને નીતીશકુમાર સરકાર પર હુમલો કર્યો. તેઓએ કહ્યું કે તેઓ લાલુપ્રસાદ યાદવનાં દબાણમાં ઝુકી જઈ તુષ્ટીકરણ તરફ વળી રહ્યાં છે. આ અંગે બિહારના ઉપ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે ઉગ્ર પ્રતિભાવો આપ્યા હતા. વાસ્તવમાં અમિત શાહે કહ્યું હતું કે બિહારમાં જાતિ-જન-ગણનામાં જાણી જોઈને મુસ્લીમો અને યાદવોની વસ્તી વધારે દેખાડવાનો પ્રયત્ન કરાયો છે. આ સાથે તે રેલીમાં કરેલા સંબોધનમાં કહ્યું હતું કે નીતીશકુમાર પોતાના સાથી લાલુપ્રસાદના દબાણમાં આવી ઝૂકી ગયા હતા. લાલુપ્રસાદ યાદવની પાર્ટી રાષ્ટ્રીય જનતા દળ મુખ્યતઃ મુસ્લીમ મતદાતાઓ પર જ વિશ્વાસ રાખે છે. બિહારના ઉપ મુખ્યમંત્રી અને લાલુપ્રસાદ યાદવના પુત્ર તેજસ્વી યાદવ તેથી ભડકી ઉઠયા.



### ભાજપ શાસિત રાજ્યોમાં ભાજપ જાતિગત ગણના શું કામ નથી કરાવતી ?

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આક્ષેપ કર્યો હતો કે મુસ્લીમ અને યાદવ સમુદાયની વસ્તીને વધારે દર્શાવી અતિ પછાત અને પછાત વર્ગો સાથે અન્યાય કરવાનું કામ કર્યું છે. આ સર્વેક્ષણ (બિહારનું સર્વેક્ષણ) એક છેતરપિંડી જ છે. એક સમયે અમે તેઓને (નીતીશને) સમર્થન પણ આપ્યું હતું ત્યારે અમોને ખ્યાલ ન હતો કે લાલુજીના દબાણમાં આવીને યાદવ અને મુસ્લીમોની સંખ્યા વધુ પડતી દર્શાવી પછાત વર્ગો સાથે અન્યાય કરવાનું કામ કરાશે.**

**ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લાં ૩૦ દિવસથી ઘમસાણ**

## ઈઝરાયેલ-હમાસ યુધ્ધનો મૃત્યુ આંક ૧૧ હજારને વટાવી ગયો

। જેરૂસલેમ, તા.૭ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે છેલ્લાં ૩૦ દિવસથી ઘમસાણ યુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે. એક મહિનાના યુદ્ધમાં ગાઝાના ઘણા વિસ્તારો ખંડેર બન્યા છે.



આ યુદ્ધમાં મૃત્યુઆંક ૧૧ હજારને વટાવી ગયો છે. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલના હુમલામાં અત્યાર સુધીમાં ૧૦,૦૨૨ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. તેમાં ૪૧૦૦ થી વધુ બાળકો છે. સંયુક્ત રાષ્ટ્રએ ટિપ્પણી કરી કે ગાઝા બાળકો માટે કબ્રસ્તાન બની રહ્યું છે. તે જ સમયે, હમાસના હુમલામાં ૧,૪૦૦ થી વધુ ઈઝરાયેલ લોકોએ જીવ ગુમાવ્યો છે. ઉપરાંત આ યુદ્ધના કારણે અત્યાર સુધીમાં ૧૫ લાખ લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે. સંયુક્ત રાષ્ટ્રએ ટિપ્પણી કરી કે ગાઝા બાળકો માટે કબ્રસ્તાન બની રહ્યું છે.

**ભારતીય અર્થતંત્ર માટે સારા સમાચાર**

## ભારતનો જીડીપી વિશ્વની ટોપ-૧૦ અર્થવ્યવસ્થામાં સૌથી વધુ રહેવાનું અનુમાન

। નવી દિલ્હી, તા.૭ ।

ભારત દુનિયાની સૌથી ઝડપી આગળ વધતી અર્થવ્યવસ્થા છે અને આ ઈકોનોમિક ઝડપ યથાવત રહેવાનું અનુમાન છે. આ પ્રકારનું નિવેદન તમામ રેટિંગ એજન્સી દ્વારા આપવામાં આવી રહ્યું છે. માટે જ આ કારણના લીધે વર્લ્ડ બેંક અને આઈએમએફદ્વારા પણ ભારતની અર્થવ્યવસ્થાના ગ્રાફમાં વૃદ્ધિનું અનુમાન લાગવામાં આવ્યું છે. જે ભારત માટે એક સારા સમાચાર છે. તાજેતરમાં ફિચ રેટિંગ્સએજન્સી દ્વારા પણ ભારતની અર્થવ્યવસ્થાના સંદર્ભમાં એક રીપોર્ટ બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં




ભારતના ગ્રોથ રેટને ૦.૭ ટકા વધારીને ૬.૨ ટકા અંદાજવામાં આવ્યો છે.

આ સિવાય આ રેટિંગ એજન્સીએ ચીનને એક મોટો ઝટકો આપ્યો છે, જેમાં તેના ગ્રોથ રેટમાં મોટા પ્રમાણમાં ઘટાડાનું અંદાજ છે.ફિચ રેટિંગએજન્સી આ પહેલા ભારતના ગ્રોથ રેટ ૫.૫ ટકા અંદાજ્યો હતો. જેમાં ૦.૭ ટકાનો વધારો કરી ૬.૨ ટકાનો અંદાજ રાખવામાં આવ્યો છે.

**કેન્દ્ર સરકાર દ્વારા સ્કીમો માટે ફંડ ન જારી કરવા મુદ્દે પ્રહાર**

## મારા નામ પર કોઈ સ્ટેડિયમ નથી, મને પ્રચારની જરૂર નથી : મમતા

**મમતા બેનર્જીએ કોઈનું નામ ન લીધું પરંતુ માનવામાં આવી રહ્યું છે કે, તેમણે પીએમ નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો**

। કોલકાતા,તા.૭ ।

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કેન્દ્ર સરકાર દ્વારા અનેક સ્કીમો માટે ફંડ ન જારી કરવા મુદે ફરી એક વખત પ્રહાર કર્યો છે. તેમણે ભવાનીપુરમાં એક જનસભાને સંબોધિત કરતા કહ્યું કે, મને કોઈ પબ્લિસિટીની જરૂર નથી. મમતા બેનર્જીએ કહ્યું કે, મારા નામ પર કોઈ સ્ટેડિયમ કે રોડ નથી. મમતા બેનર્જીએ કોઈનું નામ ન લીધું પરંતુ માનવામાં આવી રહ્યું છે કે, તેમણે પીએમ નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો છે.



તેમણે કહ્યું કે, ગરીબ લોકોને ૧૦૦ દિવસનાકામ બાદ પણ પેમેન્ટ નથી મળી રહ્યું. સીએમએ કહ્યું કે, અમને મનરેગા માટે ફંડ નથી મળી રહ્યું. પીએમ આવાસ અને સડક યોજના માટે પણ કેન્દ્ર સરકાર તરફથી ફંડ અટકેલુ છે. દુર્ગા પૂજાના એક આયોજનમાં તેમણે કહ્યું કે, અમે સદ્ભાવ અને ધાર્મિક એકતાનો સંદેશ આપી રહ્યા છે. અમે વિભાજનકારી રાજનીતિ નથી કરતા. અહીં કોઈ સાથે પણ ધર્મના આધાર પર ભેદભાવ નથી થતો અને બધાને સાથે લઈને ચાલીએ છીએ.

## સેન્સેક્સમાં ૧૬ અને નિફ્ટીમાં ૫ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

। મુંબઈ,તા.૭ ।

સતત ત્રણ દિવસ સુધી શેર બજારમાં ઉછાળો આવ્યા બાદ આજે માર્કેટમાં સુસ્ત કારોબાર રહ્યાં હતા, આજે ચોથા દિવસે શેરબજાર થોડી ધીમી ચાલ જોવા મળી હતી, બન્ને મોટા ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી મિશ્ર કારોબાર સાથે ખુલ્યા હતા, અને બંધ પણ નીચા લેવલ પર થયા હતા. કારોબારી દિવસના અંતે શેર બજારમાં બીએસઈ ઈન્ડેક્સ સેન્સેક્સ ૦.૦૩ ટકાના ઘટાડા સાથે ૧૬.૨૯ પોઈન્ટ ડાઉન રહ્યો અને ૬૪,૯૪૨.૪૦ના સ્તરે બંધ રહ્યો હતો.

## ભારત દ્વારા જમીનથી જમીન પર પ્રહાર કરતી બેલેસ્ટિક મિસાઈલ પ્રલયનું સફળ પરીક્ષણ

। નવી દિલ્હી,તા.૭ ।

ભારતે આજે જમીનથી જમીન પર પ્રહાર કરતી બેલેસ્ટિક મિસાઈલ પ્રલયનું સફળ પરીક્ષણ કરી લીધુ છે. રક્ષા અધિકારીઓએ જણાવ્યું કે, આ પરીક્ષણ ઓડિશા તટ પર અબ્દુલ કલામ દ્વીપ પરથી કરવામાં આવ્યુ છે. આ પ્રલય મિસાઈલ ડીઆરડીઓદ્વારા વિકસિત કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું કે, આ પરીક્ષણ સવારે ૯:૫૦ વાગ્યે કરવામાં આવ્યુ અને તેણે તેના તમામ ઉદ્દેશ્યો પૂરા કરી લીધા છે. ટ્રેકિંગ ઉપકરણોથી મિસાઈલની ટ્રેજેક્ટરીનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.



ન્યૂઝ બ્રિફ

## દિલ્હીની કંપનીએ ગ્રાહકને નકલી ફેસવોશ પધરાવી દીધુ

। રાજકોટ, તા.૭ ।

રાજ્યમાં આજકાલ નકલી ચીજવસ્તુઓની ભરમાર હોય તેવુ ચિત્ર સામે આવી રહ્યુ છે. નકલી માવો, નકલી ઘી, નકલી દવા, નકલી જંતુનાશક દવા, નકલી ઈનો સહિત ચારેબાજુ જાણે નકલી ચીજવસ્તુઓની ભરમાર જોવા મળી રહી છે. આ ભેળસેળિયા તત્વોને સરકારનો જરાય ડર ન રહ્યો હોય તેમ ખુલ્લેઆમ મિલાવટ થઈ રહી છે. આ સિલસિલો અહીં જ નથી અટક્તો ઓનલાઈન ખરીદીમાં નકલી વસ્તુ પધરાવી દેવામાં આવતી હોય છે. જે લોકો આજકાલ ઓનલાઈન ખરીદી કરી રહ્યા છે. તેમણે ચેતવાની જરૂર છે કારણ કે રાજકોટની એક ફાર્મા કંપની દ્વારા તૈયાર કરવામાં આવતા ફેસવોશના કોપીરાઈટની ચોરી કરીને દિલ્હીની એક કંપની દ્વારા છેતરપિંડી કરવામાં આવતી હોવાની ફરિયાદ રાજકોટના માલવિયા નગર પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે.

રાજકોટના રૈયારોડ વિસ્તારમાં રહેતા અને યુ.બી.સોલ્યુસન્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની ધરાવતા અજય વંજાણીએ આ ફરિયાદ નોંધાવી છે. જેમાં ઉલ્લેખ કરાયો છે કે કાલાવડ રોડ પર આવેલ યુ.બી.સોલ્યુસન્સ પ્રા.લી.માં તેઓ એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર છે. તેઓની કંપની કોસ્મેટીકની અલગ અલગ પ્રોડક્ટ ધરાવે છે. જેની ૧૮ દેશોમાં સપ્લાય થઈ રહી છે. વર્ષ ૨૦૧૨માં કંપની દ્વારા એથિગ્લો નામનું ફેસવોશ લોન્ચ કરવામાં આવ્યું છે અને આ ફેસવોશ અલગ અલગ મેડિકલ સ્ટોરમાં અને ઓનલાઈન ઉપલબ્ધ છે. જો કે ગત ૧૪ ઓગસ્ટના રોજ બિહારથી એક ગ્રાહકનો કસ્ટમર કેરમાં ફોન આવ્યો હતો કે હું આપની કંપનીનું ફેસવોશ વર્ષોથી ઉપયોગ કરૂ છું પરંતુ આ વખતે તેની ક્વોલીટી અલગ પ્રકારની હતી. આ ગ્રાહકે આ પ્રોડક્ટ ફ્લિપકાર્ટ દ્વારા ઓનલાઈન ખરીદી કરી હતી. જેના આધારે કંપની દ્વારા તપાસ કરતા આ પ્રોડક્ટની રિસિપ્ટ અને ફોટો મંગાવતા તેમાં એંથિગ્લો ફેસવોશ લખેલું હતું.

### દુકાનદારોમાં દુખનો માહોલ

# દિવાળી પહેલા જ ધ્રાંગધ્રાની ૧૦થી વધુ દુકોનોમાં લાગી આગ

### આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે આ આગ શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યુ છે

। સુરેન્દ્રનગર, તા.૭ ।

દિવાળી પહેલા જ ધ્રાંગધ્રાની ૧૦થી વધુ દુકાનોમાં ભીષણ આગ લાગી છે. દુકાનોમાં લાગેલી આગને કારણે બાજુમાં આવેલી બ્લડ બેંક તેમજ લેબોરેટરીમાં પણ આગ ભભૂકી ઉઠી છે. હાલ ફાયર ફાઈટરોની ટીમ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. આ ભીષણ આગને કારણે સ્થાનિકોમાં અફરાતફરીનો માહોલ છવાયો છે.

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા શહેરમાં વેદાંત કોમ્પલેક્ષમાં સવારે ભીષણ આગ લાગી હતી. ધ્રાંગધ્રાની મુખ્ય બજારમાં વહેલી સવારે પાંચ વાગ્યે આગ લાગતા ૧૦થી વધુ દુકાનોમાં ફેલાઈ ગયાનું જાણવા મળી રહ્યુ છે. આ સાથે દુકાનોની બાજુમાં આવેલી બ્લડ બેંક તેમજ



લેબોરેટરીમાં પણ આગ લાગી છે. આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે આ આગ શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યુ છે. જોકે, આ આગ પાછળનું ચોક્કસ કારણ એફએસએલના રિપોર્ટમાં જાણવા મળશે. આ અંગે ફાયર બ્રિગેડના ચીફ ઓફિસરે જણાવ્યું છે કે, હજી સુધી આ આગને કારણે કોઈને જાનહાનિ થઈ નથી.

ધ્રાંગધ્રાનાં રાજકમલ ચોકમાં વિકરાળ આગ લાગવાથી ૧૦થી વધુ દુકાનો બળીને ખાખ થઈ છે. જેના કારણે દુકાનદારોને લાખો રૂપિયાનું નુકસાન થયાની સંભાવના વર્તાઈ રહી છે. ધ્રાંગધ્રાનાં રાજકમલ ચોકમાં વિકરાળ આગ લાગવાથી ૧૦થી વધુ દુકાનો બળીને ખાખ થઈ છે. જેના કારણે દુકાનદારોને લાખો રૂપિયાનું નુકસાન થયાની સંભાવના વર્તાઈ રહી છે. ધ્રાંગધ્રાનાં રાજકમલ ચોકમાં વિકરાળ આગ લાગવાથી ૧૦થી વધુ દુકાનો બળીને ખાખ થઈ છે. જેના કારણે દુકાનદારોને લાખો રૂપિયાનું નુકસાન થયાની સંભાવના વર્તાઈ રહી છે.

### રામ મોકરિયાએ કૃષિ મંત્રીને લેખિતમાં રજૂઆત કરી હતી

# નકલી બિયારણને લઈ સાંસદે લખેલા પત્રને લઈ કૃષિ વિભાગ એક્શનમાં આવ્યું

### પાક્કુ લાયસન્સ હોય, વિશ્વાસપાત્ય વિક્રેતા પાસેથી બિયારણ ખરીદો, તેમજ ખેડૂતો પાકુ બિલ લેવાનો આગ્રહ રાખે. સર્ટિફાઈડ બિયારણ લેવું જોઈએ

। અમદાવાદ, તા.૭ ।

નકલી બિયારણને લઈ સાંસદે લખેલા પત્રને લઈ કૃષિ વિભાગ એક્શમાં આવ્યું હતું. નકલી બિયારણને લઈને સંયુક્ત કૃષિ નિયામક જે.બી ઉપાધ્યાયે માહિતી આપી હતી. કૃષિ નિયામક દ્વારા જણાવ્યું હતું કે, સાંસદ રામભાઈએ કરેલી રજૂઆત કૃષિમંત્રીએ ગંભીરતાથી લીધી છે. કૃષિ વિભાગનાં અધિકારીઓને યોગ્ય પગલા લેવા આદેશ કર્યો છે. તેમજ કૃષિ ભવનમાં બેઠકનું આયોજન કરી ગુણવત્તા નિયંત્રણ કેન્દ્રને સૂચના આપી છે.

આ વર્ષે નકલી બિયારણની ખાસ કોઈ ફરિયાદ મળી નથી. ગત વર્ષે ૭૫૦૦ નમૂનાં લેવાનો ટાર્ગેટ હતો. આ વખતે અમે ૨૫ હજાર નમૂનાં લેવાનો ટાર્ગેટ કર્યો છે. ૧૭ હજાર નમૂનાં લેવાઈ ચૂક્યા છે. લેબોરેટરીમાં મોકલાયા છે. અત્યાર સુધી ૨૮૯ નમૂનાં બિન પ્રમાણિક થયા છે. જ્યારે ૨૮૯ ગેરલાયક નમૂનામાંથી ૧૮૮ નમૂનાની અંદર કોર્ટ કેસની મંજૂરી મળી છે. તેમજ વધુમાં સીડ્સ ડીલરને ત્યાં તપાસ કરી રહ્યા છે.

તપાસમાં ૨૨ લાકનો જથ્થો અટકાવેલો છે. નકલી બિયારણ શબ્દ યોગ્ય નથી. બિયારણ નકલી ન હોઈ શકે. બિયારણની ગુણવત્તા યોગ્ય ન હોય તેવું બને છે. બિયારણ જીવંત ચીજ વસ્તુ છે. એટલે નકલી ન બની શકે.નકલી શબ્દ ભરમાવે તેવો છે. ખેડૂતો નકલ શબ્દ મગજમાંથી હટાવે. અને ખરીદી કરતી વખતે ખેડૂતો સજાહ રહે. પાક્કુ લાયસન્સ હોય, વિશ્વાસપાત્ય વિક્રેતા પાસેથી બિયારણ ખરીદો. તેમજ ખેડૂતો પાકુ બિલ લેવાનો આગ્રહ રાખે. સર્ટિફાઈડ બિયારણ લેવું જોઈએ.

નકલી બિયારણ મુદે સાંસદ રામ મોકરિયાએ કૃષિ મંત્રીને પત્ર લખ્યો છે. આ મામલે તેમણે કહ્યું કે લોકોની રજૂઆત અંગે પગલાં લેવાય તેવા મારા પ્રયત્નો છે. બિયારણ માફિયાઓને કડક સજા થાય તેવી મારી માંગ છે.

નકલી બિયારણ આપી ખેડૂતોને લુંટાઈ રહ્યા છે.કાયદામાં ફેરફાર કરી આવા વેપારીઓ વિરુદ્ધ પગલાં લેવાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ. તેમણે કહ્યું કે ખેડૂતોએ નકલી બિયારણ અંગે તેમને ફરિયાદ કરી હતી કે અમુક વેપારીઓ નકલી બિયારણનું વેચાણ કરે છે. અને મારી પાસે આવેલી રજૂઆતના સંદર્ભે કૃષિમંત્રીને પત્ર લખ્યો છે. નકલી રાસાયણિક દવાના કારખાના પણ ધમધમે છે. નકલી બિયારણથી ખેડૂતોની મહેનત પાણીમાં જાય છે. વેપારીઓ નકલી બિયારણ ન વેચી શકે તેવી વ્યવસ્થા થવી જોઈએ.

### રાજ્યમાં હાર્ટ અટેકથી વધુ બેના મોત

# વડોદરામાં ૩૨ વર્ષીય બેન્ક કર્મચારીએ ગુમાવ્યો જીવ

### બીજી તરફ ભાવનગર, ધોરાજી, સુરેન્દ્રનગર, અમરેલી, મોડાસા, વડોદરામાં હાર્ટ અટેકથી જીવ ગુમાવ્યાના અહેવાલ છે

। ગાંધીનગર, તા.૭ ।

રાજ્યમાં નાની વયે હાર્ટ અટેકથી મોતની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં વધુ બે વ્યક્તિઓના હાર્ટ અટેકના કારણે મોત થયા છે. રાજકોટ અને વડોદરામાં હાર્ટ અટેકથી બે મોત થયા હતા. વડોદરામાં ૩૨ વર્ષીય નયન કુમારનુ હાર્ટ અટેકથી મોત થયું હતું. હાર્ટ અટેકના કારણે બેંક કર્મચારી એવા નયન કુમારનું હાર્ટ અટેકથી મોત થયું હતું. બાજવા રોડના ગિરિરાજ નગરમાં રહેતા ૩૨ વર્ષીય નયનકુમાર પટેલને દાંડિયા બજાર ચાર રસ્તા પાસે ગભરામણ બાદ વોમિટિંગ થઈ હતી. બાદમાં મિત્રો સયાજી હોસ્પિટલ લઈ ગયા જ્યાં ટૂંકી સારવાર બાદ યુવકનું નીપજ્યું મોત નીપજ્યું હતું. બનાસકાંઠાના પાલનપુરમાં ગઈકાલે હાર્ટ અટેકના કારણે ૨૩ વર્ષીય યુવકનું મોત થયું હતું. તે ગાડીમાં



નાસ્તો બનાવી પરિવારનું ગુજરાત ચલાવતો હતો. નમન સિસોદિયા નામનો યુવક નાસ્તો વેચતા વેચતા અચાનક ઢળી પડ્યો હતો. જેને પ ગલે તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયો હતો ત્યાં હાજર ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. ગઈકાલે નર્મદાના ડેડીયાપાડાના ૨૮ વર્ષીય યુવક નરેશ વસાવાનું પણ હાર્ટ અટેકથી મોત થયું હતું. રાજ્યમાં દરરોજ સરેરાશ એકથી ત્રણ હાર્ટ અટેકના કિસ્સા બની રહ્યાં છે. આજે વલસાડ જિલ્લામાં ૨૮ વર્ષીય યુવકનું હાર્ટ અટેકથી મોત થયું છે. નર્મદાના ડેડીયાપાડાનો ૨૮ વર્ષીય યુવક હોટેલમાં વેઈટરનું કામ કરતો હતો. તેમને અચાનક છાતીમાં દુખાવો ઉપાડતા ૧૦૮ બોલાવી હતી. જો કે ૧૦૮ ના તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક રીતે હાર્ટ એટેકથી મોતનું તારણ તબીબે વ્યક્ત કર્યું છે. મોતનું સાચું કારણ જાણવા યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. તો બીજી તરફ ભાવનગર, ધોરાજી, સુરેન્દ્રનગર, અમરેલી, મોડાસા, વડોદરામાં હાર્ટ અટેકથી જીવ ગુમાવ્યાના અહેવાલ છે. અરવલ્લીના મોડાસામાં ૫૫ વર્ષીય નરેશ મહેતાનું હાર્ટ અટેકથી મોત થયું હતું તેઓ પોસ્ટ ઓફિસનું રીકરીંગ અને એલઆઈસી એજન્ટ તરીકે કામ કરતા હતા. છાતીમાં દુખાવા બાદ તેઓ અચાનક બેભાન થયા હતા અને હોસ્પિટલ પહોંચાડ્યા હતા પરંતુ ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા અને હાર્ટ અટેકથી મોત થયાનું કારણ રજૂ કર્યુ હતું

## વિશેષ

### રાજપીપલા વડીયા પેલેસમાં ૫૦૦૦વૃક્ષોનું અનોખું જંગલ વનકવચ

# જાપાની અકિરા મિયાંવકી પદ્ધતિથી પગણી ઝડપે ઉગી ગાઢ જંગલ ઉગાડતાં વૃક્ષોનું અદ્ભુત વિજ્ઞાન

### નર્મદા જિલ્લામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સૂચનથી કેવડિયા, રાજપીપલા અને ભાદરવાટેકરી પર મિયાંવકી ગાઢ જંગલ ઉભા કરાયા



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ






આવો સવાલ તમને થતો હશે.. તો આપને જણાવી દઈએ કે, મિયાવાકી ફોરેસ્ટની શોધ જાપાનના બોટેનિસ્ટ અકીરા મિયાવાકીએ ૪૦ વર્ષ પહેલા કરી હતી. જેથી તેમના નામ પરથી આ જંગલને મિયાવાકી ફોરેસ્ટ નામથી ઓળખવામાં આવે છે. આ પદ્ધતિથી નિર્માણ થતા વનમાં ખુબજ નજીક નજીક છોડો લગાવવામાં આવે છે. આ પદ્ધતિમાં લગાવવામાં આવેલા છોડો ખુબજ તીવ્રતાથી વધે છે સામાન્ય વૃક્ષોની વૃદ્ધિ ૩૦૦ વર્ષમાં થાય છે.

પરંતુ આ પદ્ધતિના કારણે માત્ર ૩૦ થી ૩૫ વર્ષમાં વૃક્ષોની વૃદ્ધિ થઈ જાય છે. ઓછી જગ્યામાં વધુ વૃક્ષો અને વધુ ઝડપથી મોટા થતાં હોય છે.

કેવડિયામાં સર્કિટ હાઉસ ટેકરીની બાજુમાં એકતા નગર ખાતે એકતા મોલની નજીક ૯ થી૧૦ એકર વિસ્તારમાં મિયાવાકી જંગલ વિકસાવવામાં આવ્યું છે. આ પ્રોજેકટનું લોકાર્પણ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યુ હતું. મિશન લાઈફને લઈને ધરતીને બચાવવા માટે આ મિયાવકી પ્રોજેકટ ઉપયોગી નીવડશે. જેના થકી પૃથ્વી પર કુદરતી વાતાવરણ બનાવી કલાઈમેટ ચેન્જની લોકો પર થતી અસર અટકાવવા આ પ્રોજેક્ટો મહત્વનો છે એમ પ્રવાસીઓ પણ માની રહ્યા છે.

મિયાવકી એ જાપાનીઝ અકિરા પ્રેરિત મિયાવાકી ટેકનીક પ્રોજેકટ છે, જે ટુંકા ગાળામાં ગાઢ જંગલોનું નિર્માણ કરવામાં મદદ કરે છે. આ પદ્ધતિમાં એક જ વિસ્તારમાં શક્ય એટલા નજીક વૃક્ષો વાવવામાં આવે છે, જે જગ્યા તો બચાવે જ છે, સાથે જ બાજુમાં વાવેલા રોપાઓ એકબીજાની વૃદ્ધિમાં મદદ કરે છે, અને સૂર્યપ્રકાશને જમીન સુધી પહોંચતા અટકાવે છે, જેનાથી નીંદણ ઉગતું અટકે છે. પ્રથમ ત્રણ વર્ષ પછી આ રોપેલા છોડવાઓની જાળવણી કરવાની જરૂર રહેતી નથી. આ પદ્ધતિમાં છોડનો વિકાસ ૧૦ ગણો ઝડપી થાય છે. અને પરિણામ સ્વરૂપે ૩૦ ગણું વધુ ગાઢ જંગલ ઊભું થાય છે. મિયાવાકી પદ્ધતિ માત્ર ૨થી ૩ વર્ષમાં જંગલ ઊભું કરવામાં મદદરૂપ થાય છે, જ્યારે પરંપરાગત પતિઓ દ્વારા એક જંગલ ઊભું કરવામાં ૨૦ થી ૩૦ વર્ષનો સમય લાગે છે.

મિયાવાકી ફોરેસ્ટ અને ભૂલભૂલૈયા ગાર્ડન સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક જંગલ સફારીની સામે બનાવવામાં આવ્યું છે. આ ગાર્ડન વિશે વાત કરીએ તો પ્રવાસીઓને પોઝિટિવ એનર્જી મળી રહે એટલા માટે અહીં લગભગ ૧ લાખ ૮૦ હજાર છોડને શ્રીયંત્રની ડિઝાઈનમાં રોપવામાં આવ્યા છે. આ ગાર્ડનમાં એવી રીતે છોડ રોપાવામાં આવ્યા છે કે પ્રવાસીઓ આવે તો છોડવાઓની વચ્ચે ભૂલા પડી જાય. જોકે, ત્યાંના ગાઈડ પ્રવાસીઓને બહાર નીકળવામાં ગાઈડ કરશે અને ગાર્ડનની બહાર કાઢશે. વિદેશોમાં અને એડવેન્ચર પાર્કમાં જોવા મળતા વિશાળ ભૂલભૂલૈયા ગાર્ડન સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં બનાવાયું છે.

ગત ૩૧મી ઓક્ટોબર ૨૦૨૨ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એકતા દિવસની ઉજવણી પ્રસંગે નર્મદા જિલ્લામાં પધાર્યા હતા ત્યારે એકતા નગર ખાતે મિયાંવકી ફોરેસ્ટના ગાઢ જંગલનું વડાપ્રધાન નરેન્દ્રભાઈએ લોકાર્પણ કર્યું હતું. ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈએ મિયાંવકી પદ્ધતિથી નર્મદા જિલ્લામાં વાવેતર કરવાનું સૂચન કર્યું હતું. જે સૂચનને આધારે ગુજરાત વન વિભાગ દ્વારા નર્મદામાં બે વન કવચ સામાજિક વનીકરણ વિભાગ નર્મદા દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં જાપાનીઝની અકીરા મિયાંવકી પદ્ધતિથી ટૂંકા ગાળા ઝડપી વૃદ્ધિ કરી ગાઢ જંગલ બનાવે છે. જે ગાઢ જંગલ બનતા ૧૦-૧૨વર્ષ લાગે તે માત્ર એકાદ બે વર્ષમાં જ ગાઢ જંગલ તૈયાર થઈ જાય છે.

આ અંગે સામાજિક વનીકરણ વિભાગ નર્મદાના નાયબ વન સંરક્ષક મિતેશ પટેલે વિશેષ માહિતી આપતાં મુલાકાતમાં જણાવ્યું હતું કે રાજપીપલા વડિયા પેલેસ ખાતે અડધા હેકટરમાં ૫૦૦૦વૃક્ષોનું વાવેતર અને બીજું વન કવચ ભાદરવા ટેકરી પર બે હેકટરમાં ૨૧૦૦૦વૃક્ષોનું વાવેતર કરી ને વન કવચ તૈયાર કરવામાં આવ્યું છે. જે ગત ચોમાસામાં વાવેતર કરેલ રોપા માત્ર પાંચ મહિનામાં ૧૦થી ૧૫ફૂટ ઉંચા વૃક્ષો ઉગી ગયા છે. એમાં જમીનને ફળદ્રુપ બનાવવા માટે મિયાવકીના જાપાનીક વૈજ્ઞાનિક ખાસ પદ્ધતિ દ્વારા જમીનમાં જુદા જુદા લેયર, સ્તર બનાવીનેખાડા ખોદીને નીચેના લેયર પર જેમાં શેરડીનો બગાસ નાખવાથી ભેજ લાંબા સમય સુધી શોષી રાખે છે. ૫ છી ફળદ્રુપ માટી ઉપર બાજરીની ફોતરાં, ડાંગરના ફોતરાં એની ઉપર ફળદ્રુપ માટી,પછી છાણીયું ખાતર અને ત્યારબાદ એની ઉપર રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું.એનાથી નોર્મલ ગ્રોથ કરતા પગણો ગ્રોથ થતો હોવાનું મિતેશ પટેલે જણાવ્યું હતું.

આ વન કવચમાં સાગ, સિસમ, આસન, દૂધીકડો, આમરો, મહુડો, બહેડા, એદરોખ, સલાઈ, ગુગળ, સીતાફળ, કણજી, કરંજ, સતાવરી, અશ્વગંધા, નગોડ, અરડૂસી, વાંસ, સેવન જેવા ૧૦૧ પ્રકાર ના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ તમામ પ્રકારના વાવેતરમાં ગુજરાતમાં જોવા મળતી ૧૦પ્રકારની દેશી કુળની પ્રજાતિઓનું વાવેતર કરવાનો આ નવતર સફળ પ્રયોગ છે.જેમાં ૫*૫ મીટરના ઊંચાં પ્રકારના વૃક્ષો,૩*૩ મીટરના નીચાં પ્રકારના વૃક્ષો અને ૧* મીટરના નાના પ્રકારના વૃક્ષો૧*૧મીટરના અંતરે ઉગાડેલા વૃક્ષો હાલ સૂર્ય પ્રકાશ, પાણી અને પોષક તત્વો વચ્ચે સ્પર્ધા કરીને વૃદ્ધિ પામી રહ્યાં છે.

આ અનોખા વન ક્વચ રેન્જર્સ કોલેજ ના તાલીમી બોટનીના વિદ્યાર્થીઓ માટે તેમજ મુલાકાતીઓ પ્રવાસીઓ માટે માહિતગાર કરી જાણકારી આપવામાં આવે છે.

બે ત્રણ વર્ષમાં અહીં ગાઢ જંગલ ઉભું થઈ જશે. જેનાથી પરિઆવરણની શુદ્ધિ થશે. પશુ પક્ષીઓ માટે વરદાન રૂપ સાબિત થશે. અને પાણીના કાયમી સ્રોતની વ્યવસ્થા થશે.

# પેલેસ્ટાઈન સમર્થકોનો તુર્કીમાં અમેરિકી જવાનો પર હુમલો

**લંડનમાં ૩૦ હજારથી વધુ લોકોના ધરણાં, ફ્રાંસ, અમેરિકા, જર્મની, ઇટાલીમાં સ્ટોપ વોરના પોસ્ટરો સાથે રેલીઓ યોજાઇ**



। વોશિંગ્ટન,તા.૭ ।

હમાસ અને ઇઝરાયેલ વચ્ચેના યુદ્ધને એક મહિનો પૂર્ણ થઈ ગયો છે. દુનિયાભરમાં આ યુદ્ધના વિરોધમાં અને શાંતિ માટે લાખો લોકો રસ્તા પર ઉતરી રહ્યા છે. ઈઝરાયેલને સમર્થનના વિરોધમાં અમેરિકામાં અને બહાર પણ પણ લોકો પ્રદર્શન કરી રહ્યા છે. અમેરિકાના વિદેશ મંત્રી એંટની બ્લિંકન અંકારા પહોંચ્યા તે પહેલા પેલેસ્ટાઈનના સમર્થકોએ રેલી કરીને અમેરિકી જવાનોના નિવાસસ્થાનોને ઘેરી લીધા હતા. તુર્કી પોલીસે બાદમાં લોકોએ વિખેરવા આંસુ ગેસ અને પાણીનો પ્રયોગ કર્યો હતો. ગાઝાની હોસ્પિટલો, નાગરિકો, રહેણાંકી વિસ્તાર સહિતની ઈમારતો પર ઈઝરાયેલ દ્વારા હુમલા થઈ રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે તુર્કીએ આ હુમલાઓનો ઉગ્ર વિરોધ કર્યો છે. વિરોધ પ્રદર્શન કરી રહેલા પેલેસ્ટાઈન સમર્થકોએ અમેરિકી જવાનોના રહેણાંકી વિસ્તારને ઘેરી લીધો હતો. આ જ પ્રકારનું વિરોધ પ્રદર્શન દાગિસ્તાનમાં પણ જોવા મળ્યું હતું. રશિયાના દાગિસ્તાન પ્રાંતમાં હજારોની સંખ્યામાં એકઠા થઈને અખાચવાલા એરપોર્ટ પર હલ્લાબોલ કર્યો હતો. તેલ અવીવથી વિમાન આવી રહ્યું હોવાની જાણકારી મળ્યા બાદ આ વિરોધ પ્રદર્શન કરાયા હતા. હાલ વિશ્વના અનેક દેશોમાં ઈઝરાયેલ ગાઝા પર હુમલા રોકે અને હમાસ-ઈઝરાયેલ યુદ્ધ વિરામ કે શાંતિ માટે લોકો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. બ્રિટનના લંડનમાં આવેલી ઓક્સફર્ડ સર્કસ વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો ધરણા પર બેસી ગયા હતા, લોકોના હાથમાં ફ્રીડમ ફોર પેલેસ્ટાઈનના પોસ્ટરો પણ હતા. સાથે જ તાત્કાલીક સીઝ ફાયરનો અમલ કરો તેવી પણ માગ કરતા પોસ્ટરો જોવા મળ્યા હતા. લંડન મેટ્રોપોલિટન પોલીસના દાવા મુજબ ૩૦ હજાર લોકો એકઠા થયા હતા.

# સીઆઈસીની નિમણૂંકમાં અંધારામાં રખાયો હોવાનો અધિર રંજનનો આક્ષેપ

**અધિર રંજને રાષ્ટ્રપતિને એક પત્ર લખ્યો છે કે માહિતી કમિશનરની પંસદગી વિશે ન તો કંઈ કહ્યું કે ન તો મારી સલાહ લેવામાં આવી**



। નવી દિલ્હી,તા.૭ ।

દેશના મુખ્ય માહિતી કમિશનર તરીકે હીરાલાલ સામરિયા ને નિયુક્ત કરવામાં આવ્યા છે તેમણે ગઈકાલે કેન્દ્રિય માહિતી આયોગ (સીઆઈસી)ના વડા તરીકે શપથ લીધા હતા. જો કે તેમની નિમણૂકને લઈને પણ વિવાદ ઉભો થયો છે અને કોંગ્રેસના સાંસદએ નારાજગી વ્યક્ત કરતા રાષ્ટ્રપતિને પત્ર લખ્યો હતો અને જણાવ્યું હતું કે આ નિમણૂકને લઈને મને અંધારામાં રાખવામાં આવ્યો હતો. દેશના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં એક સમારોહ દરમિયાન ૬૩ વર્ષીય હીરાલાલ સામરિયાને કેન્દ્રીય માહિતી આયોગના વડા તરીકે શપથ લેવડાવ્યા હતા. આ મહત્વપૂર્ણ પદ મેળવનારા હરીલાલ સામરિયા દલિત સમુદાયના પ્રથમ વ્યક્તિ છે જો કે તેની નિમણૂકને લઈને હવે વિવાદ ઉભો થયો છે. માહિત કમિશનરની નિમણૂક કરનાર સમિતિના સભ્ય અને કોંગ્રેસના સાંસદ અધીર રંજને ચૌધરીએ આ નિમણૂકને લઈને નારાજગી વ્યક્ત કરી છે અને તેમણે રાષ્ટ્રપતિને એક પત્ર લખ્યો છે કે માહિતી કમિશનરની પંસદગી વિશે ન તો કંઈ કહ્યું કે ન તો મારી સલાહ લેવામાં આવી. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે નિમણૂકને લઈને મને સંપૂર્ણપણે અંધારામાં રાખવામાં આવ્યો હતો. અધીર રંજન ચૌધરીએ પોતાના પત્રમાં લખ્યું છે કે આ ખૂબ જ દુઃખની વાત છે. હું ભારે હૃદય સાથે લખી રહ્યો છું કે મુખ્ય માહિતી કમિશનરની નિમણૂક મામલે તમામ લોકતાંત્રિક ધોરણો, નિયમો તેમજ પ્રક્રિયાને બાજુ પર રાખવામાં આવી હતી.

# ભારતીયોને વિઝા માટે યુએસ રાજદૂતે લોકોને મદદ કરી હતી

**ભારતીયોને અમેરિકી વિઝા સરળતાથી મળી જાય તેમજ પ્રક્રિયા ઝડપી બનાવવા માટે અમેરિકી સરકારે ઘણા પગલા લીધા હતા**



। વોશિંગ્ટન,તા.૭ ।

ભારતમાં છેલ્લા કેટલાય વર્ષોમાં વિદેશ ભણવા તેમજ સ્થાયી થવાનો ક્રેઝ વધ્યો છે અને તેમાં પણ અમેરિકાની વિઝાની માંગ સૌથી વધુ છે જેના કારણે ભારતના લોકોને યુએસ વિઝા માટે રાહ જોવી પડે છે ત્યારે હવે અમેરિકી સરકારે વિઝા પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે ઘણા પગલા લીધા છે. ભારતમાંથી વિદેશમાં જતા લોકોની સંખ્યામાં દિવસેને દિવસે વધારો થઈ રહ્યો છે તેમાં પણ અમેરિકા ભારતીયોની પહેલી પસંદ છે ત્યારે હવે ભારતીયોને અમેરિકી વિઝા સરળતાથી મળી જાય તેમજ પ્રક્રિયા ઝડપી બનાવવા માટે અમેરિકી સરકારે ઘણા પગલા લીધા છે. આ માટે અમેરિકી રાજદૂત એરિક ગારસેટી દિલ્હી સ્થિત યુએસ એમ્બેસી પહોંચ્યા હતા અને કામકાજને જોયું હતું. યુએસ એમ્બેસીએ સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું હતું કે 'અમેરિકાના વિઝાની માંગને પહોંચી વળવા માટે નવી દિલ્હીમાં અમારી કોન્સ્યુલર ટીમ આ સપ્તાહના પ્રારંભમાં કામ પર પહોંચી ગઈ છે. આ દરમિયાન રાજદૂત એરિક ગારસેટી વિશેષ અતિથિ તરીકે વિઝા અરજદારોને મદદ કરી હતી. અમેરિકી રાજદૂત એરિક ગારસેટીએ કહ્યું હતું કે કોન્સ્યુલર ટીમ સાથે કામ કરીને તેમને આનંદ થયો હતો. ભારતીયોમાં અમેરિકન વિઝાની માંગનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે જુલાઈ-ઓગસ્ટમાં જ ૯૦ હજાર ભારતીય વિદ્યાર્થીઓને અમેરિકન વિઝા આપવામાં આવ્યા છે.

## અફઘાનિસ્તાનની ટીમનું વર્લ્ડ કપ ૨૦૨૩માં શાનદાર પ્રદર્શન

# અફઘાનિસ્તાન આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ક્વાલિફાઈ થઈ છે

**બાંગ્લાદેશ સામે શ્રીલંકાની હાર સાથે જ અફઘાનિસ્તાનની ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ક્વાલિફાઈ થઇ ગઈ છે**




। નવી દિલ્હી,તા.૭ ।

અફઘાનિસ્તાન અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આજે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ટક્કર થશે. અફઘાનિસ્તાનની ટીમ હાલ વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં શાનદાર પ્રદર્શન કરી રહી છે. તેણે છેલ્લી ત્રણ મેચમાં જીત મેળવી છે. પરંતુ આજે ઓસ્ટ્રેલિયા સામે જીતવું તેના માટે અઘરું રહેશે. અફઘાનિસ્તાને વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં શાનદાર પ્રદર્શન કરી ઈતિહાસ રચી દીધું છે. તે પ્રથમ વખત આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ માટે ક્વાલિફાઈ થયું છે. અફઘાનિસ્તાન વર્ષ ૨૦૨૫માં રમાનાર આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીનો ભાગ બનશે.બાંગ્લાદેશ અને શ્રીલંકા વચ્ચે ગઈકાલે દિલ્હીમાં રમાયેલી મેચમાં બાંગ્લાદેશે શ્રીલંકાને ૩ વિકેટથી હરાવ્યું હતું. શ્રીલંકાની હાર સાથે જ અફઘાનિસ્તાનની ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ક્વાલિફાઈ થઈ હતી. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું આયોજન પાકિસ્તાનમાં થશે. અફઘાનિસ્તાને વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં રમાયેલી તેની ૭ મેચમાંથી ૪માં જીત મેળવી છે. અફઘાનિસ્તાને વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં ઈંગ્લેન્ડ, પાકિસ્તાન, શ્રીલંકા અને નેધરલેન્ડ્સને હરાવ્યું છે.

# ટાઈમ આઉટ આપવા બદલ એન્જેલો મેથ્યુઝ શાકીબ પર ભડક્યો



। નવી દિલ્હી,તા.૭ ।

બાંગ્લાદેશ અને શ્રીલંકા વચ્ચે ગઈકાલે રમાયેલી વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની ૩૮મી મેચમાં બાંગ્લાદેશે શ્રીલંકાને ૩ વિકેટથી હરાવ્યું હતું. આ મેચમાં કંઈક એવું જોવા મળ્યું હતું જે આજ સુધી ક્યારે બન્યું ન હતું. ક્રિકેટ ઈતિહાસના ૧૪૩ વર્ષમાં પ્રથમ વખત કોઈ ખેલાડીને ટાઈમ આઉટ આપવામાં આવ્યો હતો. શ્રીલંકાના ઓલરાઉન્ડર એન્જેલો મૈથ્યુઝને ટાઈમ આઉટ આપ્યા બાદ તે ગુસ્સામાં પવેલિયન પાછો જતો રહ્યો હતો. મેચ બાદ પ્રેસ કોન્ફ્રેંસમાં તે શાકિબ અલ હસન અને બાંગ્લાદેશની સમગ્ર ટીમ પર ખુબ ભડક્યો હતો. તેણે આ પ્રકારના કૃત્યને ખુબ જ શરમજનક ગણાવ્યું હતું. એન્જેલો મૈથ્યુઝે કહ્યું હતું કે, 'આજથી પહેલા હું શાકિબ અને બાંગ્લાદેશને ખૂબ માન આપતો હતો પરંતુ હવે હું આમ કરી શકીશ નહીં. હું સમય બગાડી રહ્યો ન હતો. બધા જોઈ શકે છે કે હું ક્રિઝ પર આવી ચુક્યો હતો પણ મારા હેલ્મેટનો સ્ટ્રેપ તૂટી ગયો. આ સામાનના ખરાબ હોવાનો મામલો હતો. શાકિબ અને બાંગ્લાદેશનું આ કૃત્ય શરમજનક હતું. આ રીતે ક્રિકેટ રમવું ખરેખર શરમજનક છે. મને નથી લાગતું કે બાંગ્લાદેશ સિવાય અન્ય કોઈ ટીમે આવું કર્યું હોત.'

## વિરાટ કોહલીને કાર્સ ખૂબ જ પસંદ છે

# વિરાટ કોહલીની કુલ સંપત્તિ લગભગ ૧,૫૦૦ કરોડ રૂપિયા જેટલી હોઈ શકે

**આપણે સૌ જાણીએ છીએ કે, વિરાટ કોહલીને કાર્સ ખૂબ જ પસંદ છે, કોહલીએ ઓછા સમયમાં ઘણી બધી કાર ખરીદી છે**



। નવી દિલ્હી, તા.૭ ।

વર્લ્ડ કપ ૨૦૨૩માં રવિવારે કોલકાતા ખાતે દક્ષિણ આફ્રિકા અને ભારત વચ્ચે મેચ રમાઈ હતી, જેમાં વિરાટ કોહલીએ તેની કારકિર્દીની ૪૯મી સદી ફટકારીને સચિન તેંડુલકરની બરાબરી કરી હતી. ત્યારે દરેક વ્યક્તિ જાણવા માંગતા હોઈ છે કે તેમના ફેવરિટ ક્રિકેટર્સ કેટલું કમાય છે અને તેમની નેટવર્થ શું છે. ત્યારે મોટાભાગના લોકો વિરાટ કોહલીની નેટવર્થ વિશે જાણવા માંગતા હોવાથી તેઓ ગૂગલ પર સર્ચ કરી રહ્યા છે. વિરાટ કોહલીએ ૨૦૦૮માં ભારત માટે પોતાની કારકિર્દીની શરૂઆત કર્યા બાદ છેલ્લા ૧૫ વર્ષમાં એટલું બધું મેળવ્યું છે કે કોઈને પણ તેના પ્રત્યે ઈર્ષ્યા થાય. ત્યારે આજે આ આર્ટિકલમાં અમે તમને કોહલીની નેટવર્થ, તેની કમાણી અને કાર કલેક્શન સહિતની મહત્વની જાણકારી આપી રહ્યા છીએ. અલગ-અલગ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, વિરાટ કોહલીની કુલ સંપત્તિ લગભગ ૧,૫૦૦ કરોડ રૂપિયા જેટલી છે. જેમાં તેને ક્રિકેટમાંથી મળતી ૧.૩૦ કરોડ રૂપિયાની માસિક આવકનો પણ સમાવેશ થાય છે. તેમજ કોહલી જીમ ચેન ચિસેલ અને તેની ફેશન બ્રાન્ડ રોંગમાંથી પણ કમાણી કરે છે. ક્રિકેટમાંથી માસિક કમાણી હોવા ઉપરાંત કોહલીને BCCI પાસેથી પ્રતિ ટેસ્ટ મેચના રૂ. ૧૫ લાખ, પ્રતિ ODI મેચના રૂ. ૬ લાખ અને પ્રતિ T20 મેચના રૂ. ૩ લાખ મળે છે. કોહલી પાસેએવી ઘણી મોટી બ્રાન્ડ્સ છે, જેની પાસેથી તેઓ ઘણા પૈસા વસૂલે છે. જણાવી દઈએ કે, કોહલી પાસે હાલ લગભગ ૩૫થી ૪૦ બ્રાન્ડ્સ છે અને મળતી માહિતી અનુસાર, કોહલી પ્રતિ એડવર્ટાઈઝમેન્ટ વર્ષમાં ૭થી ૧૦ કરોડ રૂપિયા વસૂલે છે. એટલે કે કોહલી એક વર્ષમાં લગભગ ૨૫૦થી ૩૦૦ કરોડ રૂપિયા માત્ર એડવર્ટાઈઝમેન્ટમાંથી જ કમાઈ લે છે. કોહલી પાસે તેના ઘણા ઘર છે. વર્ષ ૨૦૧૬માં કોહલીએ પત્ની અનુષ્કા સાથે મળીને પ્રોપર્ટી ખરીદી હતી. તેમજ તેણે ગુડગાંવમાં કેટલાક મકાનોમાં રોકાણ કર્યું છે. DLF Vul-૧માં વિરાટ કોહલી એક મોટું ઘર ધરાવે છે. વિરાટ કોહલીની પ્રોપર્ટીમાં તેણે મુંબઈના વર્લી ડિસ્ટ્રિક્ટમાં ઓમકાર ૧૯૭૩ બિલ્ડિંગમાં ખરીદેલું મોંઘું એપાર્ટમેન્ટ પણ સામેલ છે. તેના મુંબઈના ઘરની કિંમત ૩૪ કરોડ રૂપિયા છે, જ્યારે વિરાટના ગુડગાંવ ખાતેના ઘરની કિંમત ૮૦ કરોડ રૂપિયા છે. આપણે સૌ જાણીએ છીએ કે, વિરાટ કોહલીને કાર્સ ખૂબ જ પસંદ છે. કોહલીએ ઓછા સમયમાં ઘણી બધી કાર ખરીદી છે.

# શ્રીલંકા સામે બેટિંગમાં ઈજા થતાં શાકીબ અલ હસન વર્લ્ડ કપ ગુમાવશે



। નવી દિલ્હી,તા.૭ ।

બાંગ્લાદેશ અને શ્રીલંકા વચ્ચે દિલ્હીમાં મેચ રમાઈ હતી. આ મેચ દરમિયાન બાંગ્લાદેશના કેપ્ટન શાકિબ અલ હસને એન્જેલો મૈથ્યુઝને ટાઈમ આઉટ કર્યો હતો. જે બાદ ક્રિકેટ જગતમાં હોબાળો મચી ગયો હતો. બાંગ્લાદેશે શ્રીલંકાને આ મેચમાં ૩ વિકેટથી હરાવ્યું હતું. બાંગ્લાદેશ તેની આગામી અને વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩ની તેની છેલ્લી મેચ ઓસ્ટ્રેલિયા સામે રમશે. તે પહેલા બાંગ્લાદેશની ટીમને એક મોટો ઝટકો લાગ્યો છે. બાંગ્લાદેશ ટીમનો કેપ્ટન શાકિબ અલ હસન વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩માંથી બહાર થઈ ગયો છે. શાકિબ અલ હસનને ગઈકાલે શ્રીલંકા સામે બેટિંગ કરતા સમયે ઈજા થઈ હતી. મેચ સમાપ્ત થયા બાદ એક્સ-રેમાં શાકિબના ડાબા હાથની તર્જની આંગળીમાં ફ્રેક્ચરની પુષ્ટિ થઈ હતી. જેના કારણે તે હવે ૧૧ નવેમ્બરના રોજ પુણેમાં ઓસ્ટ્રેલિયા સામે રમાનાર મેચ સાથે વન-ડે વર્લ્ડ કપ ૨૦૨૩થી બહાર થઈ ગયો છે.

## વિશેષ

**ગ્રાહક ખરીદી કરતી વખતે બિલ મેળવી અપલોડ કરે એ દેશના વિકાસમાં મોટું કદમ કહેવાશે : નિર્મલા સીતારમણ**

# કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણના હસ્તે પાયલોટ પ્રોજેક્ટ તરીકે વાપીથી રાજ્યના ૧૨ જીએસટી સેવા કેન્દ્રનું ઈ-લોકાર્પણ કરાયું

**કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, નૈતિક ફરજના ભાગરૂપે સામે ચાલીને બિલ આપે એટલી પ્રમાણિકતા દુકાનદારોએ દાખવવી જોઈએ**

કેન્દ્ર સરકારના નાણાં અને કોર્પોરેટ અફેર્સ વિભાગના મંત્રીશ્રી નિર્મલા સીતારમણના હસ્તે રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની પ્રેરક ઉપસ્થિતિમાં વલસાડ જિલ્લાના વાપીની જ્ઞાનધામ સ્કૂલ ખાતે જીએસટી સેવા કેન્દ્રની સાથે રાજ્યના ૧૨ જીએસટી સેવા કેન્દ્રનું ઇ-લોકાર્પણ કરાયું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય નાણામંત્રીશ્રી સીતારમણે જણાવ્યું કે, બોગસ બીલિંગ અટકાવવા માટે શરૂ થઈ રહેલા જીએસટી સેવા કેન્દ્રમાં બાયોમેટ્રીક સિસ્ટમથી જીએસટી નંબર મેળવવા માટેની તમામ પ્રોસેસ પાસપોર્ટ મેળવતી વખતે કરવાની હોય તે મુજબની જ છે, માત્ર પોલિસ વેરિફિકેશન કરવાનું રહેતું નથી. ગુજરાતમાં મુખ્ય મુખ્ય જગ્યા પસંદ કરી જીએસટી સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. દરેક કચેરીનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર એક સરખું છે. લોકોને સરળતા પડે તે મુજબ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે જે બદલ ગુજરાત જીએસટી ટીમને બિરદાવું છું. ગુજરાત બિઝનેસનું હબ છે ત્યારે પાયલોટ પ્રોજેકટ તરીકે ગુજરાતમાં શરૂ થયેલા જીએસટી સેન્ટર અન્ય રાજ્યો માટે મોડલ બનશે.



વધુમાં મંત્રીશ્રીએ "મેરા બિલ, મેરા અધિકાર" કેમ્પઈન અંગે કહ્યું કે, દેશનો સામાન્યમાં સામાન્ય નાગરિક પણ ખરીદી કરતી વખતે વેપારી કે દુકાનદાર પાસે બિલ માંગી રાષ્ટ્રના વિકાસમાં પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી શકે છે. ગ્રાહક ટ્રેન્ડ સેટર બની શકે છે. બિલ લેવું ગ્રાહકનો અધિકાર છે અને બિલ આપવું એ વેપારી-દુકાનદારની ફરજ છે. મેરા બિલ, મેરા અધિકારથી લોકોમાં જાગૃતિ આવી રહી છે. પીઝા, મિઠાઈ અને કપડાં જેવી નાની મોટી ખરીદી કરી ગ્રાહકોએ બિલ અપલોડ કર્યુ તેનાથી લકી ડ્રોમાં જે લોકોને રૂ. ૧૦ લાખનું ઈનામ મળ્યું છે તેઓ અભિનંદનને પાત્ર છે. વધુમાં વધુ લોકો ખરીદી કરતી વખતે બિલ મેળવી અપલોડ કરે એ દેશના વિકાસમાં મોટું કદમ કહેવાશે. દુકાનદારોએ પણ નૈતિક ફરજના ભાગરૂપે સામે ચાલીને બિલ આપે એટલી પ્રમાણિકતા દાખવવી જોઈએ. જીએસટીને ૬ વર્ષ પુરા થયા છે. લોકોની જાગૃતિના કારણે દર મહિને ટેક્સ કલેક્શન વધી રહ્યું છે. જેના થકી રાષ્ટ્રનો પારદર્શી વિકાસ થઈ રહ્યો છે.

મંત્રીશ્રીએ વલસાડના પનોતા પુત્ર અને દેશના માજી પ્રધાનમંત્રી સ્વ. મોરારજીભાઈ દેસાઈને યાદ કરી કહ્યું કે, તેઓના સિદ્ધાંત અને હકારાત્મકતાના કારણે તેઓ મહાન નેતા બન્યા હતા. એશિયાની સૌથી મોટી ગણાતી વાપી જીઆઈડીસી તેમણે ભેટ રૂપે આપી હતી. દેશના અર્થતંત્રમાં વાપી જીઆઈડીસીનું બહુમૂલ્ય યોગદાન છે. આજે વાપીની ધરતી પર આવી ગર્વ અનુભવું છું એવું મંત્રીશ્રીએ જણાવ્યું હતું. રાજ્યના નાણાં મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ દિવાળી પર્વે વાપીને જીએસટી સેવા કેન્દ્રની ભેટ આપવા બદલ કેન્દ્રીય નાણામંત્રીશ્રીનો આભાર માની જણાવ્યું કે, જીએસટી ૬ વર્ષ પહેલાં લાગુ થયું ત્યારે લોકોના અનેક પ્રશ્નો હતા પરંતુ દેશના દરેક રાજયોના જીએસટી કાઉન્સિલના મેમ્બરોના અભિપ્રાયો જાણીને જીએસટી કાઉન્સિલના અધ્યક્ષ તરીકે નિર્મલા સીતારમણે લોકોના હિતને પ્રાધાન્ય આપી અનેક ફેરફારો કર્યા. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈનું સપનું હતું કે, "વન નેશન, વન ટેક્સ" જે સાકાર થયું છે. જે માટે આજના તબક્કે સ્વ. અરુણ જેટલીને યાદ કરવા જરૂરી છે તેમણે જીએસટીનો મજબૂત પાયો નાખ્યો હતો. દેશના વિકાસમાં ગુજરાતનો વિશેષ ફાળો છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે. ઔદ્યોગિક ક્ષેત્રે ૧૮ ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે. ૧૦ ટકા ફેકટરી ગુજરાતમાં છે. ગુજરાત બિઝનેસ ફ્રેન્ડલી છે. વાપી ૨ લાખથી વધુ લોકોને રોજગારી આપે છે. જીએસટી કલેક્શનમાં ગુજરાતમાં વાપી ૧૦ ટકા ફાળો આપે છે.

## તંત્રી લેખ...

# શિયાળાની ઋતુનો આરંભ

શિયાળાની જમાવટ થઈ છે. આમ તો ખરી કાતિલ શરૂઆત થઈ નથી, અને શિયાળાની શરૂઆત થવાનો ખરેખર આ સમય નથી. આ તો હેમંત ઋતુ છે અને એમાં હંમેશા ફૂલગુલાબી ઠંડી હોય છે. હવામાન શાસ્ત્રીઓ જેને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ કહે છે એની આ ફલશ્રુતિ છે. એટલે કે આ ઠંડી શીતકાલીન નથી. પ્રાસંગિક છે. ભારતીય પ્રજા જરૂર કરતાં એટલી બધી વધારે રાજકીય પ્રવૃત્તિઓમાં ડૂબી ગઈ છે કે કુદરતને ઓળખવાનું ભૂલી ગઈ છે. હેમંત ઋતુમાં ઠંડી હોય ખરી, પરંતુ વહેલી સવારે અને મોડી રાત્રે. વિક્રમના નવા વર્ષમાં કારતક અને માગશર - આ બંને મહિનામાં હેમંત પૂરબહારમાં ખીલે છે. હેમંત ઋતુના કારણે આપણે કાતિલ ઠંડીના મલકમાં તબક્કાવાર પ્રવેશીએ છીએ, જે ઠંડી આવવાને હજુ વાર છે. હેમંત અને શિશિર બંને ઋતુઓ મળીને શિયાળો બને છે. હજુ તો વનરાજિના પાંદડાઓ લીલાછમ છે. એના પર પીતામ્બર જેવા પીળા રંગનો પ્રકૃતિ અભિષેક ન કરે ત્યાં સુધી સૂસવાટા મારતા શીતળ પવનો શરૂ થતા નથી. ખરેખર તો આ હેમંત ઋતુ જ શિયાળાને ભોગવવાની અને ખુલ્લા આભ તળે આનંદ લેવાની મોસમ છે. ઘઉંના ખેતરો લહેરાવા લાગ્યા છે, પરંતુ હજુ એને કેડસમાણા થતાં થોડી વાર લાગશે. કારણ કે આ વખતે પાછોતરા વરસાદને કારણે મોટાભાગના લોકોએ વાવણી મોડી કરી છે. અરબી સમુદ્રનું સ્વરુપ બદલાયું છે. વૈજ્ઞાનિકોએ જાહેર કર્યું છે કે ઘણા વર્ષોથી જેના ઢોલ વગાડવામાં આવે છે અને જગત આખાને જગાડવામાં આવે છે તે ગ્લોબલ વૉર્મિંગના પ્રથમ પરિણામની હવે શરૂઆત થઈ ગઈ છે. સમુદ્રની સપાટીમાં આંશિક વધારો થયો છે. એનું કારણ કે ઉત્તર અને દક્ષિણ ધ્રુવનો બરફ પીગળવા લાગ્યો છે. હિમશીલાઓ વિખૂટી પડીને તરવા લાગી છે. પર્યાવરણવિદો જો કે એ વાત કહેવાનું એટલું બધું પુનરાવર્તન કરી ચૂક્યા છે કે વાઘ આવ્યો રે વાઘની જેમ હવે જ્યારે ખરેખર વાઘ આવ્યો છે ત્યારે એ તરફ હજુ આમ જનતાનું ધ્યાન ગયું નથી. વિશ્વભરની ઋતુઓના ચક્રમાં ફેરફાર શરૂ થયા છે. ભારતમાં છ ઋતુઓ છે. પૃથ્વી પર કુદરતનો અનુભવ કરવા માટેનું આવું સૌન્દર્ય-વૈવિધ્ય દુનિયામાં બીજે ક્યાંય નથી. મહાકવિ કાલિદાસનું ઋતુસંહાર આપણને એ છ ઋતુઓનું અદભુત વર્ણન આપે છે. પરંતુ વિદ્વાન સંશોધકો કહે છે કે દુનિયાના અન્ય કેટલાક દેશોની જેમ ભારતમાં પણ ભવિષ્યમાં સમર અને વિન્ટર થઈ જશે. વરસાદ પણ વિન્ટરમાં, બરફ વર્ષા પણ વિન્ટરમાં અને તડકો સમરમાં ! જો કે આ ફેરફાર થતા હજી દાયકાઓ અને સદીઓ વીતી જશે. હિમાલયના પવનો આ વખતે રહસ્યમય રીતે દિશા બદલી રહ્યા છે. હવામાનશાસ્ત્રીઓ તો હજુ પણ એને ચોમાસાની વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની વ્યાખ્યામાં સમાવે છે. પરંતુ એવું નથી. વિશ્વના દરેક સમુદ્રના પવનો હવે વમળ જેવા ચક્રાકાર અને એ જ આગળ જતા ચક્રવાતમાં રૂપાંતરિત થાય છે. આ વખતે અરબી સમુદ્ર પર પવનોના ઝંઝાવાત વારંવાર સર્જાય છે અને વિખેરાય છે. એમાંના કેટલાક પવનો વાતાવરણમાં શૂન્યાવકાશનું પણ સર્જન કરે છે. અને એ શૂન્યાવકાશમાંથી જ વરસાદી તોફાન બનીને નવા નવા નામે વાવાઝોડા આવતા રહે છે. માગશર મહિનાની શરૂઆત થઈ ગઈ છે. ગુજરાતીમાં જૂની કહેવત છે કે માગશરના દિવસો મગ જેવડા હોય છે, એટલે કે સવાર મોડી પડે, સાંજ વહેલી ઝૂકી જાય. શિયાળો આરોગ્યની ઋતુ છે, પરંતુ માત્ર એમને માટે કે જેઓ આહાર વિહારમાં સર્વ સામાન્ય નિયમોનું પાલન કરે છે. જેઓ મુક્તાહારી કે સ્વેચ્છાચારી છે, તેઓ માટે આ ઋતુ જોખમકારક છે. દુનિયાની કોઈ પણ પ્રજાનું આરોગ્ય જોવું હોય તો એટલી જ તપાસ કરવાની રહે કે શિયાળામાં દવાખાનાઓ અને હોસ્પિટલો ખાલીખમ રહે છે ? એ ખાલી જ હોવા જોઈએ, કારણ કે શિયાળો પૂર્ણ તંદુરસ્તીની મોસમ છે.

## કાતિલ શીતકાલીન સૂસવાટા

મધ્યાકાશમાં મૃગશીર્ષ નક્ષત્ર દેખાય છે. શિયાળાની રાત્રી આમ તો આકાશ દર્શન માટે શ્રેષ્ઠ હોય છે. પરંતુ મનુષ્ય માથું ઊંચું કરવાનું ભૂલી ગયો છે. કેટલાક લોકો તો જિંદગીમાં જ એટલા ઝૂકીને ચાલે છે કે એમને યાદ જ નથી કે માથું ઊંચું રાખીને જીવવાની મઝા શું છે. આકાશ અત્યારે તારલિયાના સૌન્દર્યથી ઝળહળે છે. અત્યારે ચડતી કળાનો ચન્દ્ર છે અને હવે પૂનમ પસાર થઈ જતાં ચન્દ્ર સાથે હેમંત ઋતુ પણ ઢળતા ઢાળે છે. પાનખરને આવવાને હજુ વાર છે તો પણ પોષ મહિનાની કાતિલ ઠંડીનાં સૂસવાટા હોય એવા પવનોએ ઉત્તર ભારતને ઘેરી લીધું છે. એની અસર ભારતમાતાની બંને ભુજાઓ એટલે કે દૂર પૂર્વ ભારત અને અહીં પશ્ચિમ ભારત સુધી પણ પડી છે. શિયાળાની રાત્રિઓ એકાએક જમાવટ કરી રહી છે. ઠંડીને કારણે સન્નાટો. રાતના નવ વાગ્યા પછી તો ચોતરફ મધ્યરાત્રિ જેવો માહોલ છવાઈ જાય છે. ભારતમાં આ વખતે સૌથી વધુ જ્યાં ઠંડી પડી રહી છે તે ઉત્તરાખંડ, રાજસ્થાનમાં તો શીતલહેરનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. પાટનગર નવી દિલ્હીમાં તો દરરોજ ઉષ્ણતામાન બે ત્રણ ડિગ્રી ગોથું લગાવે છે. કાશ્મીરથી શરૂ કરીને ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં બરફ વર્ષા શરૂ થઈ ગઈ છે. પહાડો પર ઝરમર બરફનો વરસાદ શરૂ છે એને કારણે તળેટીના વિસ્તારોમાં કાતિલ ઠંડી છે. ઉત્તર ભારતના તમામ શહેરોમાં આ વર્ષે ઠંડી વિક્રમ જનક આંકડા સુધી પહોંચવાની છે. જ્યાં કદી પણ ઉષ્ણતામાન માઈનસમાં ગયું નથી ત્યાં આ વર્ષે જશે. રાજસ્થાનમાં આબુમાં ગુજરાતી પ્રવાસીઓ ધારે ત્યારે પાછા ફરી શકતા નથી. સરોવરો થીજી ગયા છે. કારણ કે હમણાં તો અહીં ઉષ્ણતામાન શૂન્યથીય નીચે રહે છે. સમગ્ર અર્બુદા પર્વતને ધુમ્મસનો જબરજસ્ત ઘેરાવો છે. તળાવની સપાટી પર બરફના થર જામી ગયા છે. જો પ્રવાસી તંદુરસ્ત ન હોય તો તેમના માટે આબુનો પ્રવાસ જિંદગીની અંતિમ સફર બની જાય છે. આ વર્ષે તો મધ્યપ્રદેશમાં પણ ઠંડીએ વહેલો સપાટો બોલાવ્યો છે. સરોવરની નગરી ભોપાલમાં તો ચારે બાજુ મેઘરવો છવાઈ જાય છે. રાજ્યના દરેક શહેરોમાં સૂર્ય બહુ ઊંચે ન આવે ત્યાં સુધી ટ્રાફિક ધીમા ઝરણા જેવો થઈ જાય છે. કારણ કે વાતાવરણમાં દ્રશ્ય ક્ષમતા નહિવત્ હોય છે. હેમંત ઋતુની ફૂલગુલાબી ઠંડીએ હવે વિદાય લઈ રહ્યો છે અને એના સ્થાને શિશિર ઋતુના પવનોએ પ્રવેશ કર્યો છે. એનો અર્થ છે કે આ વર્ષે હજુ બહુ જ ઠંડી પડવાની છે. ચીનમાં અતિશય ઠંડા વાતાવરણમાં વાયરસનું આયુષ્ય વધી જાય છે અને સંક્રમણ પણ વધે છે. તબીબી વૈજ્ઞાનિકો એની ચિંતા કરે છે. બ્રિટન અને અમેરિકા અત્યારે કોરોના વેરિયેન્ટના પુનઃ પડાવ બની જવાની દહેશત છે. ચીન હજુ પણ કોરોનાનું પ્રસ્તારકેન્દ્ર છે. ચીનમાં કોરોનાની આગેકૂચથી અનેક એશિયન દેશોની સરકાર ફફડી રહી છે. કાશ્મીરમાં ગુલમર્ગનું તાપમાન માઈનસ ૧૨ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. કાશ્મીર ખીણમાં કુલ્લુ વિસ્તારમાં શૂન્યથી નીચે સાત ડિગ્રી સુધી ઠંડી પડે છે.

# આ કિસ્સો વાંચીને એમ લાગે કે આ તહેવારોની રંગત શું આપણી પૂરતી જ સિમિત છે, ગરીબોને દીવાળી કે મજબૂરી?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)





હે ઈશ્વર.

આજે આસો વદ દસમની વૃદ્ધિ તિથી એટલે કે દિવાળીના તહેવારોની શુભ શરુઆત થઈ ગઈ કહેવાય! પણ આ તહેવાર શું ખરેખર દરેક માટે શુભ નું કંકુ લઈ ને આવે છે?? અને તહેવારોને લીધે દરેક વર્ગમાં જુદી જુદી ઉત્સાહની લાગણી વર્તાય છે. કોઈ ને આંગણે નૂતન તોરણો ઝૂલવા લાગ્યા છે તો કોઈ ને હજી બોનસ વગેરે આવે ત્યારે બધું જ ખરીદવાનું બાકી છે. તો કોઈ કોઈ ને ઘેર તો આ બધું તો ઠીક પણ દીવડો પ્રગટાવવા જેટલું તેલનું પણ નસીબ નથી! અને આ કોઈ બીજા ગ્રહની વાત નથી આપણાં જ સમાજની સચ્ચાઈ છે! જ્યાં માતા પિતા પોતાના બાળકને સમજાવી શકે એમ ન્હોય ત્યારે એમને આ તહેવારો આફત જેવા લાગે. હિન્દુ સનાતની સંસ્કૃતિ માં તહેવારો ને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે અને એનું કારણ સમાજનો દરેક વર્ગ સાથે મળીને તહેવાર ઉજવે તો એકતા ની ભાવના વધે પણ સમયનું ચક્ર ફરતું ગયું અને મુલ્યો બદલાઈ ગયાં. ધીરેધીરે માનવી સ્વ કેન્દ્રિત વિચાર સરણી ધરાવતો થયો અને એને કારણે અમુક વર્ગ તિરસ્કૃત થતો ગયો.

જે ચાદ માં રહેલ કાળા ડાઘ જેમ દૂરથી પણ દેખાય છે. તો આજે બુધવાર છે અને બોધકથા નો વારો હોવાથી એક અતિ ગરીબ અને મજબૂર સ્ત્રી કે જે એક માતા પણ છે, એને પોતાના બાળકની ખુશી માટે કેવો સોદો મંજૂર રાખવો પડ્યો એ વાંચીને એમ થાય કે, ગરીબોને તો દિવાળી એ તહેવાર છે કે મજબૂરી??? શાંતા તેલનો શીશો લઈ અને સાંજના વાળુ માટે શાક કરવાનું વિચારતી હતી, અને જોયું તો એમાં સાવ તળીયે તેલ હતું. એટલી જ વારમાં રામુ દોડતો દોડતો ઝૂંપડીમાં આવ્યો અને બોલ્યો, મા બધે જ દિવાળીના દીવડાઓ પ્રગટે છે, આપણે પણ એક દીવો કરવો છે!! શાંતા પોતાના નાનકડા દીકરાને કેમ સમજાવે કે, ગરીબ ને વળી દિવાળી શું ને હોળી શું!! એને તો નસીબ જ ફૂટેલા હોય જે મળે તે ખાઈ ને જીવન ગુજારો કરવાનો હોય! વાત જાણે એમ હતી કે શાંતા એક વિધવા હતી, અને રામુ તેનો એકનો એક દીકરો હતો.

એનો ધણી એટલે શિવાજી જીવતો હોત તો જીવન કંઈક જુદું જ હોત એમ તો આટલાં ખરાબ દિવસ ન હોત !! શિવાજી એક કાપડની મિલમાં કામ કરતો હતો અને શાંતા સાથે તેના લગ્ન થયા પ્રમાણમાં ખાતેપિતે સુખી એવું ઘર હતું, અને સાસુ-સસરા પણ સારા હતાં. એટલે શાંતા ને કોઈ તકલીફ ન હતી.

પરંતુ લગ્નનાં પાંચ વર્ષ બાદ માંડ સારા દિવસો રહ્યાં, અને એક દિવસ મિલમાં કોઈ એક્સિડન્ટમાં શિવાજી ને શોટ લાગતા તેનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું મેઈલ માંથી અમુક રૂપિયા મળ્યા વિમાના પણ અમુક મળ્યા. પરંતુ આવનાર બાળક અને તેની મા બંને અપ શુકન્યાનીયાળ છે એવી સમાજમાં વાતો થવા લાગી અને સાસુ-સસરાએ શાંતા ને ઘરમાંથી કાઢી મૂકી, શાંતા દેખાવે પ્રમાણમાં સુંદર કહી શકાય એવી હતી, એટલે આ સમાજમાં એકલી સ્ત્રીને રહેવું બહુ કઠિન હતું. સમાજના ભૂખ્યા વરુ જેવા લોકોની નજરમાંથી એ કેમ બચી શકે, અને એવી એકાદ બે ઘટના ઘટી પણ ખરી એને પોતાની ઈજ્જત બચાવવી મુશ્કેલ લાગતું હતું. ત્યાં તેને રમેશે કહ્યું આ સંસારમાં તું આ રીતે સુરક્ષિત રહી શકે એમ નથી હું જે ઝૂંપડપટ્ટી માં રહું છું, ત્યાં તું આવી જા કોઈ તારું નામ નહીં લે, કારણ રમેશ આ શહેરનો ડોન કહેવાતો હતો, અને તેની વસ્તી તરફ કોઈ બુરી નજર નાખે એનું મોત પાક્કું. આમ શાંતા આ ઝૂંપડપટ્ટી નો હિસ્સો બની અહીં જ રામુ નો જન્મ થયો, અને મંદિર ના ઓટલે બેસી એ ભીખ માંગતી હતી,રમેશ ગુંડો હતો, અને એને શાંતા પસંદ હતી પણ એ તેની મરજી વગર હાથ પણ અડકાડશે નહીં એવું એણે વચન આપ્યું હતું. પરંતુ સ્વમાની શાંતા ને પોતાના ચરિત્ર ના ભોગે કોઈ વાત મંજૂર નહોતી,કારણ કે રમેશ શાદીસુદા હતો અને શાંતા રખાત બનવા માંગતી નહોતી, તેમજ રમેશ છૂટાછેડા આપે એ પણ તેને મંજૂર નહોતું,કારણ વગર કારણે તેને દંડ શું કામ મળે! એ રમેશ ની રહેમ પર જીવવા પણ માંગતી ન હતી એટલે એની પાસે થી રુપિયા પણ લેતી નહતી. આજે દિવાળીની રાત હતી અને બધે જ રોશની, તથા દીવડા ઝગમગ થતા હતાં.

નાનકડા એવા રામુ ને પણ એમ હતું કે તેની ઝૂંપડીની બહાર પણ દિવા પ્રગટે, તો કેટલું સુંદર લાગે, અને તેણે તેની મા શાન્તા ને કહ્યું કે મા આપ ણે પણ દીવો પ્રગટાવો છે? શાંતા જાણતી હતી કે એ શક્ય બને તેમ નથી, એટલે તેની વાત ટાળતા કહ્યું કે, આપણી પાસે તો કોડિયા પણ નથી!! અને રામુ દોડતો શેરીને નાકે બેઠેલાં મનજી પાસે પહોંચી ગયો, મનજી એક કુંભાર હતો, અને બજાર તરફ જતી ગલીના નાકે બેસીને કોડિયા વેચતો હતો. રામુએ મનજી ને કહ્યું કે મારે ઘરે દિવાળીનો દીવડો પ્રગટાવો છે, એક કોડિયું આપોને કાકા!! અને મનજીએ તરત જ એક કોડિયું આપી દીધું હતું.

શાંતા એ ટાળવા માટે કહ્યું હતું કે કોડિયું નથી,પણ રામુ તો તરત જ દોડીને આવ્યો, અને કહ્યું કે મા લે હવે કોડીયું લઈ આવ્યો છું, હવે આપણે પણ દીવડો કરવો છે ને? શાંતા વિચારતી હતી કે ભગવાન કોણ જાણે કેટલી પરીક્ષા લેશે! અને શાંતા એ દિવસે તેલ વગરનું શાક કરી ને પણ દીકરા નું મન રાખવા દીવડો કર્યો. રાત્રે સૂતી વખતે શાંતા વિચારતી હતી, કે આમ ક્યાં સુધી ચાલશે? છેવટે દીકરાનાં ભવિષ્ય માટે પણ મારે કંઈક સમાધાન કરવું પડશે! ભલેને પછી નામ આગળ એક લેબલ લાગે તેના નામ આગળ રમેશની રખાત..... આમ જ એક સ્ત્રીની મજબૂરી કે મમતા તેને ચૂક કરાવે, પણ સમાજને એ ક્યાં દેખાય છે !!! બિચારી શાંતા... મિત્રો આવાં તો કેટલાંય ઝૂંપડા હશે જેમાં એક દીવડો પ્રગટાવવા ન જાણે કેટલાય સમાધાન કરવા પડતાં હશે અને ક્યાંક ક્યાંક તો રૂપાળી ન હોય તો ભીખ, ચોરી, લૂંટ, છેતરપિંડી અને ન જાણે કેટલુંય! પણ આખરે આ બધાં માટે કોણ જવાબદાર છે?? શું માત્ર પ્રારબ્ધને દોષ દેવો પર્યાપ્ત છે?? તમે પણ વિચારો! એકાએક ફુલઝર નો તિખારો હદયમાં ચંપાઈ ગયો હોય એવું લાગ્યું ને ?? અને સાચું કહું ઘડીક તો બધાને લાગ્યું જ હશે પણ આ સંવેદના કાયમ નથી રહેતી માટે સમય જ બદલાય છે સમાજ બદલાતો નથી એટલે કે સર્વાંગી વિકાસ થતો નથી અને અમીરી ગરીબીની રેખાનો ગ્રાફ વધતો જ જાય છે.

# ભગવાન વિચાર કરતા નથી કે, આ તવંગર છે કે ગરીબ, જ્ઞાની છે કે અભણ, મોટો છે કે નાનો છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



જીવ અનુભવ કરતો નથી કે મારી સાથે ઈશ્વર છે.જીવ માત્રના સાચા મિત્ર નારાયણ છે. ભગવાન વિચાર કરતા નથી કે, આ તવંગર છે કે ગરીબ છે, જ્ઞાની છે કે અભણ છે, મોટો છે કે નાનો છે. ભગવાન એક વિચાર કરે છે, તેને મારામાં પ્રેમ છે કે નહીં. પરમાત્માને પ્રેમથી પોકારો એટલે તે દોડતા આવે છે.માટે એકાંતમાં પ્રભુને તમારા દુઃખની કથા કહેજોને કરગરજો કે, ભગવાન આ પાપની આદત છૂટતી નથી. મારા પર કૃપા કરો. પ્રભુને આ પ્રમાણે પ્રાર્થના કરશો તો પ્રભુ જરૂર સાંભળશે.બાળક જીવ વિચારમાં પડી જાય છે કે,શું મારા જેવા બાળને ભગવાન મળે? સુનીતિ કહે છે, કે મળે! ભગવાન વેશ જોતા નથી, ઉંમર જોતા નથી. માત્ર હૃદય જુએ છે. એ ભાષા નથી જોતા, માત્ર ભાવ જુએ છે.પ્રેમથી જે ઈશ્વરને પોકારે તેની સમક્ષ પરમાત્મા પ્રગટ થાય છે. આતુરતા વગર ભગવાન મળતા નથી. આરતી પણ આર્ત બનીને ઉતારો.ઉપનિષદમાં ઈશ્વરે કહ્યું છે, આ જીવ મારો પુત્ર છે. એ અમૃત નો પુત્ર જીવને મારી ગોદમાં લેવા હું તૈયાર છું; પણ તે મારી પાસે આવતો નથી.શ્રીનાથજીનો ઊંચો કરેલો હાથ જોઈ એક વૈષ્ણવે તેઓને પૂછ્યું, હે શ્રીનાથજી બાબા, આપે એક હાથ ઊંચો કેમ રાખ્યો છે? ત્યારે શ્રીનાથજીએ કહ્યું, મારાં બાળકો બધાં ભૂલી ગયાં છે. હું તેઓને ઊંચો હાથ કરીને રોજ બોલાવું છું; પણ તેઓ મારી પાસે આવતા નથી. સુનીતિએ વિચાર કર્યો. બાળક મને તો વંદન કરે છે,પણ ઓરમાન માને સદ્ભાવથી વંદન કરે તો તેનું કલ્યાણ થાય. કોઈ પ્રત્યે દ્વેષ રાખી ઈશ્વર આરાધના કરવા જાય તો આરાધના સફળ ન થાય. સુચિ માટે મનમાં અરુચિ રાખીને જાય, કુભાવ રાખીને જાય તો તેના નારાયણનું ધ્યાન નહીં કરે. સુરુચિનું ધ્યાન કરશે.

એટલે સુનીતિ ધ્રુવને સમજાવે છે કે, તું મારો ડાહ્યો દીકરો છે. બેટા, તારું અપમાન થયું તે મને તારા પૂર્વ જન્મના કોઈ કર્મનું ફળ લાગે છે. લાભહાનિ, સુખદુઃખ માન અપમાન આ બધા પૂર્વજન્મના કર્મોનું ફળ છે. જ્ઞાની હસતાં હસતાં એ સહન કરે છે અજ્ઞાની રડતાં રડતાં એ સહન કરે છે. વાવ્યું તેવું મળે છે. માટે તારી ઓરમાન માને વડીલ સમજી વંદન કરીને એમના પણ આશીર્વાદ લઈ તું વનમાં જા. ભગવાન તારા પર જલદી પ્રસન્ન થશે. જે સુરુચિએ બાળકનું અપમાન કર્યું છે તેને વંદન કરવા સુનીતિ ધ્રુવને મોકલે છે. ધન્ય છે સુનીતિને! આનું નામ સુનીતિ. આવી સુનીતિ જેના ઘરમાં હોય તેના ઘરમાં કળિ જાય નહીં. પાંચ વર્ષનો બાળક ધ્રુવકુમાર ઓરમાન માતા સુરુચિને વંદન કરવા આવે છે. સુરુચિ અક્કડમાં ગાદી ઉપર બેઠી છે. ધ્રુવજી તેને સાષ્ટાંગ વંદન કરે છે. પછી કહે છે, મા, હું વનમાં જાઉં છું. તમારા આશીર્વાદ લેવા આવ્યો છું. સુરુચિએ ઝટ ઝટ વિચાર કરી લીધો કે, જો ધ્રુવ અહીં રહેશે તો ઉત્તમના રાજ્યમાં ભાગ પડાવશે એટલે તે બોલી, બહુ સારું, જા મારા આશીર્વાદ છે. બાળક વંદન કરે છે તો પણ સુરુચિના દિલમાં કાંઈ લાગણી થતી નથી.

સ્વભાવને સુધારવો કઠણ છે. કારણ કે કસ્તૂરીની ક્યારી કરી, કેસરનું ખાતર નાખી ગુલાબજળની સિંચાઈ કરવામાં આવે તોયે ડુંગળી તો ડુંગળી જ રહેશે. સત્કર્મનું પુણ્ય અતિશય ન વધે ત્યાં સુધી સુધરે નહીં. માતા સુનીતિ પાંચ વર્ષના બાળકને વનમાં તપશ્ચર્યા કરવા મોકલે છે ત્યારે આજની માતાઓ બાળકોને સિનેમા જોવા મોકલે છે! સિનેમા જોવાથી આંખ બગડે, શરીર બગડે, મન બગડે અને અંતે જીવન બગડે છે. પૈસા ખર્ચીને બધો બગાડ ખરીદવો એ કેવી વાત? આ હસવાની વાત નથી, રડવાની વાત છે.બાળક ચરિત્ર હીન પાકે તો એમાં માતાનો વાંક, મૂર્ખ પાકે તો પિતાનો વાંક, કંજૂસ પાકે તો વંશનો વાંક અને દરિદ્ર પાકે તો બાળકનો પોતાનો વાંક સમજવો. બે માતાઓના આશીર્વાદ મેળવી પાંચ વર્ષનો ધ્રુવકુમાર વનમાં જાય છે. મનમાં વિચારે છે કે વનમાં વાઘ, વરુ મને મારશે તો નહીં ને? જવાબમાં એનું મન કહે છે, ના, ના. હું એકલો નથી. મારી માએ મને કહ્યું છે કે, તું જ્યાં જાય ત્યાં નારાયણ તારી સાથે છે.સર્વને વંદન કરીને સર્વના આશીર્વાદ મેળવીને ઘર છોડી જાય છે, તેને રસ્તામાં સંત મળે છે. ઝઘડો કરીને જાય તેને સંત મળતા નથી.

કેટલાક ઝઘડો થાય એટલે ઘર છોડે છે અને બાવા બને આવા બાવાના બંને બગડે છે. રસ્તામાં ધ્રુવજીને નારદજી મળે છે. ધ્રુવજી વિચાર કરે છે કે, આ કોઈ સંત લાગે છે. માતાએ સારા સંસ્કાર ૨૪૧ પાડેલા. રસ્તામાં કોઈ સાધુ મળે તેને સાષ્ટાંગ પ્રણામ કરવા. ધ્રુવજી નારદજીને સાષ્ટાંગ પ્રણામ કરે છે. પ્રણામ સાષ્ટાંગ એટલે શું? પ્રકૃતિ અષ્ટધા છે. તે આઠે પ્રકૃતિથી પરમાત્મામાં મળી જવાની કચ્છા બતાવવા સાષ્ટાંગ પ્રણામ થાય છે. પ્રણામથી આત્મનિવેદન થાય છે. અધિકારી શિષ્યને સદગુરુ રસ્તા માં જ મળે છે. સદ્ગુરુ તત્ત્વ અને ઈશ્વર વ્યાપકને શોધવાની જરૂર પડતી નથી,તેમને ઓળખવા ની જરૂર છે. બાળકનો વિનયજોતાં નારદજીને અતિશય આનંદ થયો. તેમણે ધ્રુવના માથા ઉપર હાથ મૂક્યો.કોઈ મહાપુરુષ નો હાથ મસ્તક ઉપર આવે છે ત્યારે મનના વિકારો શાંત થાય છે. વિચારે છે કે, મારી માના આશીર્વાદથી રસ્તામાં મને બીજી મા મળી ગઈ છે. ધ્રુવ એક મા બાળકને સ્તનપાન કરાવી પુષ્ટિ આપે છે. ગુરુરૂપી મા કાયમને માટે સ્તનપાન છોડાવે છે એટલે જન્મમરણના ત્રાસમાંથી મુક્તિ અપાવે છે. ફરી કોઈ વખત જન્મ લઈ સ્તનપાન કરવું ન પડે. સ્તનપાન કરાવનાર મા શ્રેષ્ઠ કે સ્તનપાન છોડાવનાર મા શ્રેષ્ઠ? ગુરુ શ્રેષ્ઠ છે?નારદજી પૂછે છે કે, બેટા તું ક્યાં જાય છે? જવાબમાં ધ્રુવજી કહે છે કે, હું ભગવાનના દર્શન માટે વનમાં તપસ્યા કરવા જાઉં છું.મારી માએ કહ્યું છે કે,મારા પિતા નારાયણ છે. મારા પિતા નારાયણ ની ગોદમાં બેસવા જાઉં છું. આ સાંભળી નારદજી પ્રસન્ન થાય છે. તેઓ ધ્રુવના નિશ્ચયની પરીક્ષા કરે છે. સદ્ગુરુ શિષ્યની પરીક્ષા કરે છે પછી ઉપદેશ આપે છે. નારદજી બોલ્યા,તું બાળક છે. બાલ્યાવસ્થા તો રમવા માટે છે. ભગવાનને પ્રસન્ન કરવાનું સહેલું નથી. મોટામોટા પુરુષો માટે આ કામ દુરારાધ્ય છે. અરે મોટામોટા ઋષિઓ અનેક જન્મથી ઈશ્વરનું આરાધન કરે છે.તેને પણ ભગવા ન મળતા નથી.મોટા મોટા મુનિઓ પણ ભગવાનના માર્ગને શોધે છે, છતાં તેને જાણી શકતા નથી.

# આ કારણોસર કાળી ચૌદશને કહેવાય છે નરક ચતુર્દશી



કાર્તિક મહિનાના કૃષ્ણ પક્ષની ચતુર્દશી એટલે કાળી ચૌદસ. જેને લોકો રૂપ ચૌદસ, નરક ચૌદશ, ભૂત ચતુર્દશી અથવા રૂપ ચતુર્દશી તરીકે ઓળખે છે.કેટલીક જગ્યાએ તો છોટી દીપાવલી પણ કહેવામાં આવે છે. આ દિવસે માતા કાલી અને કષ્ટભંજન દેવની પૂજાનું વિશેષ મહત્વ રહેલું છે.સાથે મૃત્યુના દેવતા યમની પણ પૂજા કરવામાં આવે છે. હિન્દુ ધર્મમાં કાળી ચૌદસનું ખૂબ મોટું મહત્વ રહેલું છે.બંગાળી લોકો આ દિવસે મહાકાળી માતા અથવા શક્તિની દેવીની પૂજા કરે છે.શાસ્ત્રો અનુસાર આ દિવસે કાળકા માતાએ નરકાસુરનો વધ કર્યો હતો. તેથી તેને નરક ચતુર્દશી તરીકે ઓળખાય છે. નરક ચતુર્દશી સાથે જોડાયેલી એક કથા એવી પણ છે કે, જ્યારે દ્વાપર યુગમાં નરકાસુર નામનો રાક્ષસ લોકોને રંજાડતો હતો. ઋષિમુનિઓને ત્રાસ આપતો હતો. તેને ૧૬,૧૦૦ રાણીઓને બંધક બનાવી હતી. ત્યારે તેના ભયાનક આતંકથી છુટકારો મેળવવા માટે બધા દેવતાઓ ભેગા મળી ભગવાન શ્રીકૃષ્ણ પાસે ગયા. પરંતુ નરકાસુરનું મૃત્યુ કોઈ સ્ત્રીના હાથે જ થશે તેવો તેને શ્રાપ હતો. દેવતાઓની પ્રાર્થના સ્વીકારી ભગવાન શ્રીકૃષ્ણ નરકાસુરનો વધ કરવા તેમની સાથે તેમની પત્ની સત્યભામાને લઈ ગયા હતા. એ પછી નરકાસુરનો વધ કર્યો અને તેને બંધક બનાવેલી ૧૬,૧૦૦ રાણીઓને મુક્ત કરાવી હતી. પરંતુ રાણીઓ મુક્ત થયા તેમને ચિંતા થવા લાગી કે હવે તેમને સમાજમાં કોણ સ્વીકારશે? તેઓ ક્યાં જશે? તેમને કોણ આશ્રય આપશે? એ પછી ભગવાન શ્રીકૃષ્ણે ૧૬,૧૦૦ રાણીઓ સાથે લગ્ન કર્યા હતા. ત્યારથી આ બધી રાણીઓ શ્રીકૃષ્ણ ભગવાનની પત્ની તરીકે ઓળખાવા લાગી. બધા દેવતાઓ પણ ખૂબ પ્રસન્ન થયા. જ્યારે નરકાસુરનો સંહાર કર્યો ત્યારે ચૌદશની તિથિ હતી. તેથી આ દિવસને નરક ચૌદશ અથવા નરક ચતુર્દશી પણ કહેવાય છે. આ સિવાય પુરાણો અનુસાર ભગવાન વિષ્ણુએ પણ દૈત્યરાજ બલિનું ઘમંડ ઉતારવા આ દિવસે વામન અવતાર લીધો હતો. આ સિવાય કાળી ચૌદશના દિવસે અભ્યંગ સ્નાનનું પણ વિશેષ મહત્વ રહેલુ છે. આ દિવસે સૂર્યોદય પહેલા જો શરીર પર માટી લગાવીને સ્નાન કરવામાં આવે તો વ્યક્તિને દરેક રોગમાંથી મુક્તિ મળે છે.

# આંતરડામાં જામેલી ગંદકીને નીચોવીને બહાર ફેંકી દેશે આ વસ્તુનો રસ, આ રીતે સેવન કરો







પેટ સાથે સંબંધિત સમસ્યા જ્યારે થાય છે ત્યારે તેનાથી હંમેશા મૂડ પણ ખરાબ રહે છે. ક્યાંક જવામાં પણ શરમ અનુભવાય છે. આવી સ્થિતિમાં વ્યક્તિ માનસિક બીમારીનો પણ ભોગ બની શકે છે. ખરેખર, પેટ સંબંધિત સમસ્યાઓ માટે ઘણા કારણો જવાબદાર છે. જ્યારે આપણે ફાઈબરથી ભરપૂર ખોરાક ઓછો લઈએ છીએ, ઓછું પાણી પીતા હોઈએ છીએ અથવા જંક કે ફાસ્ટ ફૂડનું વધુ સેવન કરવાનું શરૂ કરીએ છીએ ત્યારે પેટ સંબંધિત ઘણી સમસ્યાઓ આપણને પરેશાન કરવા લાગે છે. કેટલાક લોકો વારંવાર પેટમાં ગેસ, અપચો, પેટ ફૂલવું, કબજિયાત વગેરેની ફરિયાદ કરે છે. જો તમે પણ આ સમસ્યાઓથી પરેશાન છો તો થોડા દિવસો સુધી ઘરે બનાવેલી સ્મૂધીનું સેવન કરો. થોડા જ દિવસોમાં પેટ સંબંધિત જૂની સમસ્યાઓ પણ ખતમ થઈ જશે. હેલ્થલાઈનના રિપોર્ટ અનુસાર, જો ફૂડમાં ફાઈબરની માત્રા વધારે હોય તો કબજિયાત અને ગેસની સમસ્યાથી છુટકારો મેળવી શકાય છે.

આ હિસાબે એપ્પલ સ્મૂધી એકદમ પરફેક્ટ સાબિત થઈ શકે છે. સફરજનમાં ફાઈબર અને એન્ટીઓક્સીડેન્ટનું પ્રમાણ વધુ હોય છે જે પેટની ગંદકીને બહાર કાઢે છે. આ માટે સફરજનની છાલ ન કાઢો, તેને સાફ કરીને ગ્રાઈન્ડ કરી લો અને જો તમે ઈચ્છો તો તેમાં ખજૂરને પણ ગ્રાઈન્ડ કરી લો. હવે થોડા દિવસો સુધી દરરોજ તેનું સેવન કરો. બે દિવસમાં પેટમાંથી બધી ગંદકી નીકળી જશે. વેજીટેબલ સ્મૂધી માટે સૌથી પહેલા કોબીજ, ફુલાવર, બ્રોકોલી, પાલક, ટામેટા, ગાજર, દૂધી, કારેલા, પાલક વગેરે જેવા હાઈ ફાઈબર યુક્ત શાકભાજીને બાફી લો અથવા તેને બાફ્યા વગર ગ્રાઉન્ડ કરીને મસાલેદાર સ્મૂધી બનાવી લો. લીલા શાકભાજીની સામગ્રીને ફેંકશો નહીં પરંતુ તે બધાની સ્મૂધી બનાવો. તેનાથી તમને પુષ્કળ પ્રમાણમાં ફાઈબર અને એન્ટીઑકિસડન્ટો મળશે અને પેટ સંબંધિત જૂની સમસ્યાઓથી રાહત આપશે. સત્તુ-લેમન સ્મૂધી-ચણાના સત્તુ પેટ સાફ કરવા માટે ખૂબ જ અસરકારક ઔષધિ છે. તેને બનાવવામાં પણ ખૂબ જ સરળ છે. સૌ પ્રથમ સત્તુ લો. એક ગ્લાસમાં લગભગ ૫ થી ૭ ચમચી સત્તુ મિક્સ કરો અને તેને સારી રીતે ફેંટી લો. આ પછી તેમાં સંચળ, લીંબુ અને અજમાનો પાવડર ઉમેરો. જો તમે ઈચ્છો તો તેમાં ગોળ અને મરચું પાવડર પણ ઉમેરો. આ પેટ માટે બેસ્ટ સ્મૂધી સાબિત થઈ શકે છે. જો તમે પેટ સંબંધિત ગંભીર સમસ્યાઓથી પરેશાન છો તો કાકડી-લીંબુ અને નારંગીની સ્મૂધી બનાવો. આ માટે કાકડી અને નારંગીને છોલી લો. હવે બંનેને મિક્સરમાં પીસી લો. ધ્યાન રાખો કે તેમાંથી રસ નથી કાઢવાનો. આ બેમાંથી સ્મૂધી બનાવવાની છે. તેમાં કાકડી અને નારંગીનો પલ્પ પણ હોવો જોઈએ. જ્યારે તે તૈયાર થઈ જાય ત્યારે તેમાં લીંબુનો રસ નાખીને તેનું સેવન કરો. પાલક-પાઈનેપલ સ્મૂધી- આને બનાવવા માટે તમારે પાલકના પાન, અજમાના પાન, કાકડી અને પાઈનેપલની જરૂર પડશે. આ બધાને પીસીને તેમાં ચિયા સીડ્સ ઉમેરો. પેટની તમામ સમસ્યાઓ થોડા દિવસોમાં દૂર થઈ શકે છે.

# તરત ખબર પડી જશે ચાંદીના સિક્કા નકલી છે કે અસલી

દેશભરમાં ફેસ્ટિવલનો માહોલ ચાલી રહ્યો છે. ધનતેરસથી દિવાળીના તહેવારની શરૂઆત થઈ જશે, આ દિવસે લોકો સોનુ ચાંદી ખરીદી ઘરે લાવે છે. આ વર્ષે પણ દરેક વર્ષની જેમ લોકો બજારમાં ચાંદીના સિક્કા ખરીદવા જઈ રહ્યા છે. શું તમે પણ બનાવી રહ્યાં છો ચાંદીના સિક્કા ખરીદવાનો પ્લાન તો થઈ જાઓ સાવધાન, કારણ કે નકલી ચાંદીના સિક્કાનો બજાર વધી રહ્યો છે.



આ દિવસોમાં નકલી અને ભેળસેળ વાળા ચાંદીના બનાવતી સિક્કાનો વેપાર ખુલ્લેઆમ ચાલી રહ્યો છે.આજે અમે તમને અસલી અને નકલી ચાંદી વચ્ચે સરળતાથી તફાવત કેવી રીતે કરવો તે જણાવવા જઈ રહ્યા છીએ. સૂત્રો અનુસાર ૧ કિલો નકલી સિક્કા બનાવવાનો ખર્ચ ૮૦૦-૯૦૦ રૂપિયા સુધી આવે છે. ત્યાં જ બજારમાં આ ૫૫ હજારથી ૫૭ હજાર રૂપિયા કિલોના ભાવથી વેચવામાં આવે છે. જર્મન સિલ્વરને બનાવવાને લઈ તાંબું, નિકલ અને જસ્તાનો ઉપયોગ થાય છે. આ જીવમાં એકદમ ચાંદી જેવો હોય છે પરંતુ એમાં ચાંદી નામની કોઈ વસ્તુ હોતી નથી. તમને જણાવી દઈએ કે એવું કરવા વાળા લોકો ૬૫%, ૭૦% અને ૮૦% શુદ્ધતા વાળા ચાંદી માટે તમારી પાસે ૧૦૦% વાળી કિંમત વસૂલવામાં આવે છે. સાથે જ એના પર મેકિંગ ચાર્જ લે છે.

પથ્થર પર ચાંદીના સિક્કા ઘસવાથી જો તેમાં સફેદ લીટી બની જાય તો સમજી જાઓ આ ચાંદી અસલી છે. જો લીટીનો રંગ પીળો થઈ જાઓ તો સમજી જાઓ ચાંદી ભેળસેળ વાળું છે. ચાંદી ખરીદતી સમયે તેમે એનું ચુંબક ટેસ્ટ કરી શકો છો.જો ચાંદી ચુંબક તરફ આકર્ષિત થાય છે તો એ અસલી ચાંદી નથી. બરફના ટુકડાથી પણ ચાંદી ઓળખી શકાય છે. તમે બરફના ટુકડા પર અસલી ચાંદીના સિક્કા રખાવાથી બરફ જલ્દી પીગળી જાય છે.

# જો તમારે પછીથી સફળ થવું હોય તો તમારે હવે નાખુશ થવું પડશે?



આપણામાંના મોટા ભાગના, અમુક સમયે અથવા બીજા સમયે, વિચારે છે કે જ્યારે આપણે કોઈ ચોક્કસ લક્ષ્ય પ્રાપ્ત કરીએ છીએ ત્યારે આપણે ખુશ થઈશું. આ માટે હું પણ દોષિત છું. ઘણી વખત એવું બન્યું છે કે મેં ધાર્યું છે કે હું ચેમ્પિયનશિપ જીત્યા પછી અથવા મેં સફળ બિઝનેસ બનાવ્યા પછી અથવા ઠરૂઢ ગોલ કર્યા પછી સંતોષ અને સફળતા મળશે. સમાજ આપણને કહે છે કે આ સારી વાત છે. અમે એથ્લેટ્સ વિશે સાંભળીએ છીએ જે ટોચ પર ન પહોંચે ત્યાં સુધી ક્યારેય સંતુષ્ટ થતા નથી. અમે એવા ઉદ્યોગસાહસિકો વિશે સાંભળીએ છીએ જેમણે વિશ્વને બદલી નાખનાર વ્યવસાય બનાવવા માટે ઉન્મત્તની જેમ કામ કર્યું. મૂળ વિચાર એ છે કે ચલાવવા માટે, તમારે અસંતુષ્ટ પણ હોવું જોઈએ. બીજા સ્થાનથી અસંતુષ્ટ. સરેરાશથી અસંતુષ્ટ. પછી તમારી પાસે સમીકરણની બીજી બાજુ છેઃ એવા લોકો કે જેઓ જીવન જેવું છે તેનાથી ખુશ છે. તેઓ કહે છે કે તમારે “વધુ ઈચ્છતા નથી” ની કુશળતા વિકસાવવાની જરૂર છે. કે તમે અત્યારે જ્યાં છો ત્યાં ખુશ રહી શકો. કે તમે પહેલેથી જ સંપૂર્ણ છો. મને ખુશ રહેવું ગમે છે. તે મજા છે. જ્યાં સુધી હું કોઈ સીમાચિહ્ન સુધી પહોંચું નહીં ત્યાં સુધી હું ખુશીમાં વિલંબ કરવા માંગતો નથી. પણ મને સારું થવું પણ ગમે છે. હું જીવનમાં કરી શકું તેનાથી ઓછા માટે સ્થાયી થવા માંગતો નથી. હું રસ્તામાં ખુશ રહેવા અને મારા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માંગુ છું. લાંબા સમય સુધી, તે મને પરેશાન કરતું હતું કે ખુશ રહેવું (સંતુષ્ટ હોવું) અને ચલાવવું (અસંતુષ્ટ હોવું) એકબીજા સાથે વિરોધાભાસી હોય તેવું લાગતું હતું. મને હજી પણ આમાં ઘણું બધું સમજાયું નથી, પરંતુ હું જે લોકોનો વધુ અભ્યાસ કરું છું જેમણે મોટી સફળતા મેળવી છે, તેટલું વધુ મને લાગે છે કે ખુશ અને સંચાલિત થવું શક્ય છે. ચાલો ચલાવવા સાથે પ્રારંભ કરીએ. જો તમે તમારી સંભવિતતા વધારવા માંગતા હો, તો તમારે આપેલ ધ્યેય હાંસલ કરતા પહેલા અને પછી બંને બહેતર બનવા માટે તમારે કામ કરવાનું ચાલુ રાખવું પડશે. ઉદાહરણ તરીકે, જો તમારું ધ્યેય એક મિલિયન ડોલર કમાવવાનું હતું અને તમે તે કરી લીધું, તો પછી શા માટે તમે સખત મહેનત કરવાનું ચાલુ રાખશો? જવાબ તમને લાગે તે કરતાં થોડો વધુ જટિલ છે. જો તમારી પાસે પૈસા શૂન્ય છે અને તમે ઈ૧૦,૦૦૦ કમાશો, તો તે એક મોટો સોદો હશે. પરંતુ જો તમે પહેલાથી જ ઈ૧ મિલિયનની કમાણી કરી લીધી હોય, તો પછી બીજા ઈ૧૦,૦૦૦ કમાવવા એટલું મહત્વનું નથી

BOLLYWOOD NEWS FLASH



# તારા સુતરિયા અને આદર જૈનનું થઈ ગયું બ્રેકઅપ

| મુંબઈ, તા.૭ |

બોલિવૂડ અભિનેત્રી તારા સુતારિયા આ દિવસોમાં તેની આગામી ફિલ્મ અપૂર્વાને લઈને ચર્ચામાં છે. ત્યારે આ ફિલ્મને લઈને અભિનેત્રી પ્રમોશનમાં વ્યસ્ત છે. થોડા સમય પહેલા સમાચાર આવ્યા હતા કે તારા અને આદર જૈનનું બ્રેકઅપ થઈ ગયું છે પણ આ અંગે કોઈ કન્ફર્મેશન મળી ન હતી. આદર તારા ઘણીવખત એકબીજાના ફેમિલી ફંક્શનમાં જોવા મળ્યા હતા. દર્શકોને પણ તેમની જોડીને પસંદ આવી હતી પણ હવે તારાએ બ્રેકઅપના સમાચાર પર પોતાનું મૌન તોડ્યું છે. અભિનેત્રીએ તેના લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં કહ્યું કે તે કોઈ રિલેશનમાં નથી અને સિંગલ છે. અભિનેત્રીએ કહ્યું કે તે કોઈને ડેટ પણ કરી રહી નથી. મળતી માહિતી મુજબ એક ઈન્ટરવ્યૂમાં તારાને પૂછવામાં આવ્યું કે જ્યારે તમારા લિંકઅપના સમાચાર આવે છે ત્યારે તમારી તેના પર પ્રતિક્રિયા શું છે. અભિનેત્રીએ કહ્યું કે આ બાબતોથી મને કોઈ ફરક નથી પડતો. મારા મમ્મી-પપ્પા ખૂબ જ કૂલ અને સપોર્ટિવ છે. અભિનેત્રીએ જણાવ્યું કે જ્યારે તે આ સમાચાર વાંચે છે તો તે હસવા લાગે છે. મારી ડેબ્યૂ ફિલ્મની રિલીઝ પહેલા જ મારા રિલેશનશિપના સમાચાર આવી રહ્યા છે. અભિનેત્રીએ અફવાઓ પર પૂર્ણવિરામ મૂકતા તાજેતરમાં જ તારાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, 'હું કોઈ રિલેશનશિપમાં નથી. હું અત્યારે સિંગલ છું અને મારા જીવનનો આનંદ માણી રહ્યો છું. તારાનું આ નિવેદન દર્શાવે છે કે તેણે અને આદર સાથે શાંતિથી અલગ થવાનો નિર્ણય લીધો છે.

# એક ફિલ્મ માટે ૧ કરોડ રૂપિયા ફી લેનાર પ્રથમ ભારતીય અભિનેતા હતો કમલ હાસન



| મુંબઈ, તા.૭ |

તામિલનાડુના પરમાકુડીમાં ૭ નવેમ્બર ૧૯૫૪ના રોજ જન્મેલા કમલ હાસન આજે ૬૯ વર્ષના થયા છે.આજે પણ સુપર હિટ ફિલ્મ આપે છે.સાઉથ સિનેમાના ફેમસ અભિનેતા કમલ હાસન પોતાની ફિલ્મોમાં શાનદાર પાત્રમાં જોવા મળે છે.એક ફિલ્મમાં તો તેમણે ૧૦ પાત્ર નિભાવી ઈતિહાસ રચ્યો હતો. તેમની પુત્રી અભિનેત્રી શ્રુતિ હાસન સોશિયલ મીડિયા દ્વારા તેના અંગત જીવનથી લઈને પ્રોફેશનલ લાઈફ વિશેની માહિતી શેર કરતી રહે છે. કમલ હાસન સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના બહુ પ્રતિભાશાળી સુપરસ્ટાર છે. તે માત્ર એક તેજસ્વી અભિનેતા જ નથી પણ સિંગર, દિગ્દર્શક, સ્ક્રિપ્ટ લેખક અને નિર્માતા પણ છે. તેણે તેની કારકિર્દીમાં લગભગ તમામ સાઉથ ભાષાઓમાં કામ કર્યું છે. આટલું જ નહીં કમલ હાસન ઘણી હિન્દી ફિલ્મોનો પણ ભાગ રહી ચુક્યા છે.

યુનિવર્સલ હિરો કમલ હાસન માત્ર ભારતમાં જ નહિ આખી દુનિયામાં મશહુર અભિનેતાના લાખો ચાહકો છે. ચાઈલ્ડ એક્ટર તરીકે કરિયરની શરુઆત કરનાર કમલ હાસને પોતાના કરિયરમાં તમિલની સાથે સાથે મલયાલમથી લઈ હિન્દુ,તેલુગુ અનેકન્નડ ફિલ્મોમાં કામ કર્યુ છે. કમલ હાસને ૨ લગ્ન કર્યા છે. બીજી પત્ની સારિકા સાથે ચેન્નઈ શિફ્ટ થયા હતા. થોડા સમય લિવ ઈનમાં રહ્યા બાદ બંન્નેએ લગ્ન કર્યા હતા. તેમને ૨ પુત્રીઓ છે. શ્રુતિ અને અક્ષરા.કમલ હાસન ૧૯૯૪માં તેમની એક ફિલ્મ માટે ૧ કરોડ રૂપિયા ફી લેનાર પ્રથમ ભારતીય અભિનેતા હતા. કમલ હાસનની ૪૨૦ ફિલ્મને કોણ ભુલી શકે, આ અભિનેતાના કરિયરની સૌથી મોટી કોમેડી ફિલ્મ માનવામાં આવે છે. આ ફિલ્મમાં અભિનેતાએ ડબલ રોલ પ્લે કર્યો હતો. તે એક ૪૦ થી ૫૦ વર્ષની મહિલાના લુકમાં જોવા મળ્યા હતા. ચાચી ૪૨૦ ફિલ્મમાં તેનું પાત્ર ચાહકોનો ખુબ પસંદ આવ્યું હતુ. સાઉથના સુપરસ્ટાર કમલ હાસનની દીકરી શ્રુતિ હાસનને આજે કોઈ ઓળખની જરૂર નથી. શ્રુતિની ગ્લોઈંગ લુક ચાહકોને ખુબ પસંદ આવે છે.સાઉથથી લઈને બોલિવૂડ સુધી પોતાની એક્ટિંગની તાકાત દેખાડનાર અભિનેત્રી શ્રુતિ હાસન હંમેશા ચર્ચામાં રહે છે. અભિનેત્રી અવારનવાર સોશિયલ મીડિયા દ્વારા તેના ફેન્સ સાથે જોડાયેલી રહે છે.

# અનુષ્કા શેટ્ટીએ તેનો ૪૨મો જન્મદિવસ મનાવ્યો



| મુંબઈ, તા.૭ |

ફિલ્મ 'બાહુબલી'માં દેવસેનાની ભૂમિકા ભજવનાર અભિનેત્રી અનુષ્કા શેટ્ટી ૪૨ વર્ષની થઈ ગઈ છે. તેનો જન્મ ૭ નવેમ્બર, ૧૯૮૧ના રોજ કર્ણાટકના મેંગલુરુમાં થયો હતો. તમને જણાવી દઈએ કે અનુષ્કા નોન-ફિલ્મી બેકગ્રાઉન્ડમાંથી આવે છે. તેમના પરિવારમાં કોઈ ફિલ્મમાં નહોતું. અનુષ્કા શેટ્ટીના પિતાનું નામ વિઠ્ઠલ શેટ્ટી અને માતાનું નામ પ્રફુલ્લા શેટ્ટી છે. તેને ૨ ભાઈઓ છે. મોટા ભાઈનું નામ સાંઈ રમેશ શેટ્ટી અને નાના ભાઈનું નામ ગુળરંજન શેટ્ટી છે. બંન્ને અનુષ્કા શેટ્ટીથી મોટા છે. તેનો એક ભાઈ રમેશ કોસ્મેટિક સર્જન છે અને તેના લગ્ન સલોની રાય સાથે થયા છે.નાનો ભાઈ બિઝનેસમેન છે. અનુષ્કા શેટ્ટીનો જન્મ ૧૯૮૧ના રોજ કર્ણાટકના મેંગલુરુમાં થયો હતો. તેમણે વર્ષ ૨૦૦૫માં ફિલ્મ સુપરથી ડેબ્યુ કર્યું હતુ. અનુષ્કા શેટ્ટીના ચાહકો ખુબ મોટી સંખ્યામાં છે. પ્રભાસની ફિલ્મ 'બાહુબલી'ની સ્ટાર અભિનેત્રી અનુષ્કા શેટ્ટી આજે આ નામથી દુનિયાભરમાં ફેમસ છે. તેમની લોકપ્રિયતા કોઈથી ઓછી નથી. કહેવાય છે કે જ્યારે અભિનેત્રીએ ડેબ્યુ કર્યું ત્યારે ડિરેક્ટરે તેને નામ બદલવાની સલાહ આપી હતી.

# ટાઈગર-૩ એ એડવાન્સ બુકિંગમાં સારી કમાણી કરી

ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે વર્ષ ૨૦૨૩ ખુબ ખાસ રહ્યું છે. આ વર્ષે અનેક ફિલ્મો રિલીઝ થઈ છે. જેમણે શાનદાર કમાણી કરી છે. વર્ષનો અંત પણ ખુબ સારી રીતે થઈ રહ્યો છે, ઓક્ટોબર મહિનામાં ભલે કોઈ ફિલ્મે સારી કમાણી કરી નથી પરંતુ નવેમ્બર મહિનો ધમાકેદાર રહેવાનો છે. સલમાન ખાનની ટાઈગર ૩ ફિલ્મ ૧૨ ડિસેમ્બરના રોજ રિલીઝ થવા જઈ રહી છે. ફિલ્મ રિલીઝને હવે માત્ર ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે તેમ છતાં કમાણી શરુ કરી દીધી છે. ટાઈગર ૩ એડવાન્સ બુકિંગના પહેલા દિવસે ૪.૨ કરોડની કમાણી કરી લીધી છે. હવે રિપોર્ટની વાત માનીએ તો ફિલ્મે બીજા દિવસે એડવાન્સ બુકિંગમાં વધુ કમાણી કરી છે. બે દિવસમાં ફિલ્મના ૮૫ ૦૦૦ ટિકીટ વેચાઈ ગઈ છે. બીજા દિવસે ફિલ્મની ૨૨ ૦૦૦ ટિકીટ વેચાઈ ગઈ છે. આ સાથે આ ફિલ્મે રણવીર સિંહ અને આલિયા ભટ્ટની ફિલ્મ રોકી ઔર રાનીની લવસ્ટોરીને પાછળ છોડી દીધી છે.

તેની ૮૦.૫ ટિકિટ વેચાઈ હતી. ચાલો જાણીએ આ વર્ષે ૨૦૨૩ની અત્યારસુધીની ટોપ ૫ ફિલ્મો જેમણે એડવાન્સ બુકિંગમાં સારી કમાણી કરી છે. જવાન-૫.૫૭ લાખ, પઠાણ-૫.૫૬ લાખ, આદિપુરુષ-૨.૮૫ લાખ, ગદર ૨-૨.૭૪ લાખ, ટાઈગર ૩-૦.૮૫ લાખ રિપોર્ટની વાત માનીએ તો અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે. સલમાન ખાનની આ ફિલ્મ એડવાન્સ બુકિંગ મામલે શાહરુખ ખાન અને સની દેઓલને ટક્કર આપી શકે છે. ફિલ્મે ૩ થી ૩.૫૦ લાખ વેચાઈ ચૂકી છે. ફિલ્મમાં સલમાન ખાનની સાથે કેટરીના કેફજોવા મળશે.



### દશાનીમાં વણિક સમાજ દ્વારા કરાયેલ આયોજનમાં નગરના સર્વ સમાજનો સહકાર

# ઝાલોદ નગર ખાતે વાઇબ્રન્ટ દિવાળી ઉત્સવની ઉજવણી નિમિત્તે પંચદિવસીય કાર્યક્રમોની રેલમછેલ

## વાઇબ્રન્ટ દિવાળીના ઉત્સવમાં સ્વચ્છ, સુંદર અને સમૃદ્ધ ઝાલોદ નગરની ઝલક આવનાર મહેમાનોને બતાવવામાં આવશે



| પંકજ પંડિત ઝાલોદ, તા.૭ |

આગામી ૧૧-૧૧-૨૦૨૩ થી ૧૫-૧૧-૨૦૨૩ સુધી પંચદિવસીય વાઈબ્રન્ટ દિવાળી ઉત્સવનું આયોજન દશાનીમાં વણિક સમાજ દ્વારા કરવામાં આવેલ છે. આ ઉત્સવનો મુખ્ય હેતુ નગરમાં રહી નગરમાં પાયાની સુવિધાઓ ઉભી કરનાર વણિક સમાજના મહેમાનોનું સ્વાગત અને અભિવાદન કરવાનું છે. નગરમાં આસરે ૬૦ વર્ષ પહેલાં વણિક સમાજ સહુથી મોટો સમાજ હતો અને તેઓ જ્યારે અહીં વસતા હતા તે દરમ્યાન નગરના વિકાશ માટે મોટાં પ્રમાણમાં પ્રાથમિક પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી હતી. નગરના પ્રસૂતિ ગૃહ થી લઈ, શૈક્ષણિક સંસ્થાઓ તેમજ મોક્ષ ધામના વિકાશ સુધી ઘણી બધી સંસ્થાઓમાં વણિક સમાજનો ફાળો બહુ અમૂલ્ય રહ્યો છે. વણિક સમાજ દ્વારા વિકસાવવામાં આવેલ સંસ્થાઓ આજે વટવૃક્ષ બની નગરની શોભા વધારી રહેલ છે.

વાઈબ્રન્ટ દિવાળી ઉત્સવ ઉજવવાનો મુખ્ય હેતુ જે વણિક સમાજ જે રોજગાર તેમજ પારિવારીક જવાબદારી નિભાવવા માટે નગર બહાર દેશ અને વિદેશમાં ગયેલ છે તેઓ પોતાની જૂની સ્મૃતિને તાજી કરવાં નગરમાં આવી રહેલ છે. નગરમાં દરેક ઉત્સવ ઉજવવાની જે મજા છે તે બીજી કોઈ જગ્યાએ તેઓને આવતી નથી. તેથી વાઈબ્રન્ટ દિવાળી ઉત્સવના બહાને તેઓ પોતાની માતૃભૂમિને વંદન કરી જુની સ્મૃતિ તાજી કરવાં માંગે છે. મારા ગામની વિશેષતા અનોખી એવી યાદો લઈ તેઓ પોતાની જન્મભૂમિના ખોળે રમવા ફરવા ઈચ્છે છે. આ વાઈબ્રન્ટ ઉત્સવમાં ૨૫૦ જેટલા લોકો વિદેશથી અને ૭૫૦ જેટલા લોકો નગરની બહાર ગયેલ વણિક સમાજના લોકો આવનાર છે. વાઈબ્રન્ટ દિવાળી ઉત્સવમાં આવનાર મહેમાનોને નગર સ્વચ્છ ,સુંદર અને સમૃદ્ધ બન્યું છે તેની વિશેષતા દર્શાવવામાં આવનાર છે. અમુક વણિક સમાજના લોકો જે નગરમાં ૪૦ વર્ષ પછી નગરમાં પરિવાર સાથે નગરમાં આવી રહેલ છે તેઓ પોતાના સંતાનોને માતૃભૂમિના દર્શન કરાવી નગરમાં ઉજવાતા તહેવાર તેમજ નગરનો પ્રેમ અને દેશની સંસ્કૃતિ બતાવવા ઈચ્છી રહેલ છે.

વાઈબ્રન્ટ દિવાળી ઉત્સવને વિશેષ બનાવવા દશાનીમાં વણિક સમાજ દ્વારા સર્વ સમાજનો સહયોગ માંગતા સર્વ સમાજ આ ઉત્સવની રૂપ રેખાને સફળતા અપાવવા દરેક રીતે સહયોગ આપી રહેલ છે. નગરના મામલતદાર, નગર પાલિકા ચીફ ઓફિસર, ડી.વાય.એસ.પી, પી.એસ.આઈ તેમજ નગરના સર્વ સમાજના લોકો તેમજ વાઈબ્રન્ટ ઉત્સવ સમિતિ દ્વારા નગરમાં કોઈ પણ જાતની તકલીફ ન સર્જાય કે કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તકેદારી રાખી રહ્યા છે. વાઈબ્રન્ટ દિવાળી ઉત્સવના પંચદિવસીય ઉત્સવમાં વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામો, રામસાગર તળાવની વચ્ચે ફટાકડાની આતસબાજી,ગરબા, ગાયક કલાકાર જેવા ઘણા બધા પ્રોગ્રામ પાંચ દિવસ દરમિયાન કરવામાં આવનાર છે. નગરને રોશની થી સુશોભિત કરી દરેક મુખ્ય માર્ગો પર મોટા ગેટ બનાવી વાઈબ્રન્ટ દિવાળી ઉત્સવની ધમાકેદાર તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહેલ છે.

## અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત બાવળા તાલુકાનો સરપંચ સંવાદ યોજાયો

| અમદાવાદ, તા.૭ |

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકા ખાતે આવેલી એ.કે વિદ્યામંદિરમાં અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી મેહુલ દવેની અધ્યક્ષતામાં સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત બાવળા તાલુકાનો સરપંચ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં તમામ ગામોમાં સ્વચ્છતાની થયેલ કામગીરી માટેની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સરપંચશ્રીઓ તથા તલાટી-કમ-મંત્રીઓ દ્વારા ગ્રામ્ય કક્ષાએ સ્વચ્છતા કાયમ માટે જળવાઈ રહે એ બાબતની નોંધ લીધી છે, જેથી ગ્રામ્ય કક્ષાનું જીવન આરોગ્યમય, સરળ અને સ્વચ્છ બની રહે. આ સંવાદ કાર્યક્રમમાં બાવળા તાલુકાના ગ્રામ પંચાયતોના તલાટી-કમ-મંત્રીઓ તથા સરપંચો, શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી દિગ્પાલસિંહ ચુડાસમા, બાંધકામ સમિતિના ચેરમેનશ્રી ઈશ્વરભાઈ મકવાણા, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી સૂરજ બારોટ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી રોહિત ચૌધરી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી તથા અન્ય પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



| ઓમકારસિંહ ચૌહાણ સંતરામપુર, તા.૭ |

આજરોજ સંતરામપુર તાલુકા પંચાયત ખાતે ગોઠીબડા જીલ્લા પંચાયતના સદસ્ય શ્રીમતિ લલિતાબેન જેસીંગભાઈ બારીયાને ન્યાય સમિતિના ચેરમેન તરીકે વિધિવત રીતે તાલુકા પંચાયત કચેરી ખાતે પદગ્રહણ કરવામાં આવ્યું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, એસી સેલના માજી પ્રમુખ રમેશભાઈ દેવજીભાઈ પરમાર, એસી સેલ પ્રમુખ બાબુભાઈ મોતીભાઈ વાલ્મિકી, નરેશભાઈ દેવાભાઈ પરમાર, માજી નગર પાલિકા પ્રમુખ રાજુભાઈ ગલાભાઈ વાલ્મીકિ, તાલુકા પંચાયત ઉપપ્રમુખ શ્રીમતી આશાબેન ધર્મેન્દ્રભાઈ ખાંટ, ઉખરેલીના સરપંચ શ્રી દિનેશભાઈ, ગોઠીબડા જીલ્લા પંચાયતના સરપંચશ્રી, તાલુકા સંગઠનના પૂર્વ પ્રમુખ શ્રી શાંતિલાલ પટેલ ઉપસ્થિતિ રહ્યા હતા.

## બાવળા તાલુકાના દિવ્યાંગ બાળકોને જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલભાઈ દવેની ઉપસ્થિતિમાં મીઠાઈ, ફટાકડા સાથેની શૈક્ષણિક કિટનું વિતરણ



| અમદાવાદ, તા.૭ |

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના દિવ્યાંગ તથા પ્રભુ વત્સલ બાળકોને જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલભાઈ દવેની ઉપસ્થિતિમાં દિવાળી પર્વ નિમિત્તે મીઠાઈ, ફટાકડા સાથેની શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યુ છે. આમ, સાચા અર્થમાં બાળદેવની સેવા કરવામાં આવી છે. આ અવસરે અમદાવાદ જિલ્લા પંચાયતના અધિકારીશ્રીઓ અને ડી.ઈ.ઓ. તેમજ મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### જંગલ સફારી પાર્કમાં દેશનું સૌથી મોટુ સ્નેક હાઉસ

# દિવાળી વેકેશન પહેલાંજ દેશ વિદેશના ઝેરી બિનઝેરી સર્પો જોવા પ્રવાસીઓ ઉમટ્યા

| દીપક જગતાપ રાજપીપળા, તા.૭ |

સ્ટેચ્યુ ઓફ યુનિટીના એકતા નગરમાં ૩૭૫ એકરમાં જંગલ સફારીનું નિર્માણ કરાયું છે. આ જંગલ સફારીમાં અત્યાર સુધીમાં લાખો પ્રવાસીઓ મુલાકાત લઈ ચૂક્યા છે. જંગલ સફારીમાં દર વર્ષે એક પછી એક નવા આકર્ષણો ઉમેરવામાં આવી રહ્યા છે. જેને લઈને પ્રવાસીઓને દર વર્ષે જંગલ સફારી જોવા આવવાનું પસંદ કરે છે. હાલની વાત કરીએ તો પ્રવાસીઓ માટે એક નવું આકર્ષણ સ્નેક પાર્ક માટે ઊભું થયું છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પછી પ્રવાસીઓ માટે સૌથી મોટું લોક આકર્ષણનું કેન્દ્ર હોય તો તે છે જંગલ સફારીના અનેક પ્રાણીઓ. હવે આ જંગલ સફારીમાં પ્રવાસીઓ માટે એક વિશેષ નવું આકર્ષણ ઉમેરાયું છે અને તે છે સ્નેકપાર્ક.. હા જંગલ સફારીમાં દેશનું સૌથી મોટું સ્નેકપાર્ક પ્રવાસીઓ માટે ખુલ્લું મુકવામાં આવ્યું છે જેમાં દેશ વિદેશના ઝેરી બીન ઝેરી સર્પો મુકવામાં આવ્યા છે. જંગલ સફારીમાં એક વિશાળ ડોમમાં સ્નેક હાઉસ ઉભું કરવામાં આવ્યું છે. આમ થવાથી અહીં આવનારા પ્રવાસીઓ સાપની વિવિધ પ્રજાતીઓને ઓળખવાની સાથે તેના વિશે જાણકારી મળે એવો સ્તુત્ય પ્રયાસ છે.

આ સ્નેક હાઉસમાં દેશ વિદેશના ઝેરી બીન ઝેરી સાપ મૂકવામાં આવ્યા છે અને જેને પ્રવાસીઓ નિહાળી રહ્યાં છે.અલગ-અલગ દેશોના અલગ અલગ પ્રકૃતિના જે સાપ હોય છે તેને અહીં ઉભી કરેલી વ્યવસ્થા દ્વારા પ્રવાસીઓ સમક્ષ મૂકવામાં આવ્યા છે.

આ ડોમ એવું બનાવવામાં આવ્યું છે કે અંદર રહેનાર સરીસૃપને જંગલમાં જ રહેતા હોય તેવી અનુભૂતિ થાય છે. અહીં કુદરતી માહોલ ઉભો કરવામાં આવ્યો છે. પ્રવાસીઓ તથા સાપને પણ ગરમી ના લાગે અને હુંફાળું વાતાવરણ જળવાઈ રહે તે રીતે એસી ડોમ ઉભો કરવામાં આવ્યો છે. સાપને ઠંડી વધારે ગમતી હોય છે ત્યારે આ



સ્નેક હાઉસમાં એક જંગલ ઘરમાં નાના-નાના પાણીના ખાબોચિયાં બનાવવા સહિતની બાબતોનું ધ્યાન રાખવામાં આવ્યું છે. જેમાં ખાસ ઈન્ડીયન રોક પાઈથન, રસેલ વાઈપર, ઈન્ડિયન રાઈક સ્નેક,આફ્રિકન બોલ પાઈથન, ગ્રીન ઈકવા,

ખડચીતળો,ધામણ,આ બ્લેક એન્ડ વાઈટ ટેગું, રેડ ટેગું, નાગ,પાટલા ઘોં, કાચબા,ગ્રીન ઈગવાના,જેન્ટીન ના જેવા અનેક દેશ વિદેશના સાપ તથા સરીસૃપ પ્રાણીઓ લાવવામાં આવ્યા છે. ઊનાળાની ગરમીનો સમય હોય ત્યારે પ્રવાસીઓ અને સાપને પણ ગરમી ન લાગે તેની પણ કાળજી લેવામાં આવી રહી છે. અહીં હુંફાળું વાતાવરણ સચવાઈ રહે એવું એસી ડોમ બનાવવામાં આવ્યું છે કે જેનાથી ગરમી લાગે નહીં. સામાન્ય રીતે સાપ પ્રજાતિને ઠંડક વધારે ગમતી હોય છે. ત્યારે વેકેશન માણવા આવતાં પ્રવાસીઓ માટે આ સ્નેક હાઉસ લોક આકર્ષણનું કેન્દ્ર બનશે. પ્રવાસીઓ જણાવી રહ્યાં છે કે સામાન્ય રીતે ઝેરી સાપોને જંગલમાં જોવા મળે છે જે ઘણા દુર્લભ હોય છે આવા સરીસૃપો ને અહીં સ્નેક પાર્કમાં રક્ષણ મળતું હોઈ પ્રવાસીઓ ખુશી મહેસુસ કરી રહ્યાં છે. ડાબી બાજુએ ભારતીય સાપો રાખ્યા છે.જમણી બાજુએજે સર્પો રાખ્યા છે તેમાં વિદેશના સર્પો છે. અહીયા જે ટેગું રાખવામાં આવ્યા છે જેમાં બીજા પ્રાણી સંગ્રહાલયમાં બહુ ઓછા જોવા મળે છે. અહીંયા કુલ ૧૩એક્લોઝર (પીંજરા )છે જેમાં દરેકને અનુકૂળ કુદરતી વાતાવરણ આપવામાં આવ્યું છે. અહીં થર્મોહાઈડ્રોમીટર રાખેલા છે જેનાથી ટેમ્પરેચર કેટલું ઉપર જાય છે તેનો ખ્યાલ આવી શકે.

# AMC દ્વારા ગુજરાત સરકારનાં 'સ્વચ્છતા હી સેવા' થીમ હેઠળ મ્યુનિસિપલ ઝોનલ ઓફિસો, મ્યુનિસિપલ કચેરીઓ અને સબ ઝોનલ કચેરીઓ તેમજ મસ્ટર સ્ટેશનો તથા સરકારી ઓફિસોની સફાઈ અને કાટમાળ નિકાલની કામગીરી કરવામાં આવી

| અમદાવાદ, તા.૭ |

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગુજરાત સરકારનાં 'સ્વચ્છતા હી સેવા' થીમ હેઠળ શરૂ કરવામાં આવેલ ૬૦ દિવસ સફાઈ ઝુંબેશ કાર્યક્રમોનાં સ્વચ્છતાનાં અભિયાનમાં તારીખ પ્રમાણે આપવામાં આવેલ શિડ્યુલ પ્રમાણે ૩૦ ઓક્ટોબરથી ૫ નવેમ્બર, ૨૦૨૩ દરમ્યાન મ્યુનિસિપલ ઝોનલ ઓફિસો, મ્યુનિસિપલ કચેરીઓ અને સબ ઝોનલ કચેરીઓ તેમજ મસ્ટર સ્ટેશનો તથા સરકારી ઓફિસોની સફાઈ અને કાટમાળ નિકાલ તેમજ મિશન મોડ પર પ્લોટોની સફાઈ ઝુંબેશ અંતર્ગત ૪ નવેમ્બર, ૨૦૨૩નાં રોજ શહેરના ૭ ઝોનમાં આવેલા વિવિધ લોકેશનોની સફાઈ હાથ ધરવામાં આવેલ હતી.

શહેરના પૂર્વ ઝોનમાં અર્બન હેલ્થ સેન્ટર- કઠવાડા ગામ,નિકોલ, જિમ -તેજેન્દ્ર વિહાર, વિરાટનગર, જય ભારત રોડ સ્ટોર્સ, અમરાઈવાડી, અર્બન હેલ્થ સેન્ટર, ઓઢવ, રતનપુરા ગામ મેલેરીયા ઓફિસ, વસ્ત્રાલ સબ ઝોનલ ઓફીસ ભાઈપુરા સહિતના વિસ્તારોમાં ૮૫૬ કલાકનું શ્રમદાન કરી ૫.૮ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

શહેરના પશ્ચિમ વિસ્તારમાં CHC હોસ્પિટલ, વ્રજ ટેનામેન્ટ રોડ, શામળદાસ ગાર્ડન, અર્બન હેલ્થ સેન્ટર ન્યૂ રાણીપ & ગાયત્રીનગર, નવાવાડજ UCD ઓફિસ, રાધાકૃષ્ણા મંદિર રોડ, હેલ્થ મેલેરિયા ઓફીસ, અંકુર સર્કલ, કામેશ્વર મંદિરની બાજુમાં, કેશવનગર અર્બન હેલ્થ સેન્ટર અર્બન હેલ્થ સેન્ટર, સંસ્કાર કેન્દ્ર, પાલડી, બંસીધર ગાર્ડન, વાસણા, જેવા વિસ્તારોમાં ૩૧૬૨ કલાકનું શ્રમદાન કરી ૩૦૫.૭૧ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

**શહેરના ઉત્તર ઝોનમાં નોબલનગર સબ મસ્ટર**

લાઈબ્રેરી નરોડા વોર્ડ, લાઈબ્રેરી સજપુર વોર્ડ સબ ઝોનલ ઓફિસ, ડમરૂ સર્કલ પાસે, મેઘાણીનગર સંજયનગર સ્કુલ સબ ઝોનલ ઓફિસ, સંજયનગર. સબ ઝોનલ ઓફિસ, કેવડાજીની ચાલી સ્ટોર સફાઈ

ચંદ્રપ્રસાદ સબ ઝોનલ ઓફિસ, પટેલ વાડી, બાપુનગર, રખિયાલ પમ્પિંગ સ્ટેશન વગેરે વિસ્તારોમાં ૩૬૫ કલાકનું શ્રમદાન કરી૧.૬૧ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

શહેરના દક્ષિણ ઝોનમાં વૈકુંઠધામ મંદિર પાસે, બહેરામપુરા, ગૌત્તમનગર ચાર રસ્તા લીલાધર હોલ પાસે, કાંકરીયા અર્બન હેલ્થ સેન્ટરની બાજુમાં પારસી અગીયારી રોડ, મીઠીપુર સબ મસ્ટર હાટકેશ્વર બ્રીજ પાસે, ગણેશનગર ઈઝઊઁ સેન્ટર, ઈસનપુર નિગમ બસ સ્ટેન્ડ પાસે ૩૧૧ કલાકનું શ્રમદાન કરી ૨.૪ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. શહેરના મધ્ય ઝોનમાં સંતોષી માતા મંદિર સફાઈ, અસારવા, માધુપુરા સબ ઝોનલ ઓફીસ, શાહીબાગ, શાહપુર સબ ઝોનલ ઓફીસ, દરિયાપુર પ્રેમ દરવાજા ઢોર બજાર, કાપડીવાડ સબ મસ્ટર, ખાડીયા, રાયખડ મસ્ટર ઓફીસ સફાઈ, જમાલપુર વગેરે સ્થળોએ ૧૮૨ કલાકનું શ્રમદાન કરી ૦.૪૯ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

શહેરના ઉત્તર પશ્ચિમ ઝોનમાં સબ ઝોનલ ઓફીસ, ગોતા, અર્બન હેલ્થ સેન્ટર ઘાટલોડિયા, હેબતપુર અર્બન હેલ્થ સેન્ટર, થલતેજ જેવા વિસ્તારોમાં ૧૩૦૦ કલાકનું શ્રમદાન કરી ૧૬ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

શહેરના દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં અર્બન હેલ્થ સેન્ટર જોધપુર ગામ, શેવાલી લાઈબ્રેરી, વેજલપુર, નરીમાન પુરા મસ્ટર સ્ટેશન, મકતમપૂરા જેવા વિસ્તારોમાં ૧૧૬૮ કલાકનું શ્રમદાન કરી ૫.૫ મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.

# જામનગર જિલ્લાના સોયલ અને બેડ ગામના ટોલટેક્સ પ્લાઝા પરથી પસાર થતા વાહનો માટે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

| દીપક જગતાપ રાજપીપળા, તા.૭ |

જામનગર તા.૦૬ નવેમ્બર, કેન્દ્ર સરકારના વાયેબીલીટી ગેપ ફંડિંગ યોજના હેઠળ સમાવિષ્ટ એલ.એન્ડ ટી. રાજકોટ-વાડીનાર ટોલ–વે લિમિટેડને નિયત કરેલા વાહનો પાસેથી નિયત કરેલ ચાર્જ વસુલ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. જે પૈકી, જામનગર જિલ્લામાં જામનગર તાલુકાના બેડ ગામ તથા ધ્રોલ તાલુકાના સોયલ ગામ પાસે ટોલ પ્લાઝા આવેલા છે. ઉપરોક્ત ટોલ પ્લાઝાની આજુબાજુના ગામોના લોકો કોમર્શીયલ વાહનો પણ ધરાવે છે. આવા વાહન ધારકો સરકારશ્રીના જાહેરનામાંનો અમલ ના કરીને નિયત ટોલ ચાર્જની ચુકવણી કરતા નહી હોવાના બનાવો બનેલા છે. તેમજ, ગુનેગારો ગુનાના સ્થળેથી અન્ય જિલ્લા તેમજ રાજય બહાર પણ નાસી જતા હોય છે. જિલ્લાના ટોલનાકાઓ ઉપર સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. આજે તમને કોઈ અજાણ્યા સ્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે. આજે તમે જો થોડો પ્રેમ વહેંચશો તો, તમારૂં પ્રિયપાત્ર તમારી માટે દેવદૂત બની જશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. તમારી કોઈ જૂની બીમારી તમને આજ હેરાન કરી શકે છે જેના લીધે તમને હોસ્પિટલ જવું પડી શકે છે અને તમારું ઘણું ધન પણ ખર્ચ થયી શકે છે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે વ્યસ્તતા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે. તમારા જીવનસાથી પ્રત્યે તમારૂં બેદરકારીભર્યું ધ્યાન ઘરમાં તાણભરી ક્ષણો લાવી શકે છે. સાહસિક લોકો સાથે ભાગીદારીમાં આગળ વધો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે. એકાદ સરપ્રાઈઝનું આયોજન કરો અને આજના દિવસને તમારા જીવનનો સૌથી સુંદર દિવસ બનાવો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. કોઈક તમને નુકસાન પહોંચાડવાની કોશિષ કરશે-કેટલીક મજબૂત શક્તિઓ તમારી વિરૂદ્ધ કામ કરી રહી છે-ઘર્ષણ થાય તેવી પ્રવૃત્તિઓ તમારે ટાળવી જોઈએ-તમે જો ખરેખર મામલાને અંજામ જ આપવ માગતા હો તો સમજાવટથી મામલો પતાવવો એ જ શ્રેષ્ઠ વિકલ્પ છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારી જાતને આજે તમે સામાન્યપણે તમે હો છો એના કરતાં ઓછા ઊર્જાવાન મહેસૂસ કરશો-વધારાના કામ દ્વારા તમારી જાત પર વધુ બોજો ન નાખતા-થોડોક આરામ કરો તથા તમારી એપોઈન્ટમેન્ટ બીજા કોઈ દિવસ માટે રાખો. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમે નવરાશની લહેજત માણવાના છો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી, કેમ કે તમે એકમેકને એકબીજાના પ્રેમમાં જ અનુભવો છો. આજે તમે તમારા પ્રયપ ાત્રના હૃદયના ધબકારા સાથે સાથે મિલાવશો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે. પ્રસ્થાપિત લોકો સાથે તથા એવા લોકો જેઓ તમને ભાવિ પ્રવાહો વિશે માહિતગાર કરાવી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે. કામદેવના બાણથી બચવાની શક્યતા આજે ઓછી છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે. તમારા પ્રિયપાત્રના સોશિયલ-મિડિયા પરના છેલ્લાં કેટલાક દિવસોના સ્ટેટસ ચેક કરો, તમને એક સુંદર આશ્ચર્ય મળશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં. આજે આરામ મહત્વનો પુરવાર થશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. ઘરના દેખાવને સુધરવા માટે ઘરની આસપાસ નવા ફેરફાર હાથ ધરશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ.

**ન્યૂઝ બ્રિફ**

## બિહારમાં માત્ર સાત ટકા લોકો જ ગ્રેજ્યુએટ છે

। પટના, તા.૭ ।

આજે બિહાર વિધાનસભામાં જાતિ આધારિત વસતી ગણતરીનો રીપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો. જેના પર વિધાનસભા ગૃહમાં ભારે હોબાળો થયો હતો. રીપોર્ટ રજૂ થાય તે પહેલા જાતિ આધારિત વસતી ગણતરીના શૈક્ષણિક અને આર્થિક આંકડાઓ સામે આવ્યા છે. જેમાં બિહારમાં ફક્ત ૭ ટકા લોકો જ ગ્રેજ્યુએટ છે. આર્થિક પરિસ્થીતીની જો વાત કરવામાં આવે તો રાજ્યમાં સામાન્ય વર્ગના ૨૫.૯ ટકા લોકોનો ગરીબ પરિવારમાં સમાવેશ થાય છે. જેમાં સૌથી વધુ ભૂમિહાર અને બ્રાહ્મણ ગરીબ છે. રાજ્યમાં નીતિશ કુમારની સરકારે જાતિ આધારિત વસતી ગણતરી કરવી હતી.

## ઓડ-ઈવનનો નિયમ અવૈજ્ઞાનિક, પ્રદૂષણ રોકવા કડક પગલાં લોઃ સુપ્રીમ

। નવી દિલ્હી, તા.૭ ।

દિલ્હી-એનસીઆરમાં દિવસેને દિવસે હવા વધુ ઝેરીલી બનતી જાય છે જેને લઈ આજે સુપ્રીમ કોર્ટે સરકારની ઝાટકણી કાઢી હતી. સુપ્રીમ કોર્ટે આકરી ટિપ્પણી કરતા કહ્યું કે, પ્રદૂષણ રોકવા માટે રાજ્ય સરકારો કડક પગલાં ભરે, નહીં તો અમે બુલડોઝર શરૂ કર્યું તો પછી અમે અટકીશું નહીં. આ સિવાય સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ઓડ-ઈવનનો નિયમ અવૈજ્ઞાનિક છે. સ્મોક ટાવર કેમ બંધ? પરાળીથી ખાતરનું શું થયું? પંજાબમાં કેમ સળગી રહી છે પરાળી? પંજાબમાં ધાનની ખેતીનો વિકલ્પ શોધવામાં આવે. લોકોને મરતા ન જોઈ શકીએ.સુપ્રીમ કોર્ટના જજ કૌલએ આ પ્રકારની કડક ટીપ્પણી કરતા કહ્યું કે, જો તે બુલડોઝર કર્યવાહી કરશે તો ૧૫ દિવસ સુધી બંધ નહીં કરે. અમે ઈચ્છીએ છીએ કે દિવાળીની રજાઓ પહેલા તમામ સત્તા પક્ષકારો એક બેઠક યોજે અને નિવારણ માટે કાર્ય કરે. અમે આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ ઈચ્છીએ છીએ. કોર્ટે કહ્યું કે, દિલ્હીમાં બસોના કારણે થતા પ્રદૂષણની ટકાવારી પણ ઘણી વધી ગઈ છે.સુપ્રિમ કોર્ટે પંજાબને પણ કડક શબ્દોમાં કહ્યું હતું કે, પરાળી સળગાવવાની ઘટનાઓના કારણે આ પ્રદૂષણ વધી રહ્યું છે. જસ્ટિસ કૌલે કહ્યું કે, આ પ્રદૂષણથી દિલ્હીમાં કેટલા બાળકો સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડાઈ છે. જસ્ટિસ કૌલેએ કહ્યું કે, મને ફરક નથી પડતો કે તમે કેવી રીતે કરશો પણ આ પરિસ્થીતી અટકવી જોઈએ.

### સરકાર ગ્રાહકોને ૨૭.૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ભારત આટાનું વેચાણ કરશે

# સરકાર ગ્રાહકોને ૨૭.૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ભારત આટાનું વેચાણ કરશે

### આવી સ્થિતિમાં સરકારે સામાન્ય લોકોને સસ્તા ભાવે ભારત બ્રાન્ડના નામથી લોટ વેચવાનો નિર્ણય લીધો છે

। નવી દિલ્હી, તા.૭ ।

ઘઉંના ભાવમાં વધારો થયા બાદ લોટના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને સરકારે સામાન્ય લોકોને સસ્તા ભાવે લોટ આપવાનો નિર્ણય કર્યો છે. આ દિશામાં સરકારે આજથી ભારતીય લોટને સસ્તા ભાવે વેચવાનો નિર્ણય લીધો છે. સરકાર ગ્રાહકોને ૨૭.૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ભારત આટાનું વેચાણ કરશે. ભારત બ્રાન્ડ નામ હેઠળ લોટ વેચવા માટે, કેન્દ્રીય ખાદ્ય અને ગ્રાહક બાબતોના પ્રધાન પીયૂષ ગોયલે રાજધાનીના ડ્યુટી રૂટ પર ૧૦૦ મોબાઈલ વાનને લીલી ઝંડી આપી છે.

ભારત આટા ૨૭.૫૦ રૂપિયામાં વેચાશે. આ મોબાઈલ વાન ઉપરાંત, ભારત અટ્ટા સેન્ટ્રલ સ્ટોર પર ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત સરકારી એજન્સીઓ NAFED અને NCCF પણ આ સસ્તો લોટ ગ્રાહકોને ઉપલબ્ધ કરાવશે. એવું માનવામાં આવે છે કે ભારત અટ્ટા ગ્રાહકોને સસ્તા ભાવે લોટ આપવામાં મદદ કરશે. આના દ્વારા લોટના વધતા ભાવને પણ અંકુશમાં લઈ શકાશે. ઘઉંના ભાવમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને, સરકારે ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ કેન્દ્રીય ભંડાર, ACCF અને NAFED જેવી એજન્સીઓને ૨૧.૫૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ૨.૫ લાખ ટન ઘઉં ઉપલબ્ધ કરાવ્યા છે, જેને લોટમાં રૂપાંતરિત કરીને વેચવામાં આવે છે. ભારત આટા બ્રાન્ડના નામ હેઠળ રૂ. ૨૭.૫૦ પ્રતિ કિલોના ભાવે ગ્રાહકોને સસ્તો લોટ ઉપલબ્ધ કરાવવો જોઈએ.

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે આ પ્રસંગે કહ્યું કે સરકારના હસ્તક્ષેપને કારણે આવશ્યક ચીજવસ્તુઓની કિંમતો પર નિયંત્રણ રાખવામાં મદદ મળી છે. તેમણે કહ્યું કે અગાઉ સરકારે ટામેટા અને ડુંગળીના ભાવને અંકુશમાં લેવા માટે ઘણા પગલાં લીધાં હતાં. તેમણે કહ્યું કે સરકાર પહેલાથી જ ગ્રાહકોને ૬૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ભારત દાળ વેચી રહી છે. છૂટક બજારમાં ઘઉંના ભાવમાં વધારો થયા પછી, સરકારે ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ માર્ચ ૨૦૨૪ સુધીમાં તેના સ્ટોકમાંથી ૧૦૧.૫ લાખ ટન ઘઉં વેચવાનું નક્કી કર્યું છે. ગયા વર્ષે સરકારે ૫૭ લાખ ટન ઘઉંનું વેચાણ કર્યું હતું. જો જરૂરી હોય તો સરકાર માર્ચ ૨૦૨૪ સુધીમાં બજારમાં ૨૫ લાખ ટન વધુ ઘઉંનું વેચાણ કરી શકે છે.

### આ બધું ફોર્ચ્યુન બ્રાન્ડને કારણે થયું છે

# ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના મુશ્કેલ દિવસો હજુ પૂરી થયા નથી

### જ્યારથી હિંડનબર્ગ રિસર્ચ રિપોર્ટ બહાર આવ્યો છે ત્યારથી ગૌતમ અદાણી અને તેમનું અદાણી ગ્રુપ મુશ્કેલીમાં છે

। નવી દિલ્હી, તા.૭ ।



૨૩ વર્ષ પહેલાં એટલે કે ૨૧મી સદીની શરૂઆતમાં કંઈક એવું બન્યું જેણે ગૌતમ અદાણીનું નસીબ સંપૂર્ણપણે બદલી નાખ્યું. મુખ્ય ક્ષેત્રમાં કામ કરતું એક ઔદ્યોગિક ગૃહ સામાન્ય લોકોના ઘરનો એક ભાગ બની ગયું. તે કામે અદાણી જૂથને 'રાષ્ટ્રીય બ્રાન્ડ' બનાવ્યું અને ગૌતમ અદાણીને 'રાષ્ટ્રીય ઉદ્યોગસાહસિક' તરીકે ઓળખવામાં આવ્યા.

આ બધું ફોર્ચ્યુન બ્રાન્ડને કારણે થયું છે, જે હજુ પણ દેશમાં પેકેજ્ડ ઓઈલની માર્કેટ લીડર છે અને હ્લસ્ઝ્રય સેક્ટરની સૌથી મોટી બ્રાન્ડ્સમાંની એક છે. ગૌતમ અદાણીનું નસીબ બદલી નાખનાર આ બ્રાન્ડ હવે વેચાવાના આરે છે. જ્યારથી હિંડનબર્ગ રિસર્ચ રિપોર્ટ બહાર આવ્યો છે ત્યારથી ગૌતમ અદાણી અને તેમનું અદાણી ગ્રુપ મુશ્કેલીમાં છે. આમાંથી એક અદાણી ગ્રુપની લિસ્ટેડ કંપની અદાણી વિલ્મર છે, જે ફોર્ચ્યુન બ્રાન્ડની માલિક છે. આ કંપનીના શેરના ભાવ વધવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. વર્ષ ૨૦૨૩ની શરૂઆતથી તેના શેરની કિંમતમાં ૪૮.૫૨%નો ઘટાડો થયો છે, જ્યારે છેલ્લા એક વર્ષમાં તેના શેરની કિંમતમાં ૫૪.૪૬%નો ઘટાડો થયો છે.

### ભારતની ઈકોનોમીના અચ્છે દિન

# ટોપ-૧૦ દેશોમાં સૌથી ઉપર ઈન્ડિયા, ગ્રોથમાં ચીનને લાગશે જોરદાર ઝટકો

### ફિચે મધ્યમ ગાળાને ૨૦૨૩થી ૨૦૨૭ ગણી છે સૌથી મહત્વની વાત એ છે કે ફિચના મતે ભારતનો જીડીપી વિશ્વની ટોપ-૧૦ અર્થવ્યવસ્થાઓમાં સૌથી વધુ રહેવાનો અંદાજ મુક્યો છે

। નવી દિલ્હી, તા.૭ ।

ભારતનું અર્થતંત્ર વિશ્વમાં સૌથી ઝડપથી ગતિમાન બન્યું છે. આ જ રીતે અર્થતંત્રની આ ગતિ આગળ વધવાની આશા અને અપેક્ષા પણ છે. તમામ વૈશ્વિક રેટિંગ એજન્સીઓને આ અપેક્ષા પર વિશ્વાસ છે. જેથી જ વિશ્વ બેંકથી લઈનેં સ્હ્લ સુધી ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસ દરના અંદાજમાં સુધારો સાથે વધારો બતાવવામાં આવ્યો છે. ફિચ રેટિંગ્સ એજન્સીએ મધ્યમ ગાળા માટે ભારતના વિકાસ દરનો અનુમાનમાં ૦.૭ ટકાનો વધારો કરીને ૬.૨ ટકા કર્યો છે. ચીનને એજન્સી તરફથી ફટકો પડ્યો છે, કારણ કે તેના વિકાસના અનુમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. કૈંષ્ઠર રેટિંગે અગાઉ મધ્યમ ગાળા માટે ભારતની જીડીપી વૃદ્ધિ દર ૫.૫ ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો. જે ૦.૭ ટકા વધીને ૬.૨ ટકા કરવામાં આવ્યો છે. ફિચે મધ્યમ ગાળાને ૨૦૨૩થી ૨૦૨૭ ગણી છે.

### મધ્યમ ગાળા માટે ચીનનો જીડીપી વૃદ્ધિ દર ૫.૩ ટકાથી ઘટાડીને ૪.૬ ટકા કરવામાં આવ્યો છે

**ફિચે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે, જ્યાં સુધી ભારતનો સવાલ રોજગાર દરમાં સુધારો અને કાર્યકારી વયની વસ્તીના અનુમાનમાં થોડો વધારો થવાને કારણે ઉચ્ચ વૃદ્ધિનો અંદાજ છે. અગાઉ વિશ્વ બેંકથી લઈને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડએ ભારતના સ્હ્ વૃદ્ધિ અંદાજમાં સુધારો કર્યો છે અને તેમાં વધારો કર્યો છે અને ભારતના ઝડપી અર્થતંત્રમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. એક તરફ ફિચ રેટિંગ્સે ભારતના જીડીપી વૃદ્ધિ અંદાજમાં વધારો કર્યો છે. જ્યારે બીજી તરફ તેણે ચીન અને રશિયા જેવા દેશોના વિકાસ દરના અંદાજમાં ઘટાડો કર્યો છે. મધ્યમ ગાળા માટે ચીનનો જીડીપી વૃદ્ધિ દર ૫.૩ ટકાથી ઘટાડીને ૪.૬ ટકા કરવામાં આવ્યો છે. અમેરિકન રેટિંગ એજન્સીએ સોમવારે જાહેર કરેલા તેના રિપોર્ટમાં કહ્યું છે કે ચીનના જીડીપીમાં ઘટાડાની અસર ૧૦ ઉભરતા દેશોની અર્થવ્યવસ્થા પર પડી શકે છે. આ દેશોનો વિકાસ દર ૪.૩ ટકાથી ઘટીને ૪ ટકા રહેવાનો અંદાજ છે.**

### કારથી કચડીને હત્યા કરી

# USમાં ભારતીય પતિએ પત્નીને છરીના ૧૭ ઘા ઝીંકી નાખ્યા

### વર્ષ ૨૦૨૦માં ૨૬ વર્ષની મેરિન જોય બ્રોવર્ડ હેલ્થ કોરલ સ્પ્રિંગ હોસ્પિટલમાં કામ કરતી હતી

। નવી દિલ્હી, તા.૭ ।

અમેરિકામાં એક ભારતીય પતિ દ્વારા તેની પત્નીની વર્ષ ૨૦૨૦માં ઘાતકી હત્યા કરવામાં આવી હતી જેમાં કોર્ટે તેને આજીવન કેદની સજા સુનાવી છે. ફિલિપ મેથ્યુ નામના મૂળ કેરળના પતિએ તેની પત્ની મેરિન જોયની હત્યા કરી હતી. મેરિન એક નર્સ હતી. મેથ્યુ અને મેરિન વચ્ચે ઘણા સમયથી ઝઘડા ચાલતા હતા અને મેરિન આ લગ્નથી કંટાળી ગઈ હતી. તેના કારણે તે પતિને છોડવા માગતી હતી, તે દરમિયાન ઉશ્કેરાયેલા પતિએ તેને છરીના ૧૭ ઘા ઝીંક્યા હતા અને પછી તેના પરથી કાર ચલાવી દીધી હતી.

ફિલિપ મેથ્યુએ તેની પત્નીની હત્યા ફ્લોરિડામાં એક પાર્કિંગ લોટમાં કરી હતી. મેરિન જોય સામે ફર્સ્ટ ડિગ્રી મર્ડરના આરોપ લાગ્યા હતા અને ગુનો સાબિત થઈ ગયો હતો. જોકે, મેથ્યુ મૃત્યુદંડની સજામાંથી બચી ગયો છે. વર્ષ ૨૦૨૦માં ૨૬ વર્ષની મેરિન જોય બ્રોવર્ડ હેલ્થ કોરલ સ્પ્રિંગ હોસ્પિટલમાં કામ કરતી હતી ત્યારે તેનો પતિ તેના પાર્કિંગ લોટમાં કાર લઈને આવ્યો હતો અને તેને ઉપરા છાપરી છરીના ઘા માર્યા હતા. મેરિન નીચે ઢળી પડી હતી અને તેનો પતિ તેના પર કાર ચલાવીને ભાગી ગયો હતો. હોસ્પિટલના કેટલાક કર્મચારી આ ઘટનાને જોઈ ગયા હતા અને બચાવવા દોડ્યા હતા. એક કર્મચારીએ કહ્યું કે મેથ્યુએ તેની પત્ની પર એવી રીતે કાર ચલાવી જાણે તે કોઈ સ્પીડ બમ્પ હોય. મેરી સતત રડતી હતી કે મારા મોત પછી મારા બાળકનું શું થશે. મેથ્યુએ ગયા શુક્રવારે તેની સામેના બધા આરોપો સ્વીકારી લીધા અને લડત આપવાનું પડતું મુક્યું હતું. તેના કારણે તે મૃત્યુદંડની સજામાંથી બચી ગયો છે પરંતુ હવે તેણે આખું જીવન જેલમાં ગાળવું પડશે. મેરિન જોયનો પરિવાર હજુ આઘાતમાં છે. તેની માતાને જ્યારે જાણ થઈ કે તેમની પુત્રીના હત્યારા જમાઈને કોર્ટે સજા સંભળાવી છે ત્યારે તેમને ન્યાય મળ્યાની લાગણી થઈ હતી. આ કેસમાં પતિ દ્વારા પત્નીની જે રીતે ઘાતકી હત્યા કરવામાં આવી હતી તેના કારણે તે એક ચર્ચાસ્પદ કિસ્સો બન્યો હતો. ખાસ કરીને અમેરિકામાં વસતા ભારતીય સમુદાય માટે આ એક આઘાતજનક ઘટના હતી. મેથ્યુએ તેની પત્નીને છરી મારી અને તેના પર કાર ચલાવી છતાં તે થોડા સમય માટે જીવીત રહી હતી.

**વિશેષ**

### આગામી ૧૦ નવેમ્બરના રોજ મુખ્યમંત્રીશ્રી અમદાવાદથી કરશે નવાં ભોજન કેન્દ્રોનું લોકાર્પણ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યભરમાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાના વધુ ૧૫૫ ભોજન કેન્દ્રોનો પ્રારંભ કરાવશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત રાજ્યભરમાં વધુ ૧૫૫ ભોજન કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવશે. ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા આગામી તા.૧૦ નવેમ્બરના રોજ પંડિત દીનદયાલ ઉપાધ્યાય હોલ, અમદાવાદ ખાતે આયોજિત રાજ્યકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે શ્રમિક અન્નપૂર્ણા યોજનાના વધુ ૧૫૫ ભોજન કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવનાર છે. ઉદ્યોગ, શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત પણ રાજ્યકક્ષાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રી શ્રી અમદાવાદના વૈષ્ણોદેવી સર્કલ કડિયાનાકા ખાતે શરૂ થનારા ભોજકેન્દ્રની પણ મુલાકાત લેશે. નવા શરૂ થનારાં કુલ ૧૫૫ ભોજન કેન્દ્રો પૈકી અમદાવાદમાં ૪૯ જેટલાં ભોજન કેન્દ્રોનો સમાવેશ થાય છે.

શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ ફક્ત રૂ. પાંચમાં બાંધકામ શ્રમિક તથા તેમના પરિવારજનોને પૌષ્ટિક ભોજન પૂરું પાડવામાં આવે છે.

ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ અમદાવાદમાં ૪૯, સુરતમાં ૨૨, ગાંધીનગરમાં ૮, વડોદરામાં ૯, ભાવનગરમાં ૨, જામનગરમાં ૧૦, ભરૂચમાં ૩, મહેસાણા, રાજકોટમાં ૫-૫, ખેડા, આણંદ, વલસાડ સાબરકાંઠામાં ૪-૪, પાટણ, બનાસકાંઠામાં ૭-૭, નવસારી, મોરબીમાં ૬-૬ કડીયાનાકાઓ પર ભોજન કેન્દ્રોનું લોકાર્પણ થનાર છે. આ સ્થાયી કેન્દ્રો ઉપરાંત જે બાંધકામ સાઈટ પર ૫૦થી વધુ શ્રમિકો આ યોજનાનો લાભ મેળવવા માગતા હોય તેમને ડોરસ્ટેપ ડિલિવરીની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે. ઉક્ત ૧૭ જિલ્લામાં ૧૫૫ કડિયાનાકા મારફત દરરોજ ૭૫ હજાર કરતાં વધુ શ્રમિકોને યોજનાનો લાભ મળવાનો અંદાજ છે.



રાજ્ય સરકારના મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા વિવિધ આર્થિક સહાય યોજનાઓ પણ ચલાવવામાં આવે છે. લાભાર્થીઓને ઝડપી અને પારદર્શક સહાય મળી રહે તે માટે ઈ-નિર્માણ કાર્ડ શરૂ કરવામાં આવ્યા છે. જે હેઠળ હાલ ૬.૯૪ લાખ બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે. જેઓ માટે આરોગ્ય, રહેઠાણ, શિક્ષણ, પરિવહન તથા સામાજિક સુરક્ષાને લગતી કુલ-૧૭ યોજનાઓ કાર્યરત છે. જે પૈકીની યોજનામાં વર્ષ ૨૦૨૨-૨૩થી અત્યાર સુધીમાં બાંધકામ શ્રમિકોને સ્થળ ઉપર જ આરોગ્ય સવલત મળી રહે તે માટે ધન્વંતરિ આરોગ્ય રથ શરૂ કરવામાં આવ્યા છે. જેનો અત્યાર સુધીમાં ૩૮.૫૨ લાખ લાભાર્થીઓએ લાભ લીધો છે.

આ ઉપરાંત ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા વિવિધ વ્યક્તિલક્ષી યોજનાઓ પણ કાર્યરત છે. જેમાં સંપૂર્ણ તબીબી તપાસ યોજના હેઠળ ૧૨,૦૦૨ લાભાર્થીઓની તપાસ કરવામાં આવેલ છે. જેના માટે રૂ.૧૫૫.૨૮ લાખનો ખર્ચ થયેલ છે. બાંધકામ શ્રમિકોના બાળકોના અભ્યાસ માટે કાર્યરત શિક્ષણ સહાય યોજના અંતર્ગત ૭૦,૨૦૫ લાભાર્થીઓ રૂ. ૬૧૫૩.૪૬ લાખની સહાય આપવામાં આવી છે. તેમજ પ્રસૂતિ સહાય યોજના હેઠળ ૯૩૩.૪૮ લાખના ખર્ચે ૫૮૬૪ લાભાર્થીઓને સહાય મળી છે. મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના અંતર્ગત રૂ.૨૬૧.૬૫ લાખની સહાય ૧૫૨૫ લાભાર્થીઓને આપવામાં આવી છે.

બાંધકામ શ્રમિકોના ઘરના ઘરનું સપનું સાકાર થાય તે માટે નાનાજી દેશમુખ આવાસ યોજના હેઠળ ૧૩૬ લાભાર્થીઓને રૂ.૨૧૭.૬૦ લાખની સહાય આપવામાં આવી છે. આ ઉપરાંત શ્રમિક પરિવહન યોજના અંતર્ગત ૩૪૪૩ લાભાર્થીઓને રૂ.૧૭૫.૧૮ લાખની સહાય ચૂકવાઈ છે. સ્થળાંતરિત થતા બાંધકામ શ્રમિકોના બાળકો માટે હોસ્ટેલ સહાય આપવામાં આવે છે, આ યોજના હેઠળ ૧૨૫૩ લાભાર્થીઓને રૂ.૮૯.૨૦ લાખની સહાય ચૂકવાઈ છે.

અકસ્માત મૃત્યુ સહાય યોજન હેઠળ ૧૬૪ શ્રમિકોના વારસદારોને રૂ.૪૯૨ લાખની સહાય ચૂકવાઇ છે. ગો ગ્રીન શ્રમિક યોજના હેઠળ ૨૩૨ લાભાર્થીઓને રૂ.૫૩.૪૯ લાખની સહાય ચૂકવાઇ છે. પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના હેઠળ ૧૯૯૨ શ્રમિકોને ૮.૦૬ લાખના ખર્ચે વીમાકવચ પૂરું પાડવામાં આવેલ છે. આ તમામ ૧૭ યોજનાઓ અન્વયે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩થી અત્યારસુધીમાં કુલ ૯૭,૦૯૧ લાભાર્થીઓને ૧૭,૨૪૪.૮૧ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા ઈ-નિર્માણ પોર્ટલમાં નોંધાયેલ શ્રમિકોને શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ અપાય છે. શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ લેવા માટે બાંધકામ શ્રમિકે પોતાનું ઈ-નિર્માણ કાર્ડ લઈ, શ્રમિક અન્નપૂર્ણા યોજનાના ભોજન વિતરણ કેન્દ્ર પર જવાનું થાય છે. કાર્ડમાં દર્શાવેલ ઈ-નિર્માણ નંબર અથવા ક્યુ.આર. કોડ સ્કેન કરાવી ભોજન વિતરણ કેન્દ્ર પરથી શ્રમિકને એક વ્યક્તિ દીઠ રૂ. ૫/- માં ટોકન આપવામાં આવે છે. ત્યાં શ્રમિકને એક સમયનું ભોજન વધુમાં વધુ ૬ વ્યક્તિ સુધી આપવામાં આવે છે. બાંધકામ શ્રમિકને એક ઈ-નિર્માણ કાર્ડ મારફત પોતાના પુરા પરિવાર માટે એક સમયનું ભોજન મળવા પાત્ર છે. જે લાભાર્થીઓ પાસે ઈ-નિર્માણ કાર્ડ ન હોઈ તેઓના માટે બુથ પર જ બાંધકામ શ્રમીકની હંગામી નોંધણી થાય છે અને ૧૫ દિવસ સુધી ભોજન મેળવી શકે છે. ઈ-નિર્માણ કાર્ડ ઈશ્યૂ થયેથી તે કાર્ડના આધારે શ્રમિક ભોજન મેળવી શકે છે. હાલ રાજ્યના ૧૦ જિલ્લામાં કુલ ૧૧૮ કડિયાનાકા પરના ભોજન વિતરણ કેન્દ્રો શરૂ છે. છેલ્લા એક વર્ષમાં કુલ ૫૫ લાખ કરતાં વધારે ભોજન વિતરણ થયું છે. સરેરાશ દરરોજ ૨૭ હજાર કરતાં વધારે ભોજન વિતરણ થાય છે. જે માટે વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કુલ રૂ. ૨૫૦૨.૩૬ લાખ કરતાં વધારેનો ખર્ચ થયો છે.

શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત માત્ર રૂ. પાંચમાં શ્રમિક તથા તેના પરિવારને પોષ્ટિક ભોજન આપવામાં આવે છે. જેમાં રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણું, મરચા અને ગોળનો સમાવેશ થાય છે. વધુમાં સપ્તાહમાં એક વાર સુખડી જેવા મિષ્ટાન્નનો પણ સમાવેશ કરવામાં આવે છે.

### ગાંધીનગરમાં મળલી બેઠકમાં લેવાયો નિર્ણય । આ નિર્ણયથી ૭ હજારથી વધુ કર્મચારીઓને લાભ થશે

# એસટીના ફિક્સ પગારના કર્મચારીઓને 30% પગાર વધારો મળશે

। ગાંધીનગર, તા.૭ ।

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલએ કર્મચારીઓ પ્રત્યે હરહંમેશથી હકારાત્મક અભિગમ દાખવ્યો હોવાનું જણાવી વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ કહ્યુ કે, તાજેતરમાં જ રાજ્યના ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં ૩૦ ટકા જેટલો વધારો કરવાનો નિર્ણય કર્યો હતો. ત્યારે આજે ગુજરાત એસ.ટી નિગમના ફિક્સ પગારના કર્મચારીઓને પણ હવે આ લાભ આપવા સંદર્ભે મહત્વપુર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી ૭ હજારથી વધુ કર્મચારીઓને લાભ થશે. આ મહત્વપૂર્ણ જાહેરાત કરતા વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતુ કે, વાર-તહેવાર ભૂલીને રાજ્યના ૨૫ લાખથી વધુ પરિવારોને યાતાયાતની સુવિધા પુરી પાડવાનું ઉત્તમ કાર્ય કરી રહેલા ગુજરાત એસટી વિભાગના સૌ કર્મચારીઓ અભિનંદનને પાત્ર છે.

તાજેતરમાં જ એસ.ટી યુનિયન સાથે બેઠક કરીને વિવિધ પ્રશ્નો અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરી મોટા ભાગના પ્રશ્નોના નિરાકરણ લાવવામાં આવ્યા હતા. એસ.ટી.વિભાગનાં વિવિધ યુનિયન અને વાહન વ્યવહાર મંત્રી વચ્ચે બેઠક યોજાઈ. આજે એસ.ટી વિભાગના વિવિધ યુનિયન અને વાહન વ્યવહાર મંત્રી વચ્ચે બેઠક યોજાઇ હતી. જેમાં સૌ યુનિયનના હોદ્દેદારો તેમજ નિગમમાં ફરજ બજાવતા ફિક્સ પગારના કર્મચારીઓ ઉપરાંત એસ.ટી નિગમના અધિકારીઓ જોડાયા હતા. આ નિર્ણયને આવકારીને એસ.ટી નિગમના વિવિધ યુનિયનના હોદ્દેદારો તેમજ કર્મચારીઓ દ્વારા વાહન વ્યવહાર મંત્રીનું અભિવાદન કરી સન્માન કરવામાં આવ્યુ હતું.

### દિવાળીના તહેવાર પર રાજકોટ એસટી વિભાગે ૧૫૦ બસનો વધારો કર્યો

દિવાળીના તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી છે. દિવાળીના પગલે શાળા, કોલેજોમાં વેકેશનનો માહોલ છે. જેના પગલે એસટી વિભાગ દ્વારા ખાસ બસોને તૈનાત કરવામાં આવી છે. રાજકોટ એસટી બસ સ્ટેન્ડમાં દ્વારા દિવાળીના તહેવારને લઈને ૧૫૦ જેટલી વધારાની બસો દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.દિવાળીના સમયમાં મુસાફરો ખાનગી વાહનોમાં વધુ નાણા ન ચુકવવા પડે તે માટે એસટી વિભાગ દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ બસ સ્ટેન્ડ દ્વારા વધારાની બસો જે ફાળવવામાં આવી છે. તેમાં અમદાવાદ,સુરત,વડોદરા, દાહોદ ગોધરા, અમરેલી, ભુજ, સોમનાથ, ભાવનગરના રૂટનો સમાવેશ કરવામાં આવ્યો છે.તહેવારો અને વેકેશનના માહોલને કારણે લોકો બહારગામ જતા હોય છે જેના કારણે રાજકોટ એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી રહી છે. રાજકોટ શહેરમાંથી ૧૫૦ જેટલી બસો દોડાવવામાં આવી છે.

## ન્યૂઝ બ્રિફ

### ગરબાડામા જંગલ વિસ્તારમાં નવજાત બાળકને તરછોડ્યું

। દાહોદ, તા.૭ ।

દાહોદના ગરબાડા વિસ્તારમાં માતાની મમતાને લજવતો કિસ્સો સામે આવ્યો છે. ગરબાડામાં નિષ્ઠુર માતાએ પોતાના વ્હાલસોયાને તરછોડ્યો હોવાની ઘટના સામે આવી છે. ગરબાડા જંગલ વિસ્તારમાં પોતાના નવજાત બાળકને તરછોડી કળયુગી માતા ફરાર થઇ ગઇ છે.સ્થાનિકોએ બાળકના રડવાનો અવાજ સાંભળતા પોલીસ અને ૧૦૮ની ટીમને ફોન કર્યો હતો. જેથી પોલીસ અને ૧૦૮ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યાં હતા અને બાળકનો કબજો લઇ હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયા છે. હાલ બાળકની તબિયત સ્વસ્થ છે. પોલીસે નવજાત બાળકને તરછોડનાર માતાની શોધખોળ શરૂ કરી છે.

### મહેસાણા જિલ્લાના કડીમાંથી MD ડ્રગ્સ ઝડપાયુ

। મહેસાણા, તા.૭ ।

મહેસાણાના કડીમાંથી દરોડો પાડીને નશાનો કારોબાર ઝડપી લેવામાં આવ્યો છે. કડી પોલીસે આરોપી ઈમરાનશા ફકીર પાસેથી ૭૧ ગ્રામ જેટલુ એમડી ડ્રગ્સ ઝડપી લીધુ છે. આરોપી ઈમરાન પડીકીના સ્વરુપ ડ્રગ્સને લોકલમાં વેચતો હતો. કડી પોલીસે આરોપીને ઝડપી લઈને હવે ડ્રગ્સ ક્યાંથી અને કેવી રીતે મંગાવ્યુ એ દિશામાં તપાસ શરુ કરી છે. પોલીસે આરોપીને ઝડપી લઈને પૂછપરછ હાથ ધરી છે.મહેસાણા જિલ્લાના કડીમાંથી ડ્રગ્સ ઝડપાયુ છે. કડીમાં ચાલતા નશાના કારોબારને લઈ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.બાતમીને આધારે કડીમાં આવેલા કસ્બાના છીપવાડા વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જે દરમિયાન એક શખ્શ પાસેથી ૭ લાખ રુપિયાની કિંમતનુ એમડી ડ્રગ્સ ઝડપાયુ છે.કડીના છીપવાડા વિસ્તારમાં દરોડો પાડીને ઈમરાનશા ફકીરની ડ્રગ્સના જથ્થા સાથે ધરપકડ કરી છે. પોલીસે ૭૧ ગ્રામ જેટલુ એમડી ડ્રગ્સ ઝડપી લીધુ છે.

### જામનગર નજીક રંગમતી નદીમાં મોટી સંખ્યામાં માછલીઓના મોત

। જામનગર, તા.૭ ।

જામનગર નજીક આવેલી રંગમતી નદીમાં હજારોની સંખ્યામાં મૃત માછલીઓ મળી આવતા તંત્ર દોડતું થી ગયું હતું. આ ઘટના સામે આવતા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. ગુજરાત પ્રદૂષણ બોર્ડ દ્વારા રંગમતી નદીમાંથી પાણીના નમૂના પણ લેવામાં આવ્યા હતા. નામનગર નજીક દરેડ ગામ પાસે રંગમતી નદી આવેલી છે. આજે આ નદીમાં અસંખ્ય મૃત માછલીઓ મળી આવી હતી. આ ઘટનાની જાણ થતાં ગુજરાત પ્રદૂષણ કંટ્રોલ બોર્ડના રિઝનલ ઓફિસર સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો. ગુજરાત પ્રદૂષણ બોર્ડ દ્વારા રંગમતી નદીમાંથી પાણીના નમૂના લેવામાં આવ્યા હતા. આ પાણીના નમૂનાનું નિરીક્ષણ કર્યા બાદ માછલીઓના મોતની સાચી હકીકત સામે આવશે. જામનગરમાં લખોટા તળાવ અને અન્ય નદી-તળાવોમાં સંખ્યાબંધ માછલીઓના મોતની ગટના ભૂતકાળમાં પણ સામે આવી ચુકી છે.

### આ ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનોનો લાભ લગભગ ૨૨૫૦૦ મુસાફરોને મળશે

## પશ્ચિમ રેલવે સાબરમતી-દાનાપુર અને અમદાવાદ-સમસ્તીપુર વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો દોડાવશે

। અમદાવાદ, તા.૭ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા અને તહેવારોની સિઝનને ધ્યાનમાં લઈને સફરની માગણી પૂર્ણ કરવાના હેતુસર સાબરમતી-દાનાપુર અને અમદાવાદ-સમસ્તીપુર વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક ફેસ્ટિવલ સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે :

**ટ્રેન નંબર ૦૯૪૦૩/૦૯૪૦૪ સાબરમતી-દાનાપુર-સાબરમતી સ્પેશિયલ (કુલ ૬ ટ્રિપ)**

ટ્રેન નંબર ૦૯૪૦૩ સાબરમતી-દાનાપુર સ્પેશિયલ ટ્રેન ૧૨, ૧૯ અને ૨૬ નવેમ્બર, ૨૦૨૩ (રવિવાર)ના રોજ સવારે ૦૮.૧૫ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સોમવારે ૧૪.૧૫ વાગ્યે દાનાપુર પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૦૪ દાનાપુર-સાબરમતી સ્પેશિયલ ૧૩, ૨૦ અને ૨૭ નવેમ્બર, ૨૦૨૩ (સોમવાર)ના રોજ સમસ્તી પુરથી સાંજે ૧૮.૦૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે મંગળવારે ૨૩.૩૦ વાગ્યે સાબરમતી પહોંચશે.

રસ્તામાં આ ટ્રેન બંને દિશાઓમાં મહેસાણા, પાલનપુર, આબુ રોડ, અજમેર, જયપુર, બાંદીકુઇ, ભરતપુર. અછનેરા, આગ્રા ફોર્ટ, ટુંડલા, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, પંડિત દીનદયાલ ઉપાધ્યાય, બક્સર તેમ જ આરા સ્ટેશને રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને જનરલ કેટેગરીના કોચ હશે.

**ટ્રેન નંબર ૦૯૪૧૩/૦૯૪૧૪ અમદાવાદ-સમસ્તીપુર-અમદાવાદ સ્પેશિયલ (કુલ ૮ ટ્રિપ)**

ટ્રેન નંબર ૦૯૪૧૩ અમદાવાદ-સમસ્તીપુર સ્પેશિયલ ૦૯, ૧૬, ૨૩ અને ૩૦ નવેમ્બર. ૨૦૨૩ (ગુરુવાર)ના રોજ અમદાવાદથી બપોરના ૧૫.૩૦ વાગ્યે પ્રસ્થાન કરી શનિવારે સવારે ૦૪.૦૦ વાગ્યે સમસ્તીપુર પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૪૧૪ સમસ્તી પુર-અમદાવાદ સ્પેશિયલ ૧૧, ૧૮, ૨૫ નવેમ્બર અને ૦૨ ડિસેમ્બર ૨૦૨૩ (શનિવાર)ના રોજ સમસ્તીપુરથી સવારે ૦૮.૧૫ વાગ્યે પ્રસ્થાન કરી બીજા દિવસે રવિવારે ૨૨.૪૫ વાગ્યે અમદાવાદ પહોંચશે. રસ્તામાં બંને દિશાઓમાં આ ટ્રેન વડોદરા, સુરત, નંદૂરબાર, ભુસાવળ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંક્શન, બક્સર, આરા, પટના અને બરૌની સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી ઈકોનોમિક, સ્લીપર અને જનરલ કેટેગરીના કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૧૩નું બુકિંગ ૦૮ નવેમ્બર ૨૦૨૩થી અને ટ્રેન નંબર ૦૯૪૦૩નું બુકિંગ ૦૯ નવેમ્બર ૨૦૨૩થી પેસેન્જર આરક્ષણ કેન્દ્રો અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના પરિચાલનનો સમય, રોકાણ અને સંરચના સંબંધિત વિગતવાર જાણકારી માટે અહીં આપેલ વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર ક્લિક કરો.

### ગાંધીનગર કોર્પોરેશને મંજૂરી આપી દીધી

## અમદાવાદ-ગાંધીનગર વચ્ચે સૌથી મોટી બિલ્ડીંગ નિર્માણ થશે

**વિશાળ કદની બિલ્ડીંગમાં કુલ ૯૨૮ જેટલા યુનિટ તૈયાર કરવામાં આવશે. વિશાળ બિલ્ડીંગ અને યુનિટને ધ્યાને રાખીને ચાર બેઝમેન્ટ પાર્કિંગ તૈયાર કરવામાં આવનાર છે**

। ગાંધીનગર, તા.૭ ।

હાલમાં ગાંધીનગર નજીક આવેલ ગિફ્ટ સિટીએ આકર્ષણના કેન્દ્ર સમાન છે. નિર્માણ કાર્યોમાં એક ઓળખ સમાન તરીકે ગિફ્ટ સિટીને જોવામાં આવે છે. અહીં આવેલ ટાવરમાં સૌથી ઉંચા ટાવરમાં ૨૮ માળ આવેલ છે. ભારતના સૌ પ્રથમ સ્માર્ટ સિટીનુ નિર્માણ ૮૮૬ એકર વિસ્તારમાં થયુ છે. અહીં ઉંચા અને સુંદર બિલ્ડીંગની સાથે સુવિધાઓ પણ આધુનિક રાખવામાં આવી છે. હવે વધુ એક આધુનિક સુવિધાઓ સાથે અમદાવાદને અડકીને આવેલ વિસ્તારમાં ઉંચુ બિલ્ડીંગ જોવા મળશે. મીડિયા રિપોર્ટસ મુજબ ૩૨ માળની બિલ્ડીંગ નિર્માણ કરવાની પરવાનગી ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આપવામાં આવી છે. આ બિલ્ડીંગ વૈષ્ણોદેવી સર્કલ પાસે નિર્માણ થનારી છે. રિપોર્ટસ મુજબ ગાંધીનગર કોર્પોરેશનના ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા મંજૂરીની મહોર લગાવી દેવાઈ છે. જે મુજબ ખોરજ ટાઉન પ્લાનીંગ સ્કિમ નંબર ૬૩ માં ઉંચી બિલ્ડીંગ નિર્માણ થશે. આ બિલ્ડીંગ ફાઈનલ પ્લોટ નંબર ૧૦૭માં નિર્માણ કરાશે. ગિફ્ટ સિટીથી પણ ઉંચી નિર્માણ થનારી આ બિલ્ડીંગ એકદમ આકર્ષક નિર્માણ કરવામાં આવશે. વિસ્તારની શોભા વધારતુ નિર્માણ થશે. બિલ્ડીંગ ૧૨૫.૮૫ મીટર ઉંચી હશે. કોમર્શિયલ બિલ્ડીંગમાં ૩૨ માળ નિર્માણ થશે. વિશાળ કદની બિલ્ડીંગમાં કુલ ૯૨૮ જેટલા યુનિટ તૈયાર કરવામાં આવશે. વિશાળ બિલ્ડીંગ અને યુનિટને ધ્યાને રાખીને ચાર બેઝમેન્ટ પાર્કિંગ તૈયાર કરવામાં આવનાર છે.

### ભારતીય રેલ્વે વંદે ભારત ટ્રેનોમાં ટીમનું સ્વાગત કરે છે

## ભારતમાં રમતગમતને પ્રોત્સાહન આપવા માટે લિજેન્ડ્સ લીગ ક્રિકેટ રાષ્ટ્રીય અભિયાનની જાહેરાત કરે છે

**ક્રિકેટ અને અન્ય રમતોના ઘણા દિગ્ગજો વંદે ભારત એક્સપ્રેસ દ્વારા મુસાફરી કરે છે**

। અમદાવાદ, તા.૭ ।

લિજેન્ડ્સ લીગ ક્રિકેટે ભારતીય રેલ્વે સાથે મળીને રાષ્ટ્રીય અભિયાનની જાહેરાત કરી છે કારણ કે લીગની પ્રખ્યાત ટ્રોફી ૮ નવેમ્બરથી વંદે ભારત એક્સપ્રેસમાં પ્રવાસ કરશે. આ ટ્રોફી સમગ્ર દેશમાં ૧૭ વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જશે. આ પ્રકારનો પ્રથમ અનુભવ એ ૧૫ દિવસની અસાધારણ ઘટના છે જે દેશના દરેક ભાગમાંથી ક્રિકેટ પ્રેમીઓની કલ્પનાને આકર્ષિત કરે છે. રમતના દિગ્ગજો સાથે ક્રિકેટ પ્રેમીઓ દેશના સૌથી ઝડપી ટ્રેન નેટવર્ક - વંદે ભારત એક્સપ્રેસ દ્વારા લિજેન્ડ્સ લીગ ક્રિકેટનો ભાગ બનશે.

રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, "અમે વંદે ભારતમાં લિજેન્ડ્સ લીગ ક્રિકેટ અને દિગ્ગજ ખેલાડીઓનું સ્વાગત કરીએ છીએ અને સમગ્ર દેશમાં રમતને પ્રોત્સાહન આપવાની આ અતુલ્ય યાત્રાની રાહ જોઈ રહ્યા છીએ."

૮ નવેમ્બરના રોજ નવી દિલ્હીથી ઉના સુધી શરૂ થનાર આ અભિયાન ૧૬ રૂટની આ યાત્રામાં પ્રથમ હશે.

ભારતીય રેલ્વે હંમેશા રમતગમતનો પ્રચારક રહ્યો છે અને આ પ્રવાસને પ્રોત્સાહન આપવા માટે લિજેન્ડ્સ લીગ ક્રિકેટને મદદ કરવાની ખાતરી આપી છે.

ઘણા કેન્દ્રીય મંત્રીઓ અને ભારતીય રેલ્વેની ટીમ આ મુલાકાતનો ભાગ હશે. આ પ્રતિષ્ઠિત ઈવેન્ટમાં દેશભરની ખ્યાતનામ ખેલ હસ્તીઓ પણ ભાગ લેશે, જે આ પ્રવાસને વધુ અનોખી બનાવશે.

"અમે ભારતીય રેલ્વે સાથેના આ અનોખા સહયોગને ફ્લેગ ઓફ કરી રહ્યા છીએ ત્યારે લિજેન્ડ્સ લીગ ક્રિકેટ ચાહકોને શ્રેષ્ઠ અનુભવ આપવા માટે પ્રતિબદ્ધ છે. દેશના દરેક ખૂણામાં રમતગમતની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે આ એક અનોખી પહેલ છે. ક્રિસ ગેલ, શ્રીસંત અને વોટસન જેવા ટોચના દિગ્ગજો વંદે ભારત એક્સપ્રેસમાં લિજેન્ડ્સ લીગ ક્રિકેટ ટ્રોફી સાથે રાષ્ટ્રવ્યાપી પ્રવાસ શરૂ કરશે," શ્રી રમણ રહેજા, સીઈઓ, લિજેન્ડ્સ લીગ ક્રિકેટએ જણાવ્યું હતું.

આ અનોખા અભિયાનમાં સૌથી મોટી સિદ્ધિ ગૌતમ ગંભીર, સુરેશ રૈના, ઈરફાન પઠાણ, ક્રિસ ગેલ, કેવિન પીટરસન, એસ શ્રીસંત, પાર્થિવ પટેલ, શેન વોટસન, પ્રવીણ કુમાર, ઝુલન ગોસ્વામી જેવા ક્રિકેટ દિગ્ગજોનો સમાવેશ છે. એક કરતાં વધુ પેઢીઓ માટે પ્રેરણારૂપ બનેલા આ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ ઉત્તર, દક્ષિણ, મધ્ય, પૂર્વ અને પશ્ચિમ એમ ૫ રેલવે ઝોનમાં ફેલાયેલી વંદે ભારત એક્સપ્રેસમાં મુસાફરી કરશે. આ સફર વિશે બોલતા શેન વોટસને કહ્યું, "આવી અનોખી રીતે ખેલદિલીની ભાવનાને પ્રોત્સાહન આપવાનો વિચાર અદ્ભુત છે. હું આવી પહેલનો ભાગ બનવા માટે ખૂબ જ ઉત્સાહિત છું, અને મારી વાર્તાઓ મારા ચાહકો સાથે શેર કરવા માટે રાહ જોઈ શકતો નથી."

### ડમી સીમકાર્ડનો મામલો સામે આવ્યો

## બનાસકાંઠામાં દારુની હેરાફેરી કરવા માટે ડમી સીમકાર્ડનો ઉપયોગ કરાયો

। બનાસકાંઠા, તા.૭ ।

ડમી સીમકાર્ડનો મામલો બનાસકાંઠા જિલ્લામાં સામે આવ્યો છે. ડમી સીમકાર્ડ નિકાળીને તેને એક્ટિવ કરીને દારુની હેરાફેરીમાં વાપરવામાં આવતા હોવાનો ખુલાસો પોલીસ સમક્ષ થયો છે. બનાસકાંઠા પોલીસે ચોંકાવનારી વિગતો સામે આવ્યા બાદ ચાર લોકોની ધરપકડ કરી છે. જેમાં એરટેલ કંપનીના પ્રમોટરની પણ અટકાયત કરવામાં આવી છે. એલસીબીએ આ અંગે વધુ તપાસ શરુ કરી છે.

થોડાક સમય અગાઉ દારુની હેરાફેરી ઝડપાઈ હતી. જેને લઈ પોલીસે તપાસ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી છે. દારુની હેરાફેરી માટે ઉપયોગમાં લેવામાં આવતા મોબાઈલ સીમ કાર્ડ ડમી હોવાનુ સામે આવ્યુ છે. ચોંકાવનારી વિગતોનો પર્દાફાશ થવા સાથે જ એલસીબીએ ચાર આરોપીઓને ઝડપી લીધા છે. એલસીબીએ એરટેલ કંપનીના પ્રમોટરની પણ અટકાયત કરીને તપાસ શરુ કરી છે. પાલનપુરના મડાણા ગામનો સાહીલ સુલતાનભાઈ મીરે ખોડલા ગામના મનુભાઈ નાયીના નામનુ સીમકાર્ડ ડમી નિકાળ્યુ હતુ. જે મનુભાઈની જાણ બહાર સીમ નિકાળવામાં આવ્યુ હતુ.

### યુવતી સાથે મિત્રતા કરવી ભારે પડી

## દ્વારકા ખાતે યુવતીના પિતાએ ૨૨ વર્ષીય યુવક પર જીવલેણ હુમલો કર્યો

। દેવભૂમિ દ્વારકા, તા.૭ ।



દ્વારકાથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. અહીં યુવકને યુવતી સાથે મિત્રતા કરવી ભારે પડી છે. યુવતી સાથે મિત્રતાને લઈને યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં સારવાર દરમિયાન યુવકનું મોત થયું છે. દ્વારકામાં તરૂણી સાથે મિત્રતાને લઈને યુવતિના પિતાએ ૨૨ વર્ષીય યુવક પર જીવલેણ હુમલો કર્યો હતો. યુવકના મોત બાદ પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર દ્વારકામાં એક ૨૨ વર્ષીય યુવકે યુવતી સાથે મિત્રતા કરી હતી. આ વાતની જાણ યુવતીના પિતાને થઈ હતી. યુવતીના પિતાએ હાર્દિક બારીયા નામના ૨૨ વર્ષીય યુવક પર જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારબાદ આ યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાં સારૂ ન થતાં જામનગર લઈ જવામાં આવ્યો હતો. જામનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન યુવકની તબીયતમાં સુધારો ન થતાં તેને રાજકોટ ખસેડવામાં આવ્યો હતો. રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત યુવકનું મોત થયું હતું. યુવકના મોત બાદ હુમલાની ઘટના હત્યામાં પલ્ટી છે. યુવકના મોત બાદ તેના માતા દ્વારા દ્વારકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

યુવક પર હુમલો કરનાર યુવતીના પિતાનું નામ જેસલ ગઢવી હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપી જેસલ ગઢવી વિરુદ્ધ સામે આઈપીસીની કલમ ૩૨૩, ૩૨૫, ૩૫૨, ૩૦૭, ૩૦૮ તથા એટ્રોસિટી એક્ટની કલમો નોંધી તપાસ હાથ ધરી છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અડધા જેટલા ઘર ભાડે આપી દેવાયાની ફરિયાદ

### મુખ્યમંત્રી, ગૃહમંત્રી સહિત દરેક જગ્યાએ રજૂઆત કરી, ૧૬૮ લાભાર્થીઓમાંથી ૭૦ આવાસ ભાડે અપાયાની ફરિયાદ

। સુરત, તા.૭ ।



સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં બનાવવામાં આવેલા વિવિધ યોજના હેઠળના આવાસ ભાડે આપવાનો ધંધો પુરજોશમાં ચાલી રહ્યો છે. સુરતમાં સરકારી આવાસ ભાડે આપવાનું દુષણ સતત વધી રહ્યું છે જેના કારણે આવાસના સાચા લાભાર્થીઓની હાલત કફોડી થઈ રહી છે. સરકારે સાત વર્ષ સુધી ભાડે ન આપવામાં આવે તેવા નિયમો છતાં પણ તેનો ભંગ થઈ રહ્યો હોય સાચા લાભાર્થીઓ ત્રાહિમામ થઈ રહ્યા છે. હાલમાં સુરતના ભીમરાડ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અડધા જેટલા ઘર ભાડે આપી દેવાયાની ફરિયાદ કરવામાં આવી છે. ભારત સરકારે વર્ષ ૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસ યોજના શરુ કરી છે તેની સાથે સાથે ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના પણ શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ સુરતના તમામ વિસ્તારમાં ગરીબ-મધ્યમ વર્ગના લોકો માટે આવાસ બનાવવામાં આવ્યા છે. પાલિકા અને સરકારે લોકોને ઘરનું ઘર મળે તે માટે આવાસ બનાવ્યા છે પરંતુ કેટલાક લાભાર્થીઓ આવાસ લઈને પોતે રહેવાના બદલે ભાડે આપી કૌભાંડ કરી રહ્યાં છે. જોકે, આવા કૌભાંડ અટકાવવા તથા સારા લાભાર્થીઓને આવાસ મળ્યા બાદ સાત વર્ષ સુધી ભાડે ન આપવું કે વેચાણ ન થાય તેવી શરત રાખવામાં આવી છે. પરંતુ મોટાભાગની જગ્યાએ આ શરતોનો ભંગ થઈ રહ્યો છે. હાલમાં લોકોને ઘરનુ ઘર મળે તે માટે પાલિકા અને સરકાર દ્વારા વિવિધ યોજના હેઠળ આવાસ બનાવવામાં આવી રહ્યાં છે. સુરતના ભીમરાડ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અડધા જેટલા ઘર ભાડે આપી દેવાયાની ફરિયાદ થઈ છે. આ આવાસના પાલિકાએ પાલિકા, મુખ્યમંત્રી, ગૃહમંત્રી સહિત દરેક જગ્યાએ રજૂઆત કરી છે. લાભાર્થીઓએ ફરિયાદ કરી છે કે, ૧૬૮ લાભાર્થીઓમાંથી ૭૦ આવાસ ભાડે આપી દેવાયા છે જેના કારણે સાચા લાભાર્થીઓને મુશ્કેલી પડી રહી છે. આવાસમાં રહેનારા લોકોએ ફરિયાદ કરી છે કે, રહીશો દ્વારા ભાડુઆત અંગે ફરિયાદ કરવામા આવે છે ત્યારે ગેરકાયદે રહેતા ભાડુઆતો ધમકી આપે છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર


ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨